શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૩ • તા.૪ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મિત્ર એટલે આપણા અસ્તિત્વનો અરીસો

દર ઓગષ્ટ માસનો પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે મનાવાય છે. નાના મોટા સ્કૂલ, કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં આ ડેનો ગાંડો ક્રેઝ છે. વિવિધ રંગોની પટ્ટી, રિબિન કે બેન્ડ બાંધી કે માર્કર ને સ્કેચપેનથી હાથ પર વિવિધ લખાણ લખી પોતાની અભિવ્યક્તિ દોસ્ત વ્યક્ત કરે છે. બોલીવુડ સેલિબ્રેટી હોય કે રાજકીય નેતાઓ. પોતાના મનની વાત હોઠ પર લાવી મિત્ર પ્રત્યેની લાગણી છતી કરે છે. આમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ ફ્રેન્ડશીપ ડે દિવસ પોતાના ખાસ મ ખાસ યાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વીટ કરી મૈત્રી સંદેશ આપ્યો. જેના જવાબમાં વડાપ્રધાનએ હિબ્રુભાષામાં આભાર વ્યક્ત કરતો મેસેજ મોકલ્યો.

પશ્ચિમ સંસ્કૃતિ દરેક સંબંધને વર્ષનો એક દિવસ આપી તેનું સ્મરણ કરવાનો મોકો આપે છે. જ્યારે આપણા સંસ્કાર દરેક સંબંધને, નાતાને રોજે રોજે યાદ રાખી તેનો આદર માન જાળવવાનું કહે છે. પછી એ મા-બાપ હોય. ભાઈ-બહેન, ગુરૂ, મિત્ર હોય કે વડ, પીપળો, ચંદ્ર, સૂર્ય, જળ કે પછી ગાય, સર્પ, નાગ જેને આપણે ક્ષેત્રપાળ તરીકે પૂજીએ છીએ એ હોય. આપણી સાથે આપણા અસ્તિત્વમાં આત્મીય ધરાવતા આ એકે એક સંબંધો, પાત્રો કે જીવો પ્રત્યે આપણે માન આદર રાખીએ એમને પવિત્ર ગણીએ. પૂજનીય ગણીએ એવું શિક્ષણને સમજણ અપાય છે.

મિત્ર પણ એવો જે આત્મીય સંબંધ છે. જે આપણા મનની વાતનો પડઘો પાડતો રહે છે. સારો મિત્ર, સાચો મિત્ર આપણા શરીર આત્માને ઉપયોગી પોષણ આપવા સમાન કાર્ય કરે છે. ભગવાન કૃષ્ણ અને બાલ સખા સુદામાની મૈત્રીની વાત આપણો અને મિત્રનો સંબંધ કેવો હોય છે. એની વાત સમજાવે છે. એક ગુરૂ પાસે ભણેલા આ બાળમિત્રો વર્ષો પછી જ્યારે મળે છે. ત્યારે દ્વારિકાના રાજા અંકિચન બ્રાહ્મણ મિત્રની પરોણાગત કરે છે. એ જોઈ મહેલના ચાકરો પણ નવાઈ પામે છે. તને સાંભરે છે. મને કેમ વિસરે રે. આ કાવ્ય અગાઉ પાઠ્યક્રમમાં આવેલું છે.

મિત્ર માટે અમેરિકન વિચલક્ષણ લેખક માર્ક ટવાઈન એ કહ્યું છે કે ''સાચો મિત્ર એ છે જે તમે ખોટા હો તો પણ બધાની વચ્ચે તમારો પક્ષ લે. બાકી સાચા હો ત્યારે આખી દુનિયા તમારી પડખે આવી ઊભી રહેવાની છે.'' આ ઉકિતને સાચું પડતું આપણે મહાભારતમાં જોઈ શકીએ છીએ. દંભી, કપટી, દુર્યોધનને પિતરાઈભાઈઓ સામે લડવા તેનો મિત્ર કર્ણ અડીખમ સાથ આપે છે.

દોસ્ત મિત્ર સખા કે ભાઈબંધ કોઈપણ સંબોધનથી વ્યક્ત કરીએ મિત્ર આખરે તો મિત્ર રહેવાનો છે. મિત્ર આપણી તાકાત છે. જેની સાથે બંધન વગરનો ભાવ છે. સંબંધ વગરનો નાનો છે. એટલે એ ભાઈ બંધ છે. મિત્રતા માત્ર સરખી ઉમરથી વ્યક્તિ સાથે જ થાય એ જરૂરી નથી એમાં વય, લિંગ, નાત-જાત કે ધર્મ ભેદ આડો આવતો નથી. માત્ર ભાવ, લાગણી અને સરખા વિચારના તંતુ એક સાથે જોડાય એ મિત્ર સંબંધ છે.

દાક્ષણિક વિચારક ચાણક્યના મતે જે દિવસે તમારો મિત્ર શત્રુ બને છે ત્યારે તે તમારો સૌથી મોટો શત્રુ બને છે. કારણકે તે જ એવો વ્યક્તિ છે જે તમારી નાનામાં નાની વાત અને રહસ્યો ને જાણે છે. સુખમાં ખભેખભા મેળવીને ચાલે અને દુઃખ સમયમાં દિલાસો આપવા પોતાનો ખભો આપે એ સાચો મિત્ર.

- જય જ્ઞાતિમૈયા

# એકલતા અને એકાંત વચ્ચે ભેદ છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જ્યારે વ્યક્તિના જીવનમાં સમસ્યા પરેશાની કોઈને કોઈ પ્રકારની તકલીફ હોય અને સમસ્યાનું સમાધાન તે કરી શકતો નથી અને એ વિકટ અને વિકરાળ પ્રશ્ન સતત વિરાટ સ્વરૂપ ધારણ કરી લે છે ત્યારે વ્યક્તિ ખૂબજ નિરાશ થઈ જાય છે. હતાશાને લીધે ભીડમાં પણ એકલતા અનુભવે છે. નાટક કે સિનેમા જેવા મનોરંજનના માધ્યમ પણ તે દિલ સાથે માણી શકતો નથી. હસીખુશીની વાતમાં મોકળે મને હસી શકતો નથી અને તહેવારના ઉત્સવ હોય કે ઘર પરિવારના ઉત્સવ જેવા પ્રસંગો. એ સોગિયો ડાચો રાખીને પોતાની એકલતામાં જ રહ્યા કરે છે. આ તેનું ગુમસુમ પણું, ચહેરા પર ઉદાસીના ઘેરી વળેલા વાદળો તેને કોઈ મોટી ફિકર-ચિંતામાં હોવાનું દર્શાવી દે છે. આ પરિસ્થિતિ એકલતાની છે જ્યારે એકાંતમાં એવું નથી થતું એકાંતનો માહોલ વ્યક્તિના મનને આનંદ-મોજ અને ઉત્સાહ આપે છે.

એકાંત અને એકલતાને લોકો સમાન માને છે. પરંતુ એ બંન્ને વચ્ચે કોઈ સામ્યતા નથી. આ બંન્નેનો અર્થ અલગ અલગ થાય છે. એકાંતમાં વિચાર અને માનસિક વલણ સકારાત્મક રહે છે જ્યારે એકલતામાં માણસના વિચાર નકારાત્મક થઈ જાય છે. એકાંત આનંદ વર્ધક છે જ્યારે એકલતાને લીધે નિરાશા વધે છે. કોઈ વ્યક્તિ એકલો હોય તો તે એકાંતમાં બેઠો છે એવું કહેવું ખોટું છે. એ કંઈ પરિસ્થિતિને વીટાળી બેઠો છે એ મહત્વનું છે. એકાંત અને એકલતા આ બંન્ને શબ્દોના અર્થ અલગ અલગ છે.

એકલતા નિરાશા ભરી છે. જેમાં ઘેરાયેલો જણ નિરાશામાં ડૂબી જાય છે. નકારાત્મક વિચારોથી ઘેરાયેલો હોય છે. ત્યારે એનો કોઈ ઉપાય તેને સૂઝતો નથી. નકારાત્મક વિચારોને કારણે મને હતાશા અનુભવે છે. જીવવાનું મન બનતું નથી. બીજી તરફ એકાંતમાં આનાથી ઊલટો અનુભવ થાય છે. એકાંતમાં વ્યક્તિને આનંદ મળે છે, મન શાંતિ અનુભવે છે. પોતાની રૂચિ મુજબ પ્રમાણે શોખ પૂરા કરી સુખ આનંદનો અનુભવ કરી શકે છે.

એકલતા નિરાશાવર્ધક છે તેને એકાંતમાં પરિવર્તિત કરવી જોઈએ. ધ્યાન, ભક્તિ મંત્ર, જાપ પૂજા પાઠ કરી ઈશ્વરમાં લીન થઈ શકાય. સારા પુસ્તકોનું વાંચન-મનન કરી વિચારોને સકારાત્મક બનાવી શકાય છે. સારા મિત્રોનો સંગાથ કરી સ્વભાવમાં બદલાવ કરી શકાય છે. લોકોની સાથે સાર્થક સંબંધમાં કમીને કારણે એકલતા વધુ ઘેરી બને છે. એકલતાને ક્રમશ એકાંતમાં પરિવર્તિત કરવા તરફ ધ્યાન આપવું જોઈએ. જેથી નકારાત્મક ભાવનાનો ક્ષય થતો જાય. દુષ્પ્રભાવ ને અટકાવી હાનિકારક પરિબળોનો નાશ કરવો જોઈએ. એકલતાની સમસ્યાને નિવારવા રચનાત્મક રીતે તેનો નાશ કરતા રહેવું જરૂરી છે. એકલતામાં લપેટાયેલો વ્યક્તિ અંતર્મુખી થઈ જઈ કોચલામાં પૂરાઈ ગયો હોવાનું મહેસુસ કરે છે. તેને રચનાત્મક રીતે દૂર કરતા જઈ આપણા પોઝિટીવ વિચારો અને મનગમતા શોખને ખીલાવી તેને વિકસીત કરીને એકાંતના ચિંતનમાં પરિવર્તિત કરવી જોઈએ. એકલતા અને એકાંતને બરાબર સમજી જાણી તે પ્રત્યે વિશેષ જાગૃત રહેવું જોઈએ.

# જ્ઞાતિજનોને આહ્વાન

આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.

જ્ઞાતિના સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ kdogranth@gmail.com ઉપર મોકલવા વિનંતી. **વધુ વિગત માટે સંપર્ક : જયંત છેડા (ચેરમેન, કેડીઓ મીડિયા સમિતિ) ૯૮૬૯૦૦૫૪૦૩ કરવો.**

# સંજીવની કેસ નં.૧૬૭ અને ૧૬૮ માટે જોઈતું ભંડોળ રૂા.૨.૪૨ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિંગ શરૂ છે

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 167

KDO

**DONATION NEEDED!**

**Mr SHRENIK LAXMICHAND GOSAR**

**Age-71 yrs, Dombivali, Kutch -Baroi**

**Suffering from Bil Inguinal Hernia and Bil Hydrocoele. Needs to undergo Surgery.**



KDO SANJIVANI

**DONATION REQUIRED**

**Rs. 1.32 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અરજી કેસ નં.૧૬૭ની વિગત પ્રમાણે બારોઈ કચ્છના હાલે ડોંબિવલીના ૭૧ વર્ષીય શ્રેણિકભાઈ લક્ષ્મીચંદ ગોસરને દ્વિપક્ષીય ઈન્ગ્યુનલ હર્નિયા અને બીલ હાઈડ્રોસેલની સર્જરી કરવાની જરૂરિયાત છે. દર્દી પોતે હાલે નિવૃત્ત છે. અગાઉ ચોકલેટ વિતરણનો છૂટક ધંધો નાના પાયે કરતાં હતા. પરિવારમાં પત્ની અને બે પુત્રો છે. પત્ની ગૃહિણી છે અને તેમની સાથે નાનો પુત્ર લઘુતમ વેતન નોકરી કરીને મેળવે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું સંરક્ષણ. આવી દયનીય આર્થિક પરિસ્થિતિ વચ્ચે ઈલાજ માટે જરૂરી અંદજિત રકમ રૂા.૧.૩૨ લાખનું ભારણ તેમના પર આવી પડ્યું.

એટલે ના છૂટકે ગોસર પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ મદદ અરજી મૂકી. જેનો અભ્યાસ કરી ભંડોળ જમા કરવા માટે કેસ અરજી નં. ૧૬૭ અંતર્ગત ક્રાઉડ ફંડિગમાં મૂકાયું.

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 168

## DONATION NEEDED!

## Mrs VANDANA KIRAN NAGDA

**Age-53 yrs, Ahmednagar, Kothara,**

**She is hospitalised due to Atypical Bilateral Viral Pneumonitis along with Diabetes Mellitus , Hypertension, and Ischaemic Heart Disease.**




**DONATION REQUIRED**

**Rs. 1.10 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.: 99630100021765**
**IFSC: BARB0DBMULW MICR : 400012272**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

જ્યારે અન્ય સંજીવન કેસ નં.૧૬૮ મુજબ કોઠારા, હાલે અહમદનગર મહારાષ્ટ્રના ૫૩ વર્ષીય શ્રીમતી વંદના કિરણ નાગડા બિલ એટિપિકલ વાયરલ ન્યુમોનાઈટીસની સારવાર માટે હોસ્પિટલાઈઝ છે. તેણીને ડાયાબિટિસ અને હાઈ પરટેન્શનની સાથે ઈસ્કેમિક હાર્ટ ડિસીઝ છે.

તેઓ પોતે ગૃહિણી છે ને પતિ ટ્રાન્સપોર્ટ કંપનીમાં સર્વીસ કરી છે. બે પુત્રીઓ છે જેઓ પરિણીત છે. સામાન્ય કમાણીમાં પોતાનું ગુજારો માંડ કરી શકતા નાગડા પરિવારની ઉપર સર્જરી અને સારવાર માટે રૂા.૧.૧૦ લાખ જમા કરવાનો બોજો આવી પડ્યો. પરિવારની નથી બચત કે નથી કોઈ ઈન્સ્યુરન્સનું સંરક્ષણ આ વિકટ પરિસ્થિતિ કાળમાંથી ઉગરવા માટે મેડિકલ સમિતિની સંજીવની યોજના તરફથી મદદ મળી રહે એ માટે અરજી રજૂ કરી. ક્રાઉડ ફંડિગ માટે સદર અરજી મૂકાઈ. તેમની મદદે શ્રી કોઠારા જૈન શુભેચ્છક સદ્ગૃહસ્થ એ રૂા.૨૧ હજારની ઉદાર મદદ જાહેર કરી.

તો અન્ય એક અજ્ઞાત દાતાએ પણ રૂા.૩૧ હજારનું અનુદાન પોતાનું નામ ગુપ્ત રાખીને નોંધાવ્યું છે. ઉપરોક્ત બંન્ને સંજીવની કેસ નં. ૧૬૭ અને ૧૬૮ માટે ઉદારતા ભરી મદદ સહયોગ માનવતાલક્ષી દાતાઓ પાસેથી મળે એ અપેક્ષિત છે. આજ સુદીના દરેક સંજીવની કેસ માટે જ્ઞાતિના દાતા શ્રેષ્ઠીઓએ પરોપકાર ભાવ રાખીને મદદરૂપ થયાં છે. આ પ્રસંગે આ બંન્ને કેસમાં પણ પોતાનો અમૂલ્ય સહયોગ સાથ આપશે એવી શ્રધ્ધા-વિશ્વાસ છે.

# સંજીવની કેસ નં.૧૬૯ માટે રૂા.૩.૩૦ લાખ જમા કરવાનો છે પડકાર

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 169

## DONATION NEEDED!

### Mr HARESH SHAMJI LODAYA

**Age-64 yrs, Dombivali, Kutch -Tera**

**He is suffering from Chronic kidney Disease, on Haemodialysis. He got admitted due to severe Anaemia and Haematemesis (Vomiting of blood), Ischemic Heart Disease.**



**DONATION REQUIRED**

**Rs. 3.30 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

કચ્છ તેરા હાલે ડોંબિવલીના ૬૪ વર્ષીય હરેશભાઈ શામજી લોડાયા છેલ્લાં ૧૨ થી ૧૫ વર્ષથી ક્રોનિક કિડની ડિસીઝથી પીડિત છે અને હેમોડાયલિસિસ પર છે તે સાથોસાથ તેઓને ગંભીર એનેમિયા, હમેટેમિસિસ અને ઈસ્કેમિક હાર્ટ ડિસીઝ હોવાથી ઈલાજ માટે હોસ્પિટલાઈઝ કર્યા છે. તેઓ પત્ની સાથે રહે છે અને પરિણીત દીકરીઓ છે. અગાઉ તેઓ વડોદરામાં દાબેલીનો નાના પાયે ધંધો કરી ગુજરાન ચલાવતા હતા. પણ લાંબા માંદીને કારણએ તેમની બચત હતી તે પણ વપરાઈ ગઈ. આથી માસિક ગુજરાન માટે પણ મુશ્કેલી વશ છે. લાંબી બીમારીથી ત્રસ્ત હરેશભાઈ લોડાયાએ દર્દની સારવાર માટે અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ લાખ મેળવવા માટે મેડિકલ સમિતિ સમક્ષ આશાભરી અરજી મૂકી છે જે માટે ક્રાઉડ ફંડિગ શરૂ થયું છે.

અન્યની વિકટ પરિસ્થિતિને પોતાની સમજી અનુકુલ પ્રતિસાદ આપવાની ફરજ આપણે સૌ નિભાવીએ અને માનવતાની ઉત્તમ ફરજ આપણે નિભાવીએ. આજ સુધીની દરેક સંજીવની કેસની અરજી સમયસર અને ટૂંકા ગાળામાં ઉકેલી શકાઈ છે એવી ત્વરા આ અરજી માટે પણ રાખીએ અને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની તક ઝડપ લઈ લે એ હૃદયપૂર્વકની પ્રાર્થના. આપણી ઉદાર મદદ અને હૂંફ તેમને વહેલી તકે સ્વસ્થતા બક્ષશે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
COMMERCIAL VEHICLE LOAN
SOLAR LOAN
GOLD LOAN
LOAN AGAINST PROPERTY
TRADE LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*7.49% (p.a.)
*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

|| જય શ્રી મહાકાલી માં || || શ્રી ચંદ્રમણી ચંદ્રપ્રભસ્વામીને નમઃ || || જય શ્રી ભોમિયાજી દેવ ||


# શ્રી મણિલક્ષ્મીતીર્થ થી શ્રી ચંદ્રમણી વાલવોડ મહાતીર્થ છ'રિ પાલિત જૈન યાત્રા સંઘ

પોષ સુદ ૧૩, શનિવાર, તા. ૧૧-૧-૨૦૨૫ થી પોષ વદ ૨, બુધવાર, તા. ૧૫-૧-૨૦૨૫

(અચલગચ્છ અને જૈન સમાજમાં સૌ પ્રથમવાર)

શ્રી ચંદ્રપ્રભ જિન તીર્થ ભક્તિપ્રદ

## શ્રી ગુણ ગુલાબ ''વસંત પ્રભાવિક'' છ'રિ પાલિત જૈન યાત્રા સંઘ



### ૭૧ વર્ષના સંયમ પર્યાયમાં રજત-સુવર્ણ-હિરક વર્ષોમાં આજ્ઞા-કૃપાશિષ દાતાર ગચ્છાધિપતિશ્રીઓ

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા., જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

સાહિત્ય દિવાકર, પરમાર્થ-પુરૂષાર્થમૂર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ : અજોડ શાસન પ્રભાવક, પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. દિવ્ય આશિષ : જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

મંગલ ભાવના ઝરણ વહાવી : પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તેમજ પ.પૂ.ઉપાધ્યાયજી/ગણિવર્ય/પ્રવર્તક પૂજ્યશ્રીઓ અનેસર્વ શ્રમણ-શ્રમણી ભગવંતો

**પ્રિયંકારી નિશ્રા દાતા**
ગુરૂશ્રી ગુણોદયસૂરિ કૃપાપાત્ર,
સંયમ સુવર્ણ વર્ષ પર્યાયી
પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા.
ગુરૂ-ગુણોદયસૂરિ પ્રભાવક શિષ્ય
પ.પૂ. શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.
આદિ ઠાણા

**અગણિત આશિષ કૃપાદાતા**
પ્રવર્તિની મહત્તરા દાદી ગુરૂણામૈયા શ્રી ગુલાબશ્રીજી મ.સા.
વડીલ ગુરૂણી ભગવંતો પ.પૂ. દેવશ્રીજી મ.સા.,
પ.પૂ. ખીરભદ્રાશ્રીજી મ.સા.પ.પૂ.માણેકશ્રીજી મ.સા.,
પ્રવર્તિની મહત્તરા સાધ્વી મુખ્યા પ.પૂ.રત્નરેખાશ્રીજી મ.સા.
પ્રવર્તિની મહત્તરા, શ્રમણીગણ મુખ્યા
પ.પૂ.ગુરૂણીમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.

**પ્રેરણા/પુરૂષાર્થ/ઉપસ્થિતિ**
ગુરૂણી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા-પ્રશિષ્યાઓ
પ.પૂ.સાધ્વી શ્રી તીર્થપ્રભાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વી શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વી શ્રી ભાવલીનાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વી શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા.
પ.પૂ.સાધ્વી શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા.

**બાલવયે વડીલ સત્સંગે કરી વૈયાવચ્ચ ઘણેરી, વસંતપ્રભાશ્રીજી મ.સા.ને ત્યારે આપી આશિષ કૃપા અનેરી**

પ.પૂ.સા. શ્રી ગુલાબશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી દેવશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી માણેકશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી દોલતશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી દિક્ષીતશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી શીતલશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી મુક્તિશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી હરખશ્રીજી મ.સા. પ.પૂ.સા. શ્રી કેસરશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી પ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી પુષ્પાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી લાભશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી ખીરભદ્રાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી પદ્મશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી જગતશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી રૂપશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ગિરિવરશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી ગુણોદયશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.સા., આદિ વડીલોના આશિષ કૃપા વરસી...છ'રિ સંઘની આશિષ આશા ફેલી.

**શુભ ભાવ અપાર પ.પૂ વસંતપ્રભાશ્રીજી મ.સા.ના પાઠવતા શિષ્યા પરિવાર**

પ.પૂ.સા. શ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી નંદિષેણાશ્રીજી મ.સા.,પ.પૂ.સા. શ્રી ચારૂધર્માશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી અર્હદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કુમુદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી તીર્થંકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી તીર્થપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.

શ્રમણીપ્રધાન, સાધ્વીમુખ્યા પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ના નિમિત્તે સદ્ભાવના અંતર મહેચ્છા-પ્રેરણાથી સ્વમુખે અર્પી ગયા
ગુરૂણી ભગવંતના હૃદયભાવને સાકાર કરતા પુરૂષાર્થી : ગુરૂભક્તોના ભક્તિભાવ સથવારે આજીવન ચરણોપાસિકા શિષ્યા પ.પૂ. શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.

## દેવ-ગુરૂ ધર્મ ભક્તિવંતા મહામોઘેંરા સંઘપતિશ્રી દાતાશ્રીઓ

- સંઘમાતા અ.સૌ. દમયંતીબેન મુરજી રતનશી ગડા (નાના રતડીયા-મુલુંડ)
  હ. પુત્રવધુ : અ.સૌ. દક્ષાબેન હેમચંદ ગડા
  પૌત્ર-પૌત્રવધુ : અ.સૌ. મેહલ ચંદન ગડા, પરપૌત્ર : ચિ. વિરાંશ ચંદન ગડા
  પૌત્રી : ખુશ્બુ સમય ચંદ્રેશ મોતા (દેવપુર)
- સંઘમાતા શ્રીમતી ધનવંતીબેન લક્ષ્મીચંદ માવજી છેડા
  સમસ્ત પરિવાર (ગોધરા-સાંતાક્રુઝ)
- સંઘમાતા શ્રીમતી પૂર્ણિમાબેન શાંતિલાલ ધનજી દેઢિયા પરિવાર
  હ. પુત્ર-પુત્રવધુ : શ્રીમતી સૃષ્ટિ દર્શન
  પૌત્ર : પરમ દર્શન દેઢિયા (ફરાદી-પરેલ)
- સંઘમાતા માતુશ્રી મોંઘીબાઈ ટોકરશી સવરાજ ફુરિયા
  સમસ્ત પરિવાર (બિદડા-મુંબઈ)
- સંઘમાતા માતુશ્રી વાસંતીબેન ગાંગજી ભાણજી ગડા
  (શેરડી-ભાયંદર)
- સંઘપતિ શ્રી અનન્ય ગુરૂભક્ત પરિવાર (હમલા મંજલ-મુંબઈ)
- સંઘપતિ શ્રી પરમ ગુરૂભક્ત પરિવાર (કચ્છ)
- સંઘમાતા શ્રીમતી કુસુમબેન મહેશ વિશનજી મારૂ
  (ડેપા-ઘાટકોપર)
- સંઘમાતા શ્રીમતી જ્યોતિબેન કાંતીલાલ દેવશી ગોસર
  (ડુમરા-મલાડ)
  ડૉ. ભક્તિ મેહુલ દેઢિયા (ગઢશીશા), ડૉ. કોમલ પ્રતિક ગડા (કોડાય)
- સંઘમાતા માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા (મોટી ખાવડી-હાલાર)
  માતુશ્રી વિજયાબેન ગુલાબચંદ ધુલ્લા (સેવક ભરૂડીયા-હાલાર)
  શ્રીમતી જયશ્રીબેન ઉત્તમચંદ લોડાયા - કિંજલ બ્યુટી પાર્લર (ઘાટકોપર)
- સંઘમાતા માતુશ્રી ચંદનબેન અમૃતલાલ મોતા (દેવપુર-મુંબઈ)
  હ. પુત્ર-પુત્રવધુ : શ્રીમતી ચિંતનબેન હિતેશ મોતા પૌત્રી : ચિ. રાશિ
  પુત્રી-જમાઈ : શીતલ જીમી ગાલા (બાડા) અને
  સંઘમાતા ભમલબેન પદમશી પૂંજા પીર (સુથરી તીર્થ-મુંબઈ)
  હ. પુત્ર-પુત્રવધુ : સંઘમાતા તારાબેન મહેન્દ્રભાઈ પીર

### સંઘ પડાવ સ્થાન

શનિવાર, તા. ૧૧-૧-૨૦૨૫ ....શ્રી મણિલક્ષ્મી તીર્થ આગમન
રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૫ .....બોચાસણ (૧૧ કી.મી.)
સોમવાર, તા. ૧૩-૧-૨૦૨૫.....બોરસદ (૧૧ કી.મી.)
મંગળવાર, તા. ૧૪-૧-૨૦૨૫...વાલવોડ તીર્થ (૧૧ કી.મી.)
બુધવાર, તા. ૧૫-૧-૨૦૨૫.....વાલવોડ તીર્થ - સંઘમાળ વિધિ

**સંપર્ક :**
શ્રી મુકેશ દામજી મૈશેરી (મુલુંડ) - ૯૮૨૦૪ ૨૨૨૯૧
શાસન ગૌરવ શ્રી ચંદ્રકાંત પી. દેઢિયા (વિધિકાર) - ૯૭૯૯૨ ૨૧૧૯૯

લિ. : શ્રી ગુણ-ગુલાબ-વસંતપ્રભાવિક છરિ પાલિત યાત્રા સંઘ
શ્રી મણિલક્ષ્મીતીર્થ થી શ્રી વાલવોડ તીર્થ
કન્વીનર : શ્રી મુકેશ દામજી મૈશેરી (લાલા - મુલુંડ)

# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા

## માદરે વતન કચ્છની મુલાકાતે વ્યક્તિગત કે સમૂહમાં પધારતા યાત્રાળુઓ માટે ખાસ સૂચના





**અબડાસાની મોટી પંચતીર્થીના એક તીર્થ નલિયા તીર્થ મધ્યે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનમાં રોકાણ કરી. પંચતીર્થીઓના અન્ય તીર્થ, માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર તથા પોતાના ગામની મુલાકાતે જવા આવવા સરળતા સાથે સુવિધાજનક ઉતારા માટે એક માત્ર સંકુલ જેની વિશિષ્ટતામાં**

- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક વિશાળ હોલ
- પ્રાકૃતિક શાંત વાતાવરણ, સ્વચ્છ સુઘડ એરકન્ડિશન સાથેના રૂમ
- ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ વ્યવસ્થા
- બાથરૂમમાં નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- સેવા કાજે ચોવીસ કલાક સ્ટાફની ઉપસ્થિતિ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહારગૃહમાં સવારના ગરમાગરમ ચા નાસ્તો, બપોર-સાંજે શુધ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા
- વિશાળ આંગણમાં ગાડી પાર્કિંગની વ્યવસ્થા. એક વારની મુલાકાત આપશે કાયમનું સંભારણું.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# KDO CLASSIC YOUTH : MULTIPLE GENERATIONS CELEBRATE A DECADE OF BONDING





As the KDO Classic Youth wing celebrates its decennium year, the joy of Millenial members is multiplied as their children from Generation Z unite for the latest among more than 45 unique events curated through years for members in the 18-45 age band.

It feels like the mission of harmonizing the youth of the community has been achieved and a step beyond has been undertaken as the KDO Classic Youth fraternity expands to 120 plus members in the Year 2024-25, which comprise 18-45 year olds, who often enrol their young children in the engaging activities.

Events through the decade have led members through the rich history of the Maximum City, integrated the friendships through group games.

KDO Classic Youth Committee has led the members to iconic monuments spread across the stretch of Mumbai covering miles – leading them through the Gateway of India into the sea connecting the beach of Alibaug; stepping into Asiatic and Fort area over land and touching the expanse upto Shahpur, Ghodbunder and Padgha recently.

**Founder President**
**Viraj Mayur Dhulla**
**President**
**Jatin Tarun Dharmshi**
**Past President**
**Sonal Sanket Kayani**

These were done through driving trace the dot events Wheel Deal and sundowner on open to sky Neelambari buses. Watching the horses in action at the Mahalaxmi Racecourse was an enthralling experience for each. However, the members have always been in awe of treasure hunts planned in different formats, weather it be the by lanes of Matunga in the walking treasure hunt, unlocking a Murder Mystery or unravelling the life story of celebrity gangsters through Clue Hunt customised for KDO Classic Youth members.

Measuring the shopping acumen of our Waniyas (businessmen/women) was the motive of Tol Mol Ke bol re-twisted and quirky Sauda Khara Khara event.

Moving life-size pegs on Snakes and Ladders by accomplishing tasks led youth into a rollicking laughter riot. But that wasn't the only board game. Many childhood memories were refreshed with a board game night in Navi Mumbai and childhood games refreshed memories as they savoured candies of the golden era. Creativity came to the fore under the shoe painting event and an open to air Canvas painting experience, where most members said they hadn't touched a paint brush after school years.

Going beyond the plate to the palette was the Trivia Night. In another event, dance lessons were imparted by Bacchata experts culminating into a lively dance evening in symphony. Live performances of comedians or trending Silent DJ, interactions have filled memory bank of members.

During the past ten years, efforts have been made to ensure five events have been conducted in unison with the KDO Classic Seniors foundation, where four generations celebrate the KDO Classic spirit through 20-years celebration event, Garba nights, Kite flying Makar Sankranti experience, melodious rendition of Osman Mir, witnessing versatile actor and Padma Shri awardee Manoj Joshi as Chanakya and a spiritual discourse by P.P. Dr Gnan Vatsal Swami from Akshardham BAPS Swaminarayan Mandir.

Being the progressive social group, it was heartening to see the joy of KDO Women married into another cast as they were embraced into the fold of KDO Classic Youth. Requests to join the group from innumerable youngsters flow our way through social media channels and even at the event venues due to the unique experience offered.

The dream is taking its shape in the real world with the efforts of Founder President Viraj Mayur Dhulla (2015 - 2022) and Past President Sonal Sanket Kayani (2022-24), whose baton is now being held by current President Jatin Tarun Dharamsi. He is flanked by Vice President Nishant Sanjay Nagda, Treasurer Varun Jayesh Nagda, Secretary Kush Hiren Nagda, Joint Secretary Harshita Bhavin Sonawala. Other Committee Members are Ritika Uday Lapasia, Pooja Anik Dharamshi, Henil Lodaya,



**KDO CLASSIC YOUTH COMMITTEE**

**Call us any time we are ready**

*The young generation of the KDO Klassic Family is a strong workforce of the organization.*

*Enthusiastic youth of the community have formed KDO Klassic Youth Committee to support the activities of KDO Klassic Family. Now that the organization has decided to support activities of Shri Ekal Hari Trust, the KDO Klassic Youth Committee is bubbling with enthusiasm to join and help in this great work of bringing awareness about our ancient religion and culture in Abadasa Taluka of our motherland Kutch. Kudos to these young people for their participation in this noble project.*

*It is certain that with the inspiration from elders and ground level work by young generation will bring dazzling success to this project.*

*- Viraj Dhulla*





# કેડીઓ ક્લાસિક પરિવાર હવે એકલ શ્રી હરિ ટ્રસ્ટ સાથે દેશસેવાના ક્ષેત્રે




જયંત છેડા

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ સંખ્યાની દ્રષ્ટિએ ભલે નાની સંખ્યા ધરાવતી હોય પણ પોતાના આચાર વિચારને પરંપરા જાળવી એનું જતન કરી જીવનાર જ્ઞાતિ. પોતાનું અસ્તિત્વ બચાવવા માદરે વતનથી સ્થળાંતર કરી આવનાર જ્ઞાતિના પૂર્વજ વડીલ શ્રેષ્ઠીઓ માતબર થયા પણ મતલબી ન થયા. જ્ઞાતિ અને સમાજ માટે અઢળક કામો કર્યા. અનેક સીમા ચિહ્નો સ્થાપિત કર્યા. આ સંસ્કાર ક.દ.ઓ. જ્ઞાતિની ખાસિયત છે. તનતોડ મહેનત કરી અવ્વલ રહેવું અને ઉપર ટોચ પર પહોંચીને નાના નબળાઓનું ધ્યાન રાખવું એ એમની વિશેષતા છે. સંબંધના સેતુ બાંધવા સંગઠન હોવું જરૂરી છે જેથી મિત્રોનો સંગાથ મળી રહે અને સંપર્ક વિકસે, સમયાંતરે આનંદ-પ્રમોદ, પ્રવાસ યાત્રા પિકનિક સજોડે અને આત્મીયજનો સાથે માણીએ એ ખ્યાલથી ૧૯૯૬માં આ કલ્પનાને તાદૃશ સ્વરૂપ અપાયું કેડીઓ ક્લાસિક નામથી. મૈત્રી અને મિલન, સ્નેહાલાપ અને સેવા, પ્રવાસ અને પિકનિક સાથે અન્નાહારની લહેજત અને રજવાડી સરભરાની યાદો આજે પણ સૌને હૈયે જીવંત છે. કેડીઓ ક્લાસિકએ સમય સમયે આરોગ્ય, શિક્ષણ જેવા સમાજ સેવાના ક્ષેત્રે પણ નેત્રદીપક કાર્યો કર્યા. મુંબઈ ઉપરાંત માદરે વતન કચ્છના જ્ઞાતિજનોને સાંકળી અનેક પ્રકલ્પો કર્યા. આમ કેડીઓ ક્લાસિક સંગઠન સાથે સ્નેહ મેળો, મૈત્રી મંચ, પારિવારીક મિલન સાથો સાથ સામાજિક સેવા ભાવનાની ચેતનાનો સંકલ્પ ધરાવે છે. જેને આગામી સમયમાં વધુને વધુ આગળ લઈ જવા કટિબધ્ધ છે. આ સંકલ્પને સાકાર કરવા અને સર્વ સમાવેશી સમાજસેવાના વ્યાપને વિસ્તારવા કેડીઓ ક્લાસિક પરિવારના અગ્રણીઓ દ્વારા મુલુંડ, કોઠારા અને મોથાળા ખાતે કુલ ચાર મીટિંગ કરી, કેડીઓ જ્ઞાતિના લગભગ સર્વ ગામના દેરાસરના ટ્રસ્ટ બોર્ડ અને મહાજનશ્રીના હોદ્દેદારો સાથે વિચાર વિમર્શ કરીને એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટને તેમના પ્રકલ્પોમાં જ્યારે જરૂર હોય ત્યારે સર્વ પ્રકારનો સપોર્ટ આપવાનો સુંદર નિર્ણય લીધો છે. એકલ શ્રીહરિ ટ્રસ્ટ વિશેષ કરીને આદિવાસી વિસ્તારોમાં ધર્મ જાગૃતિ, ધર્મ સંસ્કાર, શિક્ષણ અને વ્યસન મુક્તિ જેવા સેવાકીય કાર્યો દ્વારા જનજાગૃતિ કરી રહ્યું છે. સત્સંગ અને સ્વાધ્યાયના માધ્યમથી અંધવિશ્વાસ અને અજ્ઞાનતા દૂર થાય એ માટે સતત પ્રયત્નશીલ છે. આ ટ્રસ્ટ દ્વારા હાલ સમગ્ર દેશમાં એક લાખ એકલ વિદ્યાલય ચલાવે છે અને તેની સંખ્યા બે લાખ જેટલી કરવાની યોજના ધરાવે છે. ગુર્જરમાતનો હંમેશાં પ્રયત્ન રહ્યો છે કે સારા, સુયોગ્ય અને સમાજ માટે સારું કાર્ય કરતા સંગઠનને સપોર્ટ આપવો. આશા છે એ પ્રયત્નના ભાગ રૂપે પ્રકશિત કરેલો આ પ્રેરણાદાયક વિશેષાંક આપ સૌને ગમશે.

---

# મણિકાંત ધુલ્લાના બે બોલ



કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ વસતીની સંખ્યાની દૃષ્ટિએ મુઠ્ઠીમાં સમાય એવી પણ ઈરાદાઓ, અરમાન ગગન જેટલા ઊંચા. સખત મહેનત કરીને બે પાંદડે થયા પછી સુખના દિવસોમાં નાના જ્ઞાતિજનોનો ખ્યાલ રાખે એવી સદ્ઈચ્છા રાખનાર. અમે પાંચ-છ સમવિચાર ધરાવતા મિત્રો સાથે મળીએ ત્યારે જ્ઞાતિ માટે શું કરી શકીએ તે અંગે મનોમંથન કરીએ. શાંતિલાલ મૂલજી શિયાલ, મણિકાંત ધુલ્લા, કીરીટભાઈ લાપસીયા, ગોવિંદજી વીસનજી શાહ, મૂલજી રાઘવજી લોડાયા તથા ચાંપશી માણેકજી શાહ જ્ઞાતિના ૧૦૦ જેટલા દંપતિઓને સાથે રાખી કેડીઓ ક્લાસિકની શરૂઆત કરી એ વર્ષ હતું ૧૯૯૬. આજના ભાગદોડ ભર્યા જીવનમાં રોજગાર પ્રવૃત્તિ કરવી તેને વિકસાવી ઠરી ઠામ થઈ ગયા પછી મિત્રોનો સાથ સંગાથ મળે એ માટે યાત્રા પ્રવાસ પિકનિક કે પ્રોગ્રામ યોજીને સહપરિવાર જેવું સંગઠન બનાવ્યું અને જાળવ્યું. અમે બને જખૌવાસીઓ સાથે બેસી જ્ઞાતિ તેમજ અબડાસાના વિકાસ માટે નવું નવું વિચારીએ.

માત્ર મોજ મજા આનંદ-પ્રમોદ, યાત્રા પ્રવાસની સાથો સાથ સમાજનું ઋણ અદા કરવાની ફરજ પણ કેડીઓ ક્લાસિકએ નિભાવી છે. જેનો સંતોષ છે. સેવા ભંડોળ બહારથી ન લઈ ક્લાસિકના સૌ સભ્યો આ ખર્ચ ભોગવી લે છે. આજે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની સ્થાપના કર્યાને ૨૮ વર્ષ લાંબો કાળ વીત્યો છે. યુવાનો આ વારસો સંભાળે આગળ વધારે એ માટે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનમાં યુવાનોને દોર સોંપ્યો. યુવાનોની પાંખે એમાં વધુ ગતિ મળી છે. માત્ર મુંબઈના જ નહીં પણ કચ્છના જ્ઞાતિજનોને સમયે સમયે સાથે રાખી તેમને લાભ આપતા કાર્યો યોજ્યા છે. વિવિધ સામાજિક કાર્યો આગળ વધારતાં રહી હજી પણ સમાજનું ઋણ ચૂકવવાની અને અવિરત સેવા કરવાની ભાવના હમેંશા રહી છે.

આ ભાવનાને સાકાર કરવા અને કેડીઓ ક્લાસિક પરિવારના સમાજસેવા ક્ષેત્રનો વ્યાપ અને તેને સર્વ સમાવેશી સ્વરૂપ આપવાના ઉદ્દેશથી મુંબઈ અને કચ્છના અગ્રણી જ્ઞાતિજનો, દેશ વ્યક્તિ કેડીઓ જ્ઞાતિના લગભગ સર્વ ગામના દેરાસરના ટ્રસ્ટ બોર્ડ અને મહાજનશ્રીના હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરીને કેડીઓ જ્ઞાતિની વિપુલ વસ્તી ધરાવતા અબડાસા તાલુકા સહિત સમગ્ર ભારતના પછાત અને આદિવાસી વિસ્તારોમાં સનાતન ધર્મ અને સંસ્કૃતિ અંગે લોકોમાં જાગૃતિ આણવાનું ભગીરથ કાર્ય કરતા એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં દરેક રીતે સહાયરૂપ થવાનો નિર્ણય લીધો. આ વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે પણ એકલ ટ્રસ્ટ અતિ ઉમદા કાર્ય કરી રહ્યું છે અને એક લાખ જેટલી શાળાઓનું સંચાલન કરી રહ્યું છે અને નજીકના ભવિષ્યમાં શાળાની સંખ્યાને બે લાખ સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે. કચ્છમાં પણ આ સંસ્થાની ૨૮ જેટલી શાળાઓ બિદડા, ગઢશીશા, દયાપર, ભુજ ઈત્યાદિ સ્થળોએ ચાલી રહી છે જેમાં ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંસ્કારલક્ષી શિક્ષણ મેળવીને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહ્યા છે. બિદડામાં ૭.૫ એકરમાં આધુનિક સ્પોર્ટ્સ એકેડેમી નિર્માણાધીન છે. શાળાના પાંચ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભારતીય સૈન્યમાં અગ્નિવીર તરીકે પસંદગી પામ્યા છે. શિક્ષણ ઉપરાંત ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિ અંગે જાગૃતિ, ધર્માંતર વિરુદ્ધ અભિયાન, અંધશ્રદ્ધા નિર્મૂલન જેવા અનેક સેવાકાર્યો કરતી આ સંસ્થાને તેમના પ્રોજેક્ટ્સમાં કેડીઓ ક્લાસિક સહાયરૂપ થશે ત્યારે 'મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા' ઉક્તિને સાર્થક કરતાં જ્ઞાતિ, અબડાસા તાલુકો, કચ્છ અને ભારત હજી વધુ ગતિથી વિકાસના પંથે પ્રયાણ કરશે એવો મને વિશ્વાસ છે.

– મણિકાંત ધુલ્લા

---

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી રાજેશભાઈનો સંદેશ



કેડીઓ ક્લાસિકની શરૂઆત કચ્છ દર્શનની ટુર પછી સકારાત્મક, રચનાત્મક અને પ્રગતિશીલ વિચારધારા ધરાવનાર તથા માદરે વતન કચ્છના વિકાસમાંમાં રસ ધરાવનાર કેડીઓ ગ્રુપ માટે ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રી શાંતિલાલભાઈ શિયાલ અને શ્રી મણિકાંતભાઈ ધુલ્લા દ્વારા ૧૯૯૬માં કરવામાં આવી. લગભગ ૧૦૦ કપલ મેમ્બર્સ સાથેનો કેડીઓ ક્લાસિક ગ્રુપ સમય જતાં એક મોટો પરિવાર બન્યો છે. સંઘ ભાવના અને સાથે મળી ખભે ખભા મેળવી જ્ઞાતિની ઉન્નતિ અને પ્રગતિ માટે સહકાર્ય કરવાનું છત્ર એટલે કેડીઓ ક્લાસિક જે મેડિકલ અને શિક્ષણના ક્ષેત્રમાં તથા માદરે વતન કચ્છના ઉત્કર્ષ માટે છેલ્લા ૨૮ વર્ષથી કાર્ય કરી રહી છે. જેમાં આરોગ્ય ક્ષેત્રે તદ્દન નિ:શુલ્ક દંત ચિકિત્સા, ડાયાબિટીસ, મોતિયાના ઓપરેશન જેવા લોકોપયોગી કાર્યો કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે માંડવી સ્થિત વિરાયતન સંસ્થા સાથે ટાઈ-અપ કરીને અનેક વિદ્યાર્થીઓને નિ:શુલ્ક રહેવાની અને અભ્યાસ કરવાની સગવડ કરી છે. આ સુવિધાનો લાભ લઈને વિદ્યાર્થીઓએ સિવિલ એન્જીનિયર, બી. ફાર્મ, બિઝનેસ મેનેજમેન્ટ જેવી ઉચ્ચ ડીગ્રીઓ મેળવી છે. કચ્છના બાળકોને આ બાબતમાં કચ્છના સ્થાનિકો અને મહાજનો વધુમાં વધુ પ્રોત્સાહન આપે અને આ જ્ઞાન અભિયાનનો વધુમાં વધુ લાભ લે એવી નમ્ર વિનંતી છે.આ બધા પ્રોજેક્ટમાં ૧ કરોડ ૧૫ લાખથી વધુ રકમ વાપરવામાં આવી છે.આ બધા જ સામાજીક કાર્યોમાં કેડીઓ કલાસિક પરિવારના સભ્યો સમર્પિતતાની ભાવના સાથે સેવા આપે છે. આ ઉપરાંત સંજોગોનુસાર ભૂકંપ રાહત,કચ્છના સ્થાનિક માટે પાલિતાણા જાત્રા, કચ્છના બાળકો માટે મુંબઈ દર્શન જેવી પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે.

કેડીઓ સમાજ માટે કેડીઓ ક્લાસિક છેલ્લા ૨૮ વર્ષોથી આ સેવા કર્યા બાદ હવે કચ્છ સહિત સમસ્ત ભારતના પછાત વિસ્તારોમાં ૧ લાખથી વધુ શાળાઓનું સંચાલન કરી રહેલ એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટના શિક્ષણ ઉપરાંત ધર્મ જાગૃતિ, ધર્માંતરણ પ્રવૃત્તિની રોકથામ અને બાળકોમાં સંસ્કાર સિંચન જેવા કાર્યો કરી રહેલ છે તે સંસ્થાને તેમના પ્રોજેક્ટ્સમાં તનમનધનથી સહાયરૂપ થવાનો ઉપક્રમ હાથ ધર્યો છે તે અભિનંદનને પાત્ર છે. કેડીઓ ક્લાસિકની આ પહેલ કચ્છ અને ખાસ કરીને કેડીઓ જ્ઞાતિની વિશાલ સંખ્યા ધરાવતા ક્લાસિક તાલુકામાં ઉન્નતિની લહેર પ્રસરાવે એવી આશા અને પ્રભુ પાસે પ્રાર્થના.

– રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) મોટી સિંધોડી-સાયન (મુંબઈ)

---

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ટ્રસ્ટી એડ. મિનલ ખોના



જ્ઞાતિ ઉત્થાનને સમર્પિત કેડીઓ ક્લાસિક પરિવાર જ્યારે રાષ્ટ્રમાં ધર્મરક્ષણ, સંસ્કૃતિ રક્ષણ અને શિક્ષણ સાથે પછાત વિસ્તારોનો જનસમાજ સ્વાવલંબી બને અને તેમનામાં રાષ્ટ્રપ્રેમ જાગે એ માટે કાર્યરત એકલ શ્રીહરિ ટ્રસ્ટના અબડાસા વિસ્તારના કાર્યોમાં સાથ આપે ત્યારે એના પરિણામો અબડાસા તાલુકાને સર્વાંગી વિકાસના પથપર પ્રયાણ કરાવશે એ નિશ્ચિત છે. આ સંસ્થાઓ જે નિષ્ઠાથી સમાજમાં શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે જે ઉત્કૃષ્ટ કાર્યો કરશે તે સમાજ માટે નવી આશાનો દીપ પ્રગટાવતું કાર્ય છે.

સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં આ બંને સંસ્થાઓનું સહિયારું યોગદાન સમાજમાં પોઝિટિવ ફેરફારો માટેનું એક મજબૂત પગલું છે. કેડીઓ ક્લાસિક પરિવાર અને એકલ શ્રીહરિ ટ્રસ્ટ એ બંને સંસ્થાઓને તેમની આ સહિયારી સફરની સફળતાથી કચ્છ અબડાસાના ૧૦ તાલુકાને એવું મોડેલ બનાવીએ કે દેશ વિદેશમાં રહેતા દેશવાસીઓ આ કાર્યનું અનુકરણ કરે તે માટે હૃદયપૂર્વક અભિનંદન સાથે શુભેચ્છાઓ!

– એડ. મિનલ ખોના

# કેડીઓ ક્લાસિકની ૨૫ વર્ષની 'સુહાની સફર'

## પૂર્વ ઈતિહાસ

શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા, IPS, (પરજાઉ-લખની) જેઓ ઉત્તર પ્રદેશના એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ હતા એમની પ્રેરણા અને શ્રી વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ (VRTI) - માંડવીના સહયોગી શ્રી શાંતિલાલ મુલજી શાહ (જખૌ-સાંતાક્રુઝ) તથા શ્રી મણિકાંત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ) દ્વારા પોતાના માદરે વતન જખૌમાં તા. ૦૧-૦૫-૧૯૯૪ (ગુજરાત દિન) ના ગ્રામ વિકાસ કાર્યોનું મંગલાચરણ કરવામાં આવેલ. ૪ વર્ષમાં એમણે જખૌમાં બાંધણી વર્ગ, શિવણ વર્ગ, સુલભ શૌચાલય, નિર્ધુમ ચુલા, કીચન ગાર્ડન, ખેત તલાવડી, ફળોની ખેતી, નિદર્શન ફાર્મ, ૫ થી ૧૦ ધોરણના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી - ગણિત - વિજ્ઞાનના વર્ગો વગેરે અનેક વિકાસ કાર્યો હાથ ધર્યા. જખૌની બહેનોને દર મહીને રૂા.૫૦,૦૦૦/- થી વધુની આવક ઉભી કરી આપી. જખૌના વિકાસ કાર્યોની અંગત દેખરેખ માટે શ્રી શાંતિલાલ તથા શ્રી મણિકાંત નિયમિત કચ્છ જતા એના આ કચ્છ પ્રવાસ દરમ્યાન એમણે અનુભવ્યું જે કચ્છના લખપત તાલુકામાં ખનિજ આધારિત ઉદ્યોગોની સ્થાપના, કચ્છના બંદરોના વિકાસની કામગીરીની શરૂઆત, કચ્છના સમગ્ર વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું જાહેરનામું તથા વિકાસ માટે સરકારી/અર્ધ-સરકારી/સેવા સંસ્થાઓની વિવિધ યોજનાઓ, અબડાસા તાલુકામાં જમીન મેળવવા મોટી ભારતીય/વિદેશી કંપનીઓની દોડધામથી કચ્છમાં હવે એક નવું જ વાતાવરણ ઉભું થયું છે. કચ્છના સમગ્ર વિકાસના યુગવર્તી ફેરફારોનો સમય આવ્યો છે.

એ સમયના ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા કચ્છ માંડવીના વતની હતા અને ગુજરાત વિધાનસભામાં માંડવીથી જ ચુંટાઈને ગયા હતા. શ્રી સુરેશચંદ્ર મહેતા ગુજરાતના મુખ્ય પ્રધાન થયા પછી કચ્છ માટે અનેક યોજનાઓ જાહેર કરી હતી.

કચ્છ જીલ્લામાં આપણી જ્ઞાતિની વસ્તીના છેલ્લા વસ્તીપત્રક મુજબ કુલ ૩૯ ગામો છે જેમાંથી ૩૧ ગામો અબડાસા તાલુકામાં, ૫ ગામો માંડવી તાલુકામાં અને ૩ ગામો મુન્દ્રા તાલુકામાં છે. આ ૩૯ ગામોના જ્ઞાતિજનોને એમના ગામોમાં નજદીકના ભવિષ્યમાં ઉભી થનારી નવી તકો અંગે માહિતી આપી જાગૃત કરવા તથા કચ્છના ભાવિની વિકાસયાત્રામાં તેઓ સામેલ થાય એ શુભ ઈરાદાથી શ્રી શાંતિલાલ અને શ્રી મણિકાંત દ્વારા રવિવાર, તા. ૮-૧૦-૧૯૯૫ (શરદ પૂર્ણિમા)ના દિવસે પરમ કેશવબાગ, કામાલેન, ઘાટકોપર-મુંબઈમાં કચ્છ પરિષદનું આયોજન થયું હતું.


''કચ્છ પરિષદ''માં કચ્છમાં આપણી વસ્તીના મૂળ ૩૯ ગામોના ૧૦૦ જ્ઞાતિજનો મહાજનોના પ્રતિનિધિ તરીકે તથા અન્ય ૫ જ્ઞાતિજનો અતિથિ તરીકે આમંત્રિત કર્યા હતા. બધા મહાજનોના પ્રતિનિધિઓ, જ્ઞાતિજનો ઉપરાંત શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યુટ માંડવીના પ્રમુખ શ્રી સુમતિચંદ્ર મહેતા અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તુલસીભાઈ ગજરાને પણ આમંત્રિત કર્યા હતા.

કચ્છ પરિષદ ના બે આયોજકોના અવિરત પ્રયત્નો અને સર્વ સ્તરીય સંકલન દ્વારા પર્યાપ્ત પોષણ અને ઈજન આપી 'કચ્છ પરિષદ''નું બહુ જ વ્યવસ્થિત અને સફળ આયોજન કરવામાં આવેલ.

''કચ્છ પરિષદ''ની સફળતા બાદ કચ્છમાં પ્રત્યક્ષ જઈ જાત અનુભવ લેવાની અનેક જ્ઞાતિજનોએ ઈચ્છા પ્રદર્શિત કરી જેને અનુરૂપ કચ્છ પરિષદ ના બે આયોજકો દ્વારા માર્ચ, ૧૯૯૬ ના પ્રથમ અઠવાડિયામાં ૫ દિવસના કચ્છ દર્શન પ્રવાસનુ બહુ સફળ આયોજન કરવામાં આવેલ. કચ્છ દર્શન'' પ્રવાસમાં કુલ ૧૦૮ જ્ઞાતિજનો જોડાયા હતા જેમાં ૩૮ બહેનો હતી. આ પ્રવાસમાં જ્ઞાતિના વેપારી - ઉદ્યોગપતિ - ચાર્ટડ એકાઉન્ટન્ટ - ડોક્ટર - એન્જીનિયર - એડવોકેટ - કૃષિ નિષ્ણાત - શિક્ષક - ફાયનાન્સ કન્સલટન્ટ વગેરે જોડાયા હતા.



**મહેન્દ્ર લાલકા**



**શાંતિલાલ શિયાલ**



**મણિકાંત ધુલ્લા**

કચ્છના ૯ તાલુકામાંથી રાપર સિવાય બીજા ૮ તાલુકાઓ આ પ્રવાસમાં આવરી લેવાયા હતા. પાંચ દિવસના આ કાર્યક્રમમાં (૧) સાંઘી/અક્ષેલ/કચ્છ બોક્સાઈડ/ગઢશીશા કેલ્સીનેશન પ્લાન્ટ વગેરેની મુલાકાત (૨) કચ્છ જીલ્લા કલેક્ટર, કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન, કંડલા ફ્રી ટ્રેડ ઝોનના ડેવલોપમેન્ટ કમિશનર, ધારાસભ્યો, જીલ્લા પંચાયતના હોદ્દેદારો, ગુજરાત સરકારના વેપાર-ઉદ્યોગ ખાતાના અધિકારીઓ વગેરે સાથે મુલાકાત અને ચર્ચા-વિચારણા (૩) ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના હોદ્દેદારો તથા સભ્યો સાથે સભા (૪) કંડલા ફ્રી ટ્રેડ ઝોનની મુલાકાત (૫) કચ્છમાં વિવિધ પદ્ધતિઓથી ખેતી કરી સફળતા મેળવનારના ફાર્મ/ખેતીની મુલાકાત (૬) કચ્છમાં વોટર કન્ઝર્વેશન માટે ચેક ડેમ/કુવા રીચાર્જીંગ/તળાવ રીચાર્જીંગ/ડ્રીપ ઈરિગેશન/સબ-સરફેસ ડાઈક/ડમ વગેરે વિવિધ પદ્ધતિઓનું અવલોકન (૭) કુદરતી ઉર્જા પેદા કરતાં વિન્ડ ફાર્મ (૮) સૂફા પ્રદેશમાં ઊભું કરાયેલું જંગલ (૯) હસ્તકલા માટે જગપ્રસિદ્ધ બન્ની અને ભુજોડીની મુલાકાત (૧૦) કચ્છના મોટા રણની મુલાકાત (૧૧) ભદ્રેશ્વર - ૭૨ જિનાલય - જખૌ - નારાયણ સરોવર - કોટેશ્વર - માતાનો મઢ વગેરે તીર્થોની યાત્રા (૧૨) બાડા વિપશ્યના કેન્દ્ર (૧૩) બિદડા હૉસ્પિટલ (૧૪) ખેતી વિકાસ કેન્દ્ર, મુદ્રા (૧૫) અંધશાળા ભચાઉ (૧૬) શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યુટ - માંડવી વગેરે અનેક સ્થળોની મુલાકાત લીધી હતી. પાંચ દિવસ આ પ્રવાસ માટે ઓછા પડ્યા હતા.

કચ્છ દર્શન ના પ્રવાસ દરમ્યાન જ સૌ પ્રવાસીઓએ પ્રબળ ઈચ્છા વ્યક્ત કરી હતી કે કચ્છ દર્શનના બધા પ્રવાસીઓનું એક કાયમી જૂથ બનાવવું જે નિયમિત ભેગું થતું રહે જેથી કચ્છ દર્શનના બધા પ્રવાસીઓ વચ્ચે જે આત્મિયતા અંકુરિત થઈ તેમાં વૃદ્ધિ થાય અને સૌ સાથે મળીને કચ્છ વિકાસ અંગેની પ્રવૃત્તિને વેગ આપી શકે. આમ કચ્છ પરિષદ''ના બે આયોજકોની ઉચ્ચ ભાવના અને 'કચ્છ દર્શન ના પ્રવાસીઓની ઉક્ત પ્રબળ ઈચ્છાનો સમન્વય અને ચરિતાર્થ એટલે જ કેડીઓ ક્લાસિક.

### કેડીઓ ક્લાસિકની સ્થાપના

'કેડીઓ ક્લાસિક'ની શનિવાર, તા. ૨૯-૦૬-૧૯૯૬ ના રોજ સ્થાપના થઈ છે. ''કચ્છ દર્શન' પ્રવાસના પ્રવાસીઓ ઉપરાંત હકારાત્મક (POSITIVE) અને રચનાત્મક (CONSTRUCTIVE) વિચારધારા ધરાવનાર તથા માદરે વતન કચ્છના વિકાસમાં રસ ધરાવનાર શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના અન્ય યુગલોને પણ સભાસદ કરવાનો નિર્ણય થયેલ. કેડીઓ ક્લાસિકમાં અપવાદ બાદ કરતાં ફક્ત યુગલ (COUPLE) ને જ સભાસદ તરીકે લેવામાં આવે છે અને ફક્ત આમંત્રણથી જ સભાસદ કરવામાં આવે છે. ''કેડીઓ ક્લાસિક''માં ૫૦% સભાસદો મહિલાઓ છે અને વ્યવસ્થાપક સમિતિના સભાસદો તરીકે એમને ૫૦ બેઠકો આપવામાં આવી છે.

### : કેડીઓ ક્લાસિક ના ઉદ્દેશ અને ધ્યેય :

૧. સંસ્થાના સભાસદોમાં ભાઈચારો/સૌહાર્દ/સ્નેહ વધે તે માટે વખતોવખત મેળાવા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મનોરંજન કાર્યક્રમ, ભોજન સમારંભ વગેરેનું આયોજન કરવું.

૨. કચ્છ અંગે તથા સભાસદોના સામાન્ય હિત માટે જુદા જુદા વિષય ઉપર વિચારગોષ્ટિ, પેનલ ચર્ચા, સત્ર સભા, પ્રવાસ, પ્રદર્શન વિગેરેનું આયોજન કરવું.



૩. કચ્છ જીલ્લા અને ખાસ કરીને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિની વસ્તીના મૂળ ૩૯ ગામોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરવા તથા એને માટે જરૂરી પગલાં લેવા.

૪. સભાસદો, એમના બાળકો અને એમના કુટુંબીજનોમાં કલા, નેતૃત્વ, સાંસ્કૃતિક અને શૈક્ષણિક નિપુણતા વધે તેવી પ્રવૃત્તિઓ કરવી.

૫. સમાજ અને ખાસ કરીને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રેય માટેના કાર્યો કરવાં.

૬. કચ્છ જીલ્લા અને ખાસ કરીને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના વસ્તીના મૂળ ૩૯ ગામોના વિકાસ માટે તેમજ ત્યાંની કલા, સંસ્કૃતિ તથા લોકજીવન બાબતે સંશોધન, પ્રચાર, સંવર્ધન અને ઉત્કર્ષ માટે નાત, જાત ધર્મ કે કોમના ભેદભાવ વગર પ્રયત્ન કરવા અને તેની પુષ્ટિ માટે આવશ્યક પ્રવૃત્તિઓ કરવી કે તેવી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું.

### કેડીઓ ક્લાસિકની પ્રવૃત્તિ

મુંબઈ શહેરમાં છૂટા-છવાયા રહેઠાણ ધરાવતા 'કેડીઓ ક્લાસિક'ના સભાસદો વચ્ચે સંપર્ક વધે, વિચારોની આપ-લે થાય, આત્મિયતા વધે અને કૌટુંબિક વાતાવરણ ઉભું થાય

# કેડીઓ ક્લાસિકની ૨૫ વર્ષની 'સુહાની સફર'

એ લક્ષમાં રાખી ''કેડીઓ ક્લાસિક'' નિયમિત પોતાના સભાસદો માટે નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે, આને ધારી સફળતા મળી છે. જ્ઞાતિના હકારાત્મક (POSITIVE), રચનાત્મક (CONSTRUCTIVE) અને પ્રગતિશિલ (Progressive) વિચારસરણી ધરાવતા જ્ઞાતિજનોને જ્ઞાતિની ઉન્નતિ/ પ્રગતિ માટે સહકારથી કાર્ય કરવા એક છત્ર હેઠળ એકઠા કરવાનો 'કડીઓ ક્લાસિકનો અભિયાન બહુ યશસ્વી નીવડેલ છે.

જ્ઞાતિની સર્વ સંસ્થાઓ એક-બીજા સાથે ખભે-ખભા મેળવી કાર્ય કરે, એક બીજાને સંપૂર્ણ સહકા નથી એક-બીજાને પૂરક બની રહે એવી શુભ ભાવના 'કેડીઓ ક્લાસિક'' ધરાવે છે. આના અનુરૂપ કચ્છમાં પ્રવૃત્તિ કરતી આપણી જ્ઞાતિની આઠ સંસ્થાઓની એક સંયુક્ત સભાનું તા. ૦૪-૦૮-૧૯૯૬ના રોજ 'કેડીઓ ક્લાસિક દ્વારા આયોજન થયું હતું. જેમા કચ્છમાં કાર્ય કરવા અને જ્ઞાતિના ઉત્કર્ષ બાબત યંત્રણા ઊભી કરવા વિચારાયું અને નક્કી કરાયું. જેને ભવિષ્ય પ્રકલ્પમાં સમાવી લેવાની નક્કી કરાયું.



આના અનુસંધાનમાં કચ્છના આપણા ૩૯ ગામોના મધ્યબિંદુ સમાન કોઠારા ગામ કચ્છની પ્રવૃત્તિ માટેનું સ્થળ નક્કી થયું હતું.

## કેડીઓ ક્લાસિકના ભામાશા




હિતેશભાઈ મોતા

કેડીઓ ક્લાસિકના દરેક સભ્યો એક એકથી ચઢિયાતા છે અને તેઓ છેલ્લાં ૨૮ વર્ષથી મેમ્બરો પણ છે. પણ આજે આ મેમ્બરોમાં બે મેમ્બરોનો ખાસ ઉલ્લેખ કરવું જરૂરી છે. જેમાં એક હિતેશભાઈ મોતા અને હરીશભાઈ ધરમશી (એચ. ડી. ફાયરવાળા) જેવો ફાઉન્ડેશન, ક્લાસિક તેમજ યુવા પાંખના કોઈપણ કાર્યક્રમ હોય તેઓ સૌથી પહેલા ઊભા રહે છે અને ત્રણેય પાંખનું પૈસા ના લીધે કામ અટકતું નથી.



હરીશભાઈ ધરમશી

## કેડીઓ સમાજના 'ભામાશા'




કેડીઓ ક્લાસિકની શરૂઆતથી જ જેમનો સિંહફાળો છે એવી જાજરમાન વ્યક્તિત્વ ધરાવનારા શ્રી હિતેશભાઈ માણેકજી મોતા કે જેઓ કેડીઓ ક્લાસિકની દરેક પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ અને કચ્છ તથા કચ્છમાં વસતા બંધુઓ માટે કંઈક કરી અને મારા બંધુઓને આગળ લઈ આવું. મારા દરેક ગામડાઓને સમૃધ્ધ બનાવું એના માટે ખૂબજ પ્રયત્નશીલ રહ્યા છે.

સાથે સાથે શ્રી હરીશભાઈ ધરમશી જેઓ પણ કેડીઓ ક્લાસિકના પેટર્ન મેમ્બર છે અને કેડીઓ ક્લાસિકની કોઈપણ હાકલ હોય સ્વયંભુ તૈયાર જ હોય આ બંન્ને વિરલાઓ આજના 'ભામાશા' છે કચ્છ માદરે વતન માટે કે કચ્છના બંધુઓને હાથ અને સાથ આપવા તત્પર જ હોય છે. ફક્ત કચ્છી સમાજમાં નહીં પરંતુ રાષ્ટ્રના હિત માટે, ધર્મની રક્ષા કાજે સંસ્કૃતિના જતન માટે તન-મન-ધનથી ત્રણે રીતે સદાય તૈયાર. જોગાનું જોગ બન્ને મહારથીઓની રાશિ પણ એકજ. આપણે ભાગ્યશાળી છીએ કે આવા વિરલાઓનો સાથ આપણને સાંપડ્યો છે.

– મુકેશ મૈશેરી,
પ્રમુખ કેડીઓ ક્લાસિક

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION



શાંતિલાલ મુલજી શિયાલ (સંસ્થાપક)



મણિકાંત હીરજી ધુલ્લા (સંસ્થાપક)



જયંત લક્ષ્મીચંદ લાપસીયા (ટ્રસ્ટી)



એડ. મીનલ ભરત ખોના (ટ્રસ્ટી)



હીરાચંદ દામજી દંડ (ટ્રસ્ટી)



રાજેશ પ્રેમજી શાહ (ટ્રસ્ટી)

KDO Classic ની શરૂઆત ડિસેમ્બર ૧૯૯૩માં થઈ, જ્યારે કચ્છના જખૌ ગામના બે દ્રષ્ટાવાન નેતાઓ શ્રી શાંતિલાલ મુલજી શિયાલ અને શ્રી મણિકાંત હીરજી ધુલ્લા માંડવી ખાતે શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (VRTI) ની મુલાકાતે ગયા હતા. VRTI ખાતે થયેલા સમાજ સેવા પ્રોજેક્ટથી પ્રભાવિત થઈ, તેમણે જખૌ ગામમાં પણ આકૃતિ આર્થિક વિકાસ લાવવાના વિચારો વિકસાવ્યા. ચાર મહિના સુધી ગામની આવશ્યકતાઓના સર્વે બાદ, વિકાસ માટે પાંચ વર્ષનો સમય અને મોટા પ્રમાણમાં નાણાંકીય રોકાણ સાથે પ્રોજેક્ટને રચના આપવામાં આવી. ૧ મે, ૧૯૯૪ના રોજ આ વિકાસ કાર્યક્રમની શરૂઆત થઈ.

# મૈત્રી સંગઠનથી શરૂ થઈ સમાજસેવાથી દેશ સેવા સુધી કેડીઓ ક્લાસિક પરિવારની સફર

### કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને ઉપયોગી પ્રવૃત્તિઓ શરૂ કરવાના શુભ ઇરાદે ઉપરોક્ત સંસ્થાની તા. ૦૧.૦૨.૧૯૯૮ ના રોજ અને સ્થાપના કરેલ છે. શ્રી ક.દ. ઓ. જ્ઞાતિની અન્ય સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન/નકલ કરી હરીફાઇ કરવાનો આમણી સંસ્થાએ પ્રથમથી જ નિર્ણય કરેલ છે.

બહુ વિચારણા બાદ નિર્ણય લેવાયો જે વૈદકિય સારવારમાં અન્ય કોઇ જ્ઞાતિ સંસ્થા બહુ મોટા પાયે પ્રવૃત ન હોવાથી આપણે વૈદકિય સારવાની પ્રવૃતિ હાથ ધરવી, કારણ વૈદકિય સારવાર દિન પ્રતિદિન અતિ ખર્ચાળ થતી જાય છે. નાણાંની વ્યવસ્થાને અભાવે મધ્યમ વર્ગના જ્ઞાતિજનો સમયસર સારવાર મેળવી શકતા નથી આથી રોગ વધુ વકરે છે અને ન છુટકે જ્ઞાતિજનોને યાતના ભોગવવી પડે છે.

વૈદકિય સારવારમાં ક્યાંથી શરૂઆત કરવી. એ અંગે હોસ્પિટલના ડીન તથા આપણી જ્ઞાતિના અગ્રગણ્ય ડોક્ટર્સની સલાહ લેવામાં આવી હતી. લગભગ બધાનો મત હતો જે ‘પ્રથમ દ્રષ્ટિ’ (SIGHT FIRST) ને મહત્વ આપી આંખની સારવારથીજ વૈદકિય સારવાર પ્રવૃત્તિનો પ્રારંભ કરવો.

આ સલાહ અનુસાર આંખની સારવાર શરૂ કરવાનો આપણે નિર્ણય કર્યો અને એના અનુસંધાનમાં તા. ૧૨.૦૪.૧૯૯૮ ના રોજ ડોંબિવલીમાં અને તા. ૧૦.૦૧.૧૯૯૯ ના રોજ ભાંડુપમાં એમ બે નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો લાભ ૪૭૦ જ્ઞાતિજનોએ લીધો હતો.

ત્રાંસી આંખ/મોતિયા/ છારીના નવેંબર, ૨૦૦3 સુધીમાં અધતન PHACO-EMULSIFICATION (લેઝર) પધ્ધતિથી તથા ઇમ્પોર્ટેડ લેન્સ નાખી કુલ ૨૮૦ ઓપરેશન આપણી સંસ્થા તરફથી નિ:શુલ્ક (FREE) સફળતા પૂર્વક કરાવી આપવામાં આવ્યા છે. આજ દિવસ સુધીમાં ફક્ત એક જ દર્દીનું એક આંખનું ઓપરેશન નિષ્ફળ ગયેલ છે. બાકીના બધા જ ઓપરેશન સફળ રહ્યા છે.

અત્યાર સુધીમાં આ અભિયાનમાં રૂા.૧૪,૨૦,000/- થી વધુ ખર્ચ થયેલ છે.

આપને જણાવતાં હર્ષ થાય છે જે ખર્ચની બધી રકમ ’કેડીઓ ક્લાસિક’ ના સભાસદો અને એમના સગાસબંધીઓ પાસેથી આવેલ છે. હજી સુધી ભંડોળ માટે જ્ઞાતિ/સમાજ પાસે સંસ્થાને હાથ લંબાવવો પડયો નથી.

’કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ’ તથા ’કેડીઓ ક્લાસિક’ અને એના વર્તમાન તથા ભૂતપૂર્વ સભાસદો આ હકીકતનો જરૂરથી ગૌરવ લઇ શકે છે.

લાયન શ્રી તારાચંદ બાપા હોસ્પિટલ એન્ડ, રીસર્ચ સેન્ટર, જૈન સોસાયટી, શીવ (પૂર્વ), મુંબઇ સાથે અત્યાધુનિક PHACO-EMULSIFICATION (લેઝર) પધ્ધતિથી ઓપરેશન કરાવી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. એક જ સ્થળે તપાસણી સારવાર - પેથોલોજી ટેસ્ટ - ઓપરેશન શક્ય બન્યા છે.

ભારતમાં ગમે ત્યાં વસતા કોઇપણ જ્ઞાતિજનની આંખની સારવાર/ઓપરેશન નિ:શુલ્ક (FREE) કરાવી આપવામાં આવે છે, જેનો લાભ લેવા જ્ઞાતિજનોને ભલામણ કરશોજી. લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિજને પોતાના ખર્ચે હોસ્પિટલ પહોચવું પડશે અને હોસ્પિટલથી પાછા પોતાના ખર્ચે જવું પડશે. હોસ્પિટલ પહોંચ્યા પછીની સર્વ વ્યવસ્થા આપણી સંસ્થા તરફથી કરવામાં આવશે.

જ્ઞાતિજનો દ્વારા લેખિત અરજી કરેથી ડોક્ટરનું એપોઇન્ટમેન્ટ મેળવી જ્ઞાતિજનને કયે દિવસે આંખ બતાવવા આવવાનું છે તેની આપણા તરફથી જાણ કરવામાં આવે છે. આંખની તપાસણી/ ઓપરેશન વખતે આપણી સંસ્થાના હોદ્દેદાર/સભાસદ જાતે હાજર રહે છે. આ સંસ્થાનો જુદો ટ્રસ્ટ રચવાના પગલાં લેવાઇ રહ્યા છે.

### કેડીઓ ક્લાસિક ના કાર્યોની ઝાંખી

જ્ઞાતિની સર્વ સંસ્થાઓ એક બીજા સાથે ખભે ખભા મેળવી કાર્ય કરે અને એક બીજાને પૂરક બની રહે એવી શુભ ભાવના કેડીઓ ક્લાસિક ધરાવે છે. કેડીઓ ક્લાસિક’ દ્વારા જ્ઞાતિને સ્પર્શતા થયેલા કાર્યોની ઝલક નીચે આપીએ છીએ:

(૧) તા. ૦૪-૦૮-૧૯૯૬ ના કચ્છમાં કાર્યરત સંસ્થાઓની એક સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં કચ્છ વિશેના મહત્વના નિર્ણયો લેવાયા હતા.

(૨) તા. ૦૫-૦૧-૧૯૯૭ ના પોંક પાર્ટી માટે સુરત ગયા હતા ત્યારે સુરત / ઉધનામાં વસતા આપણા સર્વ જ્ઞાતિજનો સાથે સાંજના જમણ સાથે એક સભા બોલાવી હતી. સુરત / ઉધનાના જ્ઞાતિજનોએ કહેલ કે તેઓ પહેલી વખત એક સ્થળે એક સાથે મળી રહ્યા છે અને હવે સુરત / ઉધના જ્ઞાતિજનોનું એક મહાજન / સંસ્થા જરૂરથી બનાવીશું.

(૩) તા. ૧૬-૦૬-૧૯૯૭ ના રોજ સમસ્ત જ્ઞાતિ માટે ડો. પ્રતાપ કદ્રેયાનો જૈન ધર્મના વિવિધ દેરાસરો /તીર્થ (જેમાં શ્રી અનંતનાથજી મહારાજ જૈનદેરાસરજીનો પણ સમાવેશ હતો) ના દર્શન કરાવતો જગ પ્રસિધ્ધ SLIDESHOW નું કાલિદાસ હોલ મુલુંડ, મુંબઇમાં આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં કચ્છના હાલના રાજવી નામદાર મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજા અધ્યક્ષ સ્થાને હતા. કચ્છના રાજવી આપણી જ્ઞાતિના મુંબઈના કાર્યક્રમમાં કદાચ પ્રથમ વખત હાજર હતા. આ પ્રસંગે હાજર સર્વ વયસ્ક પ્રતિષ્ઠિત જ્ઞાતિજનોનું પણ સન્માન કરાયું હતું.

### DAY CARE MEDICAL CENTRE

પેથોલોજીકલ લેબોરેટરી/ એક્સ-રે/સોનો-ગ્રાફી/કાર્ડીયોગ્રામ/નાના ઓપરેશન થીએટર/ડોક્ટર્સની કન્સલટેશન કેબીનો વગેરે સાથે DAY CARE MEDICAL CENTRE ઊભું કરવાની આપણી સંસ્થાની નેમ છે. આ ભગીરથ કાર્યમાં આપણા સર્વ સભાસદોનો તથા જ્ઞાતિનો સાથ-સહકાર આપણને મળી રહેશે એવો આપણને વિશ્વાસ છે.

(૪) તા. ૧૨-૦૪-૧૯૯૮ ના રોજ ડોંબિવર્લીમાં પ્રથમ નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન થયું હતું.

(૫) તા. ૦૪-૦૭-૧૯૯૮ થી તા.૩૧-૦૭-૧૯૯૮ના આપણી જ્ઞાતિના જ ૪૧ પર્યટકો સાથે યુરોપનો ૨૭ દિવસનો સુયોજીત પ્રવાસ આયોજીત કર્યો હતો. આ પ્રવાસની વિગત અને આવરી લેવાયેલા સ્થળોના આયોજનની ટ્રાવેલ એજન્સીઓએ પણ સરાહના કરી હતી.

(૬) તા. ૧૯-૦૭-૧૯૯૮ ના સંસ્થા મારફત આંખોના ઓપરેશન કરાવી ગયેલા જ્ઞાતિજનોની એમના અભિપ્રાય જાણવા ડોંબીવલીમાં સભાનું આયોજન થયું હતું.


(૭) તા. ૧૦-૦૧-૧૯૯૯ નારોજ ભાંડુપમાં દ્વિતિય નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન થયું હતું.

(૮) તા. ૨૬-૦૧-૧૯૯૯ ના રોજ શ્રી વીરજી લધાભાઈ ક.દ. ઓ. વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર, મુંબઇના છાત્રો સમય મળે ત્યારે TV પર શૈક્ષણિક, રમત ગમતના કાર્યક્રમો વગેરે જોઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવી શકે માટે મોટા સ્ક્રીનવાળું નવું TV કેબીનેટ સાથે ભેટ આપવામાં આવેલ.

(૯) તા. ૨૧-૦૮-૨૦૦૦ ના રોજ સમસ્ત જ્ઞાતિ માટે કાલિદાસ હોલ, મુલુંડ, મુંબઈમાં

---

## કેડીઓ ક્લાસિક અને એકલ શ્રીહરિ ટ્રસ્ટ: જનજાગૃતિ માટેમાં સુભગ સાથીદારી



કેડીઓ ક્લાસિકની શરૂઆત વર્ષ ૧૯૯૬થી શરૂઆત ખૂબ આનંદ ઉલ્લાસથી થઈ. મોભી જ્ઞાતિજનોએ ખૂબ યોગદાન આપ્યું. શ્રી શાંતિલાલભાઈ શાહ તથા શ્રી મણિકાંતભાઈ ધુલ્લાએ ખૂબ જહેમત ઉઠાવી મજબૂત પાયો નાખ્યો. સંસ્થા એક પછી એક જરૂરિયાત અને સમય અનુસાર જ્ઞાતિમાં એકતા અને સંગઠનની ભાવના વધે એ માટે પિકનિક, ટૂર, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી પ્રવૃત્તિઓ કરતી રહી છે. સાથે સાથે જ્ઞાતિના જરૂરિયાતમંદ લોકો માટે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અમૂલ્ય સેવા નિસ્વાર્થ ભાવે આપતી રહી છે. મને કેડીઓ ક્લાસિક સાથે ૧૯૯૬થી સંકળાયેલા રહેવાનું સદભાગ્ય સાંપડ્યું છે. આજે કેડીઓ ક્લાસિક દ્વારા ૨૮ વર્ષ સુધી કરાયેલી પ્રવૃત્તિઓના યાદગાર સંભારણા હજી તાજા છે. હવે જ્યારે કેડીઓ ક્લાસિકએ ભારતભરમાં ધર્મ, શિક્ષણ અને સંસ્કૃતિના સંગોપન માટે અવિરત કાર્ય કરતા એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટના કાર્યોમાં તન અને ધનથી સપોર્ટ આપવાનો નિર્ણય લીધો છે ત્યારે એ પહેલ અંતર્ગત કરવામાં આવનારી પ્રવૃત્તિઓની ઝલક મેળવીએ.

આજે ૩૬ વર્ષથી એકલ શ્રીહરિ સંસ્થાની પ્રવૃત્તિઓથી દેશભરના ૨૮ રાજ્યોના ૭૦ હજાર ગામ ધમધમી રહ્યા છે. સંસ્થા દ્વારા ગ્રામ દત્તક યોજનામાં વનવાસી અને પછાત વિસ્તારના ગામને દત્તક લઇ ધાર્મિક જ્ઞાન, શિક્ષણ, સત્સંગ પ્રવૃતિઓનું સંચાલન થાય છે. આપણી સંસ્કૃતિ અને લોક પરંપરાઓ અંગે જાગૃતિ પ્રદાન કરાય છે. ગૌ ગ્રામ યોજનામાં દૂધ વગરના ગૌજીવ ખેડૂત પરિવારને આપી છાણ-ગોમૂત્રના ઉત્પાદનો દ્વારા તેમને સ્વાવલંબી બનાવવામાં આવે છે. એક લાખ સંસ્કાર કેન્દ્રની પ્રવૃત્તિઓ દેશના અંતરિયાળ ગામોને શિક્ષણ સાથે સંસ્કાર આપી રહી છે.

દેશભરમાં આવી બેનમૂન પ્રવૃત્તિઓ કરતી આ સંસ્થાનું કેડીઓ ક્લાસિક પરિવારના માધ્યમથી હવે પ્રથમવાર કચ્છના અંતિમ છેવાડાના અબડાસા તાલુકામાં આગમન થયું છે. અભ્યાસપૂર્ણ સર્વેક્ષણ દ્વારા ૯૦ ગામોને ચિન્હિત કરાયા છે જેનું સેન્ટર કોઠારા ગામ નિશ્ચિત કરાયું છે. સ્થાનિકના ૨૦-૨૫ જણને બે મહિના પ્રશિક્ષણ આપી તૈયાર કરાશે. અનુભવી માર્ગદર્શકોની નજર હેઠળ વિવિધ ગામોનું વિચરણ કરી લોકોમાં ધર્મ, સંસ્કાર આપસી એકતા અંગે જાગૃતિ આવે, રાષ્ટ્રભક્તિ પ્રગટે એ માટે સઘન ઝુંબેશ હાથ ધરાશે. મહિલાઓ-પુરુષો સ્વરોજગાર સાથે સશક્તિકરણ પામે એવા કલ્યાણકારી ભાવ આ ક્લાસિક અબડાસા પરિવાર અભિયાનનો છે. ધર્મના રક્ષણ સાથે સંસ્કાર, સંસ્કૃતિ સાથે રાષ્ટ્ર સેવાનું ક્લાસિક અભિયાન છે. એ ઉદ્દેશથી લોકકલ્યાણકારી કાર્યક્રમો થશે. કેડીઓ ક્લાસિક પરિવારને આ ઉમદા પ્રવૃત્તિમાં ઝળહળતી સફળતા મળશે જ.

**– મુકેશ મૈશેરી**
**પ્રમુખ કેડીઓ ક્લાસિક**

# મૈત્રી સંગઠનથી શરૂ થઈ સમાજસેવાથી દેશ સેવા સુધી કેડીઓ ક્લાસિક પરિવારની સફર

**JAYYANNT LAPSIAA**



*In times of virtual uncertainties, diminishing values, eroding cultures and madly striving for accumulation of wealth, it is becoming increasingly difficult for noble people to try and reach out to under privileged, and also at the same time try and bring likeminaded people together on platform and motivate them into doing significant service towards the upliftment of under privileged and parallelalso work towards preserving the rich heritage and culture of our Motherland i.e. KUTCH.*

*We, at KDO Classic, were fortunate to have a great Visionary leaders like Late ShriShantilalbhai and Shri Manikantbhai Dhulla, Late Shri G.V. Seth, Late Shri Mulji Raghavji Lodaya, Shri C.M. Shah and Shri Kirit Lapsia and conceptualized the creation of KDO Classic Society and focused on creating a vision for the future of KDO Classic.*

*After establishing and gaining stability in very few years of inception by successfully organizing get-togethers, picnics and cultural activities KDO Classic started the process of expanding the scope of their work towards Medical assistance and to some extent in the field of education. It started with the Eye Care which included performing free Cataract operations for underprivileged people in our community, followed by Knee, ENT and then went on to provide Dental treatment.*

*Performing this noble social service KDO classic has completed 28 years of joyful and successful existence. Now the KDO Classic has decided to further expand its scope of social service by helping Ekal Shri Hari Vanvasi Vikas Trust in their unique social service projects in Kutch, especially in Abadasa. Ekal Trust is doing exemplary social service for Tribal communities and underprivileged people by giving them religious, cultural awareness and educating them through one lakh Ekal schools. My heartfelt congratulations to KDO Classic for taking up this initiative of providing required support to EkalShriHari Trust in their unparallel service to the humanity.*

જતીન ભૂષણનો ‘‘દિલને ફીર યાદ કિયા’’ નામના જૂના ગીતોનો સંગીત સભર કાર્યક્રમ આયોજયો હતો. આ કાર્યક્રમ વખતે કેડીઓ ક્લાસિક’ તરફથી પ્રસિદ્ધ કરેલ (૧) શ્રી ક.દ.ઓ. જૈનજ્ઞાતિની સર્વ સંસ્થાઓના નામ - સરનામા - ફોન - ફેક્સ નંબર સ્થાપના અંગેની વિગત, સ્થાપકોના નામ, હાલના વહીવટકર્તાના નામ, ઉદ્દેશ, પ્રવૃત્તિઓ વગેરે સંપૂર્ણ માહિતીનું સંકલન કરી જ્ઞાતિ સંસ્થાઓની ડિરેક્ટરી અને (૨) કેડીઓ ક્લાસિક ના સભ્યોની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેની એક નકલ સર્વ મહાજન / સંસ્થાઓને મોકલવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન કેડીઓ ક્લાસિક’’ના સ્થાપક પ્રમુખશ્રી શાંતિલાલ મુલજી શિયાલ અને એમના પત્ની શ્રીમતી નિર્મળાબેનનું બહુમાન કરવામાં આવ્યું હતું.

(૧૦) તા. ૨૦-૧૦-૨૦૦૦ના કચ્છમાં શાળામાં ભણતા જ્ઞાતિના બાળકો/ બાલિકામાંથી જેમણે મુંબઇ ન જોયું હોય તેમને ‘‘મુંબઈ દર્શન’’ કરાવવાનું આયોજન કરાયું હતું. બાળકોને એમના ઘરેથી તેડી પાછા ઘરે મુકી અવાયા હતા. ૪ દિવસના મુંબઇ મુકામ દરમ્યાન બાળકોને ‘કેડીઓ ક્લાસિક’’ ના સભાસદોને ઘેર રાખવામાં આવ્યા હતા.

(૧૧) તા. ૨૬-૦૧-૨૦૦૧ ના કચ્છમાં વિનાશક ભૂકંપ થયો હતો. કચ્છમાં ભૂકંપ પીડિત ગામોમાં ફરી સંસ્થાના પદાધિકારીઓએ ઘરે ઘરે રૂબરૂ જઇ કુટુંબદીઠ રૂા. ૫૦૦૦/- રોકડા ‘‘જ્ઞાતિપ્રસાદ’’ તરીકે કુલરૂા. ૯,૦૦,૦૦૦/- ની રકમ પહોંચાડી હતી. ઉપરાંત જ્ઞાતિ સ્તરે રચાયેલ મધ્યસ્થ ભૂકંપ સમિતિને રૂા. ૧,૧૧,૧૧૧/- નો માતબર ફાળો આપ્યો હતો.

(૧૨) તા. ૦૨-૦૯-૨૦૦૧ કેડીઓ ક્લાસિક ના સ્થાપક સભાસદ શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ શિયાલ (જખૌ/ સાંતાક્રુઝ) નું સૂચન હતું જે અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસુરીશ્વરજી મહારાજ સાહેબ મુંબઈમાં છે. એમને એમના જન્મદિને તા. ૦૨-૦૯-૨૦૦૧ ના સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો ભેગા થઇ વંદન કરવા જાય તો જ્ઞાતિની પ્રતિભા વધશે. તે સૂચનનું શ્રી મુંબઇ મહાજનશ્રીએ સ્વીકાર કરતાં, પરમ પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબને એમના જન્મ દિવસે વંદન કરવા મુંબઇના વિવિધ પરામાંથી આપણી જ્ઞાતિની ૪૨ બસો અને અન્ય વાહનોમાં હજારો જ્ઞાતિજનો માટુંગા (મુંબઇ) અચલગચ્છાધિપતિ શ્રીને વંદન કરવા ભેગા થયા હતા.

(૧૩) તા. ૯-૫-૨૦૦૨ થી ૧૯-૫-૨૦૦૨ દરમ્યાન મુંબઇમાં શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં રૂા. ૮૭,૦૦,૦૦૦/- નો ફાળો એકઠો કરવાનો મૂળ શ્રેય કેડીઓ ક્લાસિક’ ના મૂળ બે સ્થાપકોમાંથી એક તથા કેડીઓ ક્લાસિક ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મણિકાન્ત હીરજી ધુલ્લા (જખૌ/ મુલુન્ડ) અને સ્થાપક સભાસદ શ્રી મુલજી રાઘવજી લોડાયા (સાંધવ/દાદર) ને જાય છે. સ્વયંસેવક તથા ભોજનની વ્યવસ્થા તથા પ્રતિષ્ઠાના દિવસે દેરાસરજીમાં જડબેસલાક વ્યવસ્થા અને શિસ્ત પણ શ્રી મણિકાંત ધુલ્લાની સૂઝબૂઝ અને વ્યવસ્થા શક્તિને કારણે હતી. આજે જ્ઞાતિના ૭૦૦થી પણ વધુ યુવક/યુવતી (જેઓ પ્રતિષ્ઠા વખતે સ્વયંસેવક હતા) શ્રી મણિકાન્ત ધુલ્લાનો પડયો બોલ ઝીલવા તૈયાર છે. આ ઉપરાંત કેડીઓ ક્લાસિક ના ભૂતપૂર્વ કોષાધ્યક્ષ/ માનદમંત્રી શ્રી ભરત મુલજી મૈશેરી (જખૌ/મુલુંડ) એ પ્રતિષ્ઠા મહોત્સવના કોષાધ્યક્ષ તરીકે નાણાં અને હિસાબ કિતાબનો પ્રસંશનીય વહીવટ સંભાળ્યો હતો.

(૧૪) તા. ૨૩ અને ૨૪-૦૫-૨૦૦૨ ના સાજન બેઠું માંડવે નામે બે દિવસનો લગ્નની વિધિ અને ગીતોનો ખાસ કાર્યક્રમ જ્ઞાતિ માટે ધ ફાઈન આર્ટ કલચરલ સેન્ટર, ચેમ્બુર મધ્યે રાખવામાં આવ્યો હતો.

(૧૫) તા. ૨૨-૦૯-૨૦૦૨ થીતા. ૦૩-૧૦-૨૦૦૨ ના આપણી જ્ઞાતિના જ ૨૭ પર્યટકો સાથે કેન્યા આફ્રિકન સફારી અને દુબઈ ના ૯ (નવ) દિવસના સુયોજીત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧૬) તા. ૨૪-૧૧-૨૦૦૨ ના સંસ્થાએ ‘‘વિનિયોગ પરિવાર’’ અને આપણી જ્ઞાતિના ઉત્તર પ્રદેશના ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસ શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા (પરજાઊ-લખનૌ) સાથે મળી જૈનોની ઘટતી જતી જન સંખ્યા પર એક રાષ્ટ્રિય કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ રાષ્ટ્રિય કોન્ફરન્સમાં ભારત સરકારના જનગણના (CENSUS) કમિશનર શ્રી બાંઠિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જેન સમાજના અનેક નામાંકિત અગ્રગણ્ય જૈન આગેવાનો હાજર હતા.

(૧૭) તા. ૧૨-૦૯-૨૦૦૪ ના રોજ મેહુલ ટાકીઝ, મુલુન્ડમાં સમસ્ત જ્ઞાતિ માટે કચ્છ પર આધારિત બાળ હિન્દી ફિલ્મ હેડાહોડા’ ના ખાસ સીનેમા શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧૮) કેડીઓ ક્લાસિક ની સૌથી અગત્યની પ્રવૃત્તિ ૧૯૯૮ થી શરૂ થઇ છે. આંખમાં કાપો નાંખ્યા વગર અધતન/ આધુનિક PHACOEMULSI-FICATION (લેસર) પધ્ધતિથી લેન્સ બેસાડી તા. ૩૧-૦૩-૨૦૦૬ સુધીમાં રૂા. ૧૮,૧૪,૦૦૦/- ના ખર્ચે કુલ ૩૬૯ આંખના સફળ ઓપરેશન થયા છે. અન્ય સેંકડો જ્ઞાતિજનો આંખની સારવાર લઈ ગયા છે. (વિગતવાર વધુ માહિતી કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ’ ના અહેવાલમાં આ પુસ્તિકામાં અન્યત્ર આપેલ છે જે જોઈ જવા વિનંતી છે.)

(૧૯) દશાબ્દિ વર્ષની ઉજવણી: તા. ૨૯-૬-૨૦૦૬ ના કેડીઓ ક્લાસિક ની સ્થાપનાને દશવર્ષ પૂર્ણ થયા અને એ નિમિત્તે રવિવાર તા. ૧૬ મી જુલાઈ ૨૦૦૬ ની સવારના રેનેસન્સ હોટલ, પવઈના ગ્રાન્ડ બોલરૂમ માં વિશ્વ વિખ્યાત કલાકારોના ગ્રુપ દ્વારા અનોખો મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બધા સભાસદ ભાઈઓ ચુડીદાર કુર્તા અને બહેનો બાંધણી પહેરી આવ્યા હતા.

પ્રમુખ શ્રી જયંતભાઈ લક્ષ્મીચંદ લાપસીયા (રવા/ માટુંગા) એ સૌને દશાબ્દિ વર્ષના અભિનંદન આપ્યા હતા. છેલ્લા દશ વર્ષમાં કેડીઓ ક્લાસિકે કરેલ સમાજ ઉત્કર્ષના કાર્યોને યાદ કરી જણાવ્યું કે ૨૬-૧-૨૦૦૧ ના કચ્છના વિનાશક ભુકંપ વખતે ‘કેડીઓ ક્લાસિક’ ના સભાસદોએ એકતા બતાવી જે ઝડપથી અસરગ્રસ્ત જ્ઞાતિજનોને જાતે જઈ મદદ પહોંચાડી હતી એ પ્રસંશનીય હતું. આજ સુધીમાં રૂા. ૧૮ લાખના ખર્ચે ૩૬૯ જ્ઞાતિજનોના મોતીબિન્દુના ઓપરેશન નિશુલ્ક કરાવી આપ્યા તે પણ એક મહત્વની સેવા હતી.

એમણે જાહેર કર્યું કે દશાબ્દિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે કચ્છમાં વસતાં આપણા બધા વડીલોને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરાવવી. બધા સભાસદોએ આ નિર્ણયને તાળીઓથી વધાવી લીધો હતો અને ઘણા સભાસદોએ તુરંત ૫ થી ૨૫ વડીલોની યાત્રાનો ખર્ચ આપવાની જાહેરાત કરી હતી.

(૨૦) શત્રુંજય તીર્થ યાત્રા : તા. ૧૨-૧૧-૨૦૦૬ ના કેડીઓ ક્લાસિક’ ના સભાસદોએ લગભગ ૪૦૦ જ્ઞાતિજનોને કચ્છમાં એમના ગામમાંથી ૮ બસોમાં તેડી જઈ તા. ૧૩-૧૧-૨૦૦૬ ના શ્રી શત્રુંજય તીર્થની ઉલ્હાસપૂર્વક યાત્રા કરાવી. એ ૮ બસોમાં એમને બીજે દીવસ પોતાના ગામે મુકી આવ્યા. આ યાત્રામાં કચ્છના યાત્રિકો સાથે કેડીઓ ક્લાસિકની મેનેજીંગ કમિટીના સભ્યો અને અન્ય ૨૦ સભ્યો જોડાયા હતા. આપણા તાત્કાલિન નિવૃત્ત પ્રમુખશ્રી મણિકાંત હીરજી ધુલ્લાના કુશળ આયોજન અને સંચાલનથી આ યાત્રા સફળ બની હતી. દરેક યાત્રિકને એક સુંદર ટ્રાવેલ બેગ, સેવાપૂજાની સર્વ સામગ્રી સાથે ભરતકામની ડિઝાઈનવાળો બટવો અને એક કેપ ભેટ આપવામાં આવી હતી.

# કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ (૧૯૯૮ થી ૨૦૧૬)
# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન (૨૦૧૬થી પ્રવૃત્ત)

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને ઉપયોગી પ્રવૃત્તિઓ શરૂ કરવાના શુભ ઇરાદે ઉપરોક્ત સંસ્થાની તા. ૦૧. ૦૨ ૧૯૯૮ ના રોજ આપણે સ્થાપના કરેલ છે. શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની અન્ય સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન નકલ કરી હરીફાઇ ન કરવાનો આપણી સંસ્થાએ પ્રથમથી જ નિર્ણય કરેલ છે.

બહુ વિચારણા બાદ નિર્ણય લેવાયો જે વૈદકિય સારવારમાં અન્ય કોઇ જ્ઞાતિ સંસ્થા બહુ મોટા પાયે પ્રવૃત્ત ન હોવાથી આપણે વૈદકિય સારવારની પ્રવૃતિ હાથ ધરવી, કારણ વૈદકિય સારવાર દિન પ્રતિદિન અતિ ખર્ચાળ થતી જાય છે. નાણાંની વ્યવસ્થાને અભાવે મધ્યમ વર્ગના જ્ઞાતિજનો સમયસર સારવાર મેળવી શકતા નથી આથી રોગ વધુ વકરે છે અને ન છૂટકે જ્ઞાતિજનોને યાતના ભોગવવી પડે છે.

વૈદકીય સારવારમાં ક્યાંથી શરૂઆત કરવી એ અંગે હોસ્પિટલના ડીન તથા આપણી જ્ઞાતિના અગ્રગણ્ય ડોક્ટર્સની સલાહ લેવામાં આવી હતી. લગભગ બધાનો મત હતો જે પ્રથમ દ્રષ્ટિ' (SIGHT FIRST) ને મહત્વ આપી આંખની સારવારથીજ વૈદકીય સારવાર પ્રવૃત્તિનો પ્રારંભ કરવો.

આ સલાહ અનુસાર આંખની સારવાર શરૂ કરવાનો આપણે નિર્ણય કર્યો અને એના અનુસંધાનમાં તા. ૧૨૦૪,૧૯૯૮ રોજ ડોબિવલીમાં અને તા. ૧૦.૦૧ ૧૯૯૯ ના રોજ ભાંડુપમાં એમ બે નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું ના હતું જેનો લાભ ૪૭૦ જ્ઞાતિજનોએ લીધો હતો.

તા.૧૨-૪-૧૯૯૮ ડોંબિવલીમાં પ્રથમ નેત્ર ચિકિત્સા શિબિર વીરા સ્કૂલમાં યોજવામાં આવી હતી. સભ્યો બસ દ્વારા સવારના નવી મુંબઈના જોવાલાયક સ્થળો ફરી અને જમીને બાદમાં ડોંબિવલી પધાર્યા હતા. આખો દિવસ કદઓ મંડળ ડોંબિવલીના પદાધિકારીઓ અને વરિષ્ઠ આગેવાનોની સહાયથી નેત્ર શિબિર યોજવામાં આવી હતી. મોતીયાના ઓપરેશન માટે નક્કી થયેલ જ્ઞાતિજનોને સાયનની તારાચંદબાપા લાયન હોસ્પિટલમાં બોલાવીને ઓપરેશન કરી આપવામાં આવ્યા.

તા.૧૦-૧-૧૯૯૯ અનંત સિધ્ધિ પરિસર ભાંડુપ ખાતે દ્વિતીય નેત્ર શિબિર યોજવામાં આવેલ. જેમાં વિવિધ કન્સલન્ટ ડોક્ટરો પધાર્યા હતા. જ્ઞાતિજનોની આંખોની તપાસ કરીને જ્રૂરીયાત હોય તેમને દવા કે ચશ્મા આપીને નિરાકરણ કરાયું હતું અને મોતીયાના ઓપરેશન માટે નક્કી કરાયેલ જ્ઞાતિજનોને સાયનની તારાચંદ બાપા લાયન હોસ્પિટલમાં ડૉ.દેવસ્થલી દ્વારા ઓપરેશન કરાવી આપવામાં આવ્યા હતા.

ત્રાંસી આંખ/મોતિયા/ છારીના નવેંબર, ૨૦03 સુધીમાં અદ્યતન PHACO EMULUSIFICATION (લેઝર) પધ્ધતિથી તથા ઇમ્પોર્ટેડ લેન્સ નાખી કુલ ૨૮૦ ઓપરેશન આપણી સંસ્થા તરફથી નિઃશુલ્ક (FREE) સફળતા પૂર્વક કરાવી આપવામાં આવ્યા છે. બધા જ ઓપરેશન સફળ રહ્યા છે.

અત્યાર સુધીમાં આ અભિયાનમાં રૂા. એક કરોડ ૧૫ લાખ થી વધુ ખર્ચ થયેલ છે. આપને જણાવતાં હર્ષ થાય છે જે ખર્ચની બધી રકમ કેડીઓ ક્લાસિક ના સભાસદો અને એમના સગાસબંધીઓ પાસેથી આવેલ છે. હજી સુધી ભંડોળ માટે જ્ઞાતિ/સમાજ પાસે સંસ્થાને હાથ લંબાવવો પડયો નથી.


કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ' તથા 'કેડીઓ ક્લાસિક' અને એના વર્તમાન તથા ભૂતપૂર્વ સભાસદો આ હકીકતનો જરૂરથી ગૌરવ લઇ શકે છે. શ્રી જી.વી.શેઠના મિત્ર ડોક્ટર કેંકરે કે જેઓ લાયન તારાચંદ બાપા હોસ્પિટલના ડીન હતા તેની મદદથી લાયન શ્રી તારાચંદ બાપા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, જૈન સોસાયટી, શીવ (પૂર્વ), મુંબઇ સાથે અત્યાધુનિક PHACO-EMULSIFICATION (લેઝર) પધ્ધતિથી ઓપરેશન કરાવી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ. એક જ સ્થળ તપાસણી- સારવાર - પેથોલોજી ટેસ્ટ - ઓપરેશન શક્ય બન્યા છે. હવે તારાચંદ બાપા હોસ્પિટલ બંધ થતાં ડૉ.દેવસ્થલીના હોસ્પિટલથી પ્રવૃત્તિ ચાલે છે.

આ સેવામાં આપણે ૧૫/૨૦ વર્ષ સહકાર આપનાર ડૉ.કેંકરે હાલમાં બીમાર છે. પ્રભુ એમને લાંબુ આયુષ્ય આપે.

ભારતમાં ગમે ત્યાં વસતા કોઇપણ જ્ઞાતિજનની આંખની સારવાર ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવી આપવામાં આવે છે, જેનો લાભ લેવા જ્ઞાતિજનોને ભલામણ કરશોજી. લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિજને પોતાના ખર્ચે હોસ્પિટલ પહોંચવું પડશે અને હોસ્પિટલથી પાછા પોતાના ખર્ચે જવું પડશે. હોસ્પિટલ પહોંચ્યા પછીની સર્વ વ્યવસ્થા આપણી સંસ્થા તરફથી કરવામાં આવશે.

જ્ઞાતિજનો દ્વારા લેખિત અરજી કરેથી ડોક્ટરનું એપોઇન્ટમેન્ટ મેળવી જ્ઞાતિજનને ક્યા દિવસે આંખ બતાવવા આવવાનું છે તેની આપણા તરફથી જાણ કરવામાં આવે છે. આંખની તપાસણી/ ઓપરેશન વખતે આપણી સંસ્થાના હોદ્દેદાર/સભાસદ કોઈ એક જાતે હાજર રહે છે. આ સંસ્થાનો જુદો ટ્રસ્ટ કેડીઓ ક્લાસીક ફાઉન્ડેશન હવે આ પ્રવૃત્તિ કરે છે.

**દૃષ્ટિ અભિયાન :** છેલ્લા ૨૫ વર્ષમાં અમારા દૃષ્ટિ અભિયાનમાં મોતિયા (CATARACT) ના અસંખ્ય અદ્યતન લેસર (Phacoemulification) પદ્ધતિથી તથા ત્રાંસી આંખ (SQUINT EYE) ના ઓપરેશન સફળતાપૂર્વક થયા છે. ઉપરાંત આંખની નાની-મોટી તકલીફ માટે સેંકડો જ્ઞાતિજન સારવાર લઈ ગયા છે. ઓપરેશન પહેલાં જરૂરી તબીબી પરીક્ષણ (MEDICAL TESTS) અને ઓપરેશન બાદ ટીપાં/દવા અમારી સંસ્થા જ્ઞાતિજનને આપે છે. ભારતના વિવિધ રાજ્યોમાં વસતા આપણા જ્ઞાતિજનોએ અમારા આ લોકપ્રિય અભિયાનનો લાભ લઈ અમને સેવા કરવાનો મોકો



આપ્યો છે.

**દૃષ્ટિ અભિયાન (કચ્છ) :** કચ્છમાં વસતા જ્ઞાતિજનને આંખની સારવાર/ઓપરેશન માટે મુંબઈ સુધી ન આવવું

### થાણા ડિસ્ટ્રીકના કો-ઓર્ડિનેટર હેમંત ધુલ્લા અને કેતન લાપસીયા





ડોંબિવલી વેલ્ફેર ગ્રુપ ના કેતન વસંત લાપસીયા ડોંબિવલીના રહેવાસી હેમંત ધુલ્લા છેલ્લાં ૧૭ વરસથી ડોંબિવલીમાં પેથોલોજી લેબ ચલાવે છે. કેડીઓ ક્લાસિક હેમંતભાઈના નેજા હેઠળ જરૂરત જ્ઞાતિજનોને હેમંતભાઈના માર્ગદર્શન હેઠળ સેવાઓ આપી રહી છે. જેમાં થાણા ડિસ્ટ્રીકના ડોમ્બિવલી, ઠાકુર્લી, દિવા, કલ્યાણ, અંબરનાથ, બદલાપુર, શાહપુર તેમજ આજુબાજુના પરિસરોમાં ખૂબજ સારી સેવા આપી રહ્યા છે.


૧લી એપ્રિલ ૨૦૨૩ થી અત્યાર સુધીમાં હેમંતભાઈએ ૨૦૦૦ થી વધારે જ્ઞાતિજનોને મેડિકલ તેમજ પેથોલોજીની સેવાઓ આપેલ છે. આ બાબતે આ સેવા માટે જ્ઞાતિજનોને પાસે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી અને યોગ્ય સારવાર કરી આપવામાં આવે છે.

કોઈપણ મેડિકલ ચેકઅપ અથવા ટ્રીટમેન્ટ સુપર સ્પેશિલિસ્ટ હોસ્પિટલોમાં જ કરવામાં આવે છે. આ માટે હેમંતભાઈ ધુલ્લા, કેતન વસંત લાપસીયા તેમજ તેમની ટીમ તન-મન-ધનથી સેવાઓ કરે છે.

કેડીઓ ક્લાસિકની કોઈપણ સેવાઓ માટે રાજેશભાઈ લોડાયાનો સંપર્ક સાધવો જરૂરી છે.

જેથી કરીને હેમંતભાઈ આગળની ટ્રીટમેન્ટ બહુ ફાસ્ટ ચલાવી શકે.

### કેડીઓ ક્લાસિકે રચ્યો આંખની સારવારનો વિક્રમી ઈતિહાસ



કેડીઓ ક્લાસિકની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં શાંતિલાલભાઈ મુલજી શિયાલના માર્ગદર્શનમાં મીનાબેન શાંતિલાલ નાગડા (શાહ) નલિયા-માટુંગા, મધુબેન હિતેન્દ્ર મોતા (વાંકુ-મઝગામ), ગીતાબેન મયૂરભાઈ વિક્મશી (રાણપર-વડાલા), હિનાબેન તિલકચંદ છેડા (શાહ) તેરા-ચેંબુર એ જ્ઞાતિજનો માટે આંખના વિવિધ રોગોની ફ્રી સારવાર માટે સુવિધા ઊભી કરી. આ માટે તેમણે સાયન, મુંબઈ સ્થિત લાયન શ્રી તારાચંદ બાપા હોસ્પિટલ સાથે ટાઈ અપ કર્યું. આ સુવિધા અંતર્ગત સેંકડો જ્ઞાતિજનોએ અત્યાધુનિક પદ્ધતિથી મોતિયા સહિત આંખના વિવિધ રોગોનો સફળતાપૂર્વક ઈલાજ કરાવવાનો લાભ લીધો. આમ શાંતિલાલભાઈએ કેડીઓ ક્લાસિકના માધ્યમથી અનેક જ્ઞાતિજનોના જીવનમાં દષ્ટિનો પ્રકાશ પાથરવાનું ઉત્તમ કાર્ય કર્યું.



શાંતિલાલભાઈના અવસાન પછી એમના આ કાર્યને રાજેશ પ્રેમજી લોડાયાએ આજ દિવસ સુધી સારી રીતે સંભાળી રહ્યા છે. જેમાં તેમને લાયન્સ તારાચંદ બાપા હોસ્પિટલ બંધ થઈ જતા ત્યાંના જ ડૉ.દેવસ્થળી જેમની પ્રાઈવેટ ક્લિનિક માટુંગામાં છે. ત્યા આગળ મોર્ડન ટેક્નોલોજી સાથેની આ ટ્રીટમેન્ટ અવિરત ચાલુ રાખી.

આ પ્રોજેક્ટમાં સમય જતાં રાજેશભાઈ લોડાયાના માર્ગદર્શનમાં નયનાબેન પૃથ્વીરાજ મોમાયા (વરાડીયા-માટુંગા), સરસ્વતીબેન જયંતીભાઈ લાપસીયા (રવા-માટુંગા), લીલાબેન સુશીલભાઈ લોડાયા (શાહ) મંજલ-સાયનને આ જ દિવસ સુધી લગભગ ૨૦૦૦ થી વધુ દર્દી ઓને નિઃશુલ્ક સેવા આપી અને હજી પણ આપી રહ્યા છે. આમાં ડૉક્ટર દેવસ્થળીએ સારામાં સારા ઉપકરણોથી આ ટ્રીટમેન્ટ આપી રહ્યા છે. તે માટે આપને શાંતિભાઈ, મણિકાંતભાઈ અને રાજેશભાઈનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

## કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ (૧૯૯૮ થી ૨૦૧૬) ૮મા પાનાથી ચાલુ....

# હાલમાં કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા થતી પ્રવૃત્તિઓ

પડે એ શુભ ઈરાદાથી અમારી સંસ્થાએ લેવા પટેલ હોસ્પિટલ-ભુજ સાથે વ્યવસ્થા ઊભી કરી છે. જ્યાં જ્ઞાતિજનની આંખની સારવાર અને મોતિયા (CATARACT) ના ઓપરેશન નિ:શુલ્ક (FREE) કચ્છમાં જ કરી આપવામાં આવશે. કચ્છમાં વસતા જ્ઞાતિજનો અમારા આ દૃષ્ટિ અભિયાનનો લાભ લઈ રહ્યા છે. આ ઉપરાંત કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનએ કોઠારા સાર્વજનિક દવાખાના, કોઠારામાં જ્ઞાતિજનને તપાસણી, દવા, ઈન્જેક્શન, પેથોલોજી ટેસ્ટ, ECG વગેરે ટ્રીટમેન્ટ નિ:શુલ્ક (FREE) મળે એવી વ્યવસ્થા સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શરૂ કરેલ છે. દર મહિને ૪૦ થી ૫૦ જ્ઞાતિજનો લાભ લઈ રહ્યા છે.



**ડાયાબિટીસ અભિયાન :** ડાયાબિટીસના નિષ્ણાત ડૉક્ટર શ્રીમતી પ્રાંજલી કૌશલ શાહ (મુલુંડ) (Diabetologist)ની સલાહ તથા દેખરેખ હેઠળ આખું વર્ષ જ્ઞાતિજનની શર્કરા સ્તર (SUGAR LEVEL) ઓછું કરવા કે જાળવી રાખવા (REDUCE/ MAINTAIN)ની સારવાર આપવામાં આવી હતી. આખા વર્ષની ડૉક્ટરની ફી, ડાયાબિટીસની માત્રા જાણવા જરૂરી પરીક્ષણો (TESTS) વગેરે અમારી સંસ્થા દ્વારા પ્રાયોજીત થતું. ડાયાબિટીસની તકલીફ હોય તેવા સર્વ જ્ઞાતિજનોને અમારી ભલામણ છે જે અમારા ડાયાબિટીસ અભિયાનનો લાભ લઈ આપનું ડાયાબિટીસ નિયંત્રણમાં રાખશોજી.



**દંત અભિયાન :** દાંતની તકલીફ નાના-મોટાને અવાર નવાર થાય છે. વર્તમાન સમયમાં દાંતની ચિકિત્સા અને સારવાર અતિ ખર્ચાળ થઈ ગયા છે. દંત અભિયાન હેઠળ દાંતની વિવિધ તકલીફોની સારવાર અપાય છે તથા જરૂર હોય એમને બત્રીસી (Denture) કરાવી આપવામાં આવે છે. દાંતની ટ્રીટમેન્ટ માટુંગામાં ડૉ. અમી શાહ (નેચર ડેન્ટલ) તથા ડોંબિવલીમાં ડોંબિવલી વેલફેયર ગ્રુપ ક્લિનિકમાં કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અનેક જ્ઞાતિજનો અમારા દંત અભિયાનનો લાભ લીધો છે. જ્ઞાતિજનોને દંત અભિયાનનો લાભ લેવા ભલામણ છે.

**જ્ઞાન અભિયાન કચ્છ :** કચ્છના ગામડાઓમાં શિક્ષકોની અછતના કારણે શિક્ષણનું સ્તર નીચું જઈ રહ્યું છે. કચ્છમાં વસતા જ્ઞાતિના વિદ્યાર્થી ઓને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું શિક્ષણ મળે એ શુભ ઇરાદાથી કચ્છના વિદ્યાર્થીઓને વિરાયતન વિદ્યાપીઠ/ગુરૂકુળની નિવાસી શાળા (Residential School)માં દાખલ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીની સંપૂર્ણ ફી અમારી સંસ્થા ચૂકવે છે.

અમે ૧૫૦ જ્ઞાતિજનોને શ્રવણ યંત્ર Hearing Aid ની સહાય કરી છે. અમે હાલમાં કેટલાક નવીન અભિયાનો પર કાર્ય કરી રહ્યા છીએ. જ્ઞાતિજનોને વધુ સેવાઓ પ્રદાન કરવાના ઈરાદાથી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન કાર્ય કરી રહ્યું છે. ટુંક સમયમાં ડોંબિવલીમાં Pathology and Phisio Therapy ની ફેસીલીટી પણ શરૂ કરવામાં આવી રહી છે. અમને અમારા કાર્યમાં સફળતા મળે એ માટે જ્ઞાતિજનોનો સાથ જરૂરી છે.

ફક્ત એક પત્ર/ઈમેલ what'sapp જેમાં આપનું પુરૂ નામ/પુરૂં સરનામું/સંપર્કની માહિતી email id તથા આપની વૈદકિય તકલીફનું ટૂંક વર્ણન અમને લખી મોકલવાશો તો અમારા એ અભિયાનની સંપૂર્ણ માહિતી કુરીયર email દ્વારા આપને ઘેર બેઠા મળી જશે.

### X DAY CARE MEDICAL CENTRE



પેથોલોજીકલ લેબોરેટરી એક્સ-રે સોનો-ગ્રાફી/કાર્ડી યોગ્રામ/નાનાં ઓપરેશન થીએટર/ ડોક્ટર્સની કન્સલટેશન કેબીનો વગેરે સાથે Day Care Medical Centre ઊભું કરવાની આપણી સંસ્થાની નેમ છે. આ ભગીરથ કાર્યમાં આપણા સર્વ સભાસદોના તથા જ્ઞાતિનો સાથે-સહકાર આપણને મળી રહેશે એવો આપણને વિશ્વાસ છે.

## કેડીઓ ક્લાસિક પરિવાર દ્વારા બાળકો માટે ઓર્થોડોન્ટિક સુવિધાઓનો શુભારંભ

ઓર્થોડોન્ટિક સારવાર દર્દીના દાંત અને જડબાને યોગ્ય રીતે કાર્ય કરવા માટે શક્ય તેટલી શ્રેષ્ઠ સ્થિતિમાં ગોઠવવામાં અને એક મનોહર સ્મિત આપવામાં મદદ કરે છે. ઓર્થોડોન્ટિસ્ટ દાંતની વિવિધ સમસ્યાઓ ધરાવતા દર્દીઓની સારવાર માટે પ્લેટ્સ, બ્રેસીસ અથવા એલાઈનર્સ (Aligners) નો ઉપયોગ કરે છે. આ ઓર્થોડોન્ટીક સારવાર ૮ વર્ષ પછી અને ૧૮ વર્ષની ઉંમર પહેલા કરાવવામાં આવે તો ૬ મહિનામાં તેના સારા પરિણામ આવી શકે છે, પરંતુ જો ૩૫-૪૦ કે તેથી વધુ ઉંમરે કરાવવામાં આવે તો પરિણામ આવવામાં બે-ત્રણ વર્ષનો સમય લાગી શકે છે.

દાંતની વિવિધ સમસ્યાઓની સચોટ સારવાર : ઓર્થોડોન્ટીક ટ્રીટમેન્ટ

"આપના દાંત અને જડબાના કાર્યમાં સુધારો કરે છે" આપના મોઢાની અંદરના ભાગના સ્વાસ્થ્યને સારું રાખે છે.

"આત્મસન્માન અને આત્મવિશ્વાસમાં સુધારો કરે છે." આપના ચહેરાના દેખાવમાં સુધારો કરે છે.


જો સમયસર સારવાર કરવામાં ન આવે તો:



"જડબાંના હાડકાંની ગંભીર સમસ્યાનું કારણ બને છે જેને સુધારવા માટે સર્જરીની જરૂર પડી શકે છે. "પેઢાની સમસ્યાઓ થાય છે" ચહેરાનો અપ્રિય દેખાવ "સાંધાની સમસ્યા (ટેમ્પોરોમેન્ડિબ્યુલર સાંધાની) થઈ શકે છે." શ્વાસની સમસ્યાઓ થઈ શકે છે.

કેડીઓ ક્લાસિક પરિવાર દ્વારા જ્ઞાતિજનો માટે નિષ્ણાત ઓર્થોડોન્ટિસ્ટ ડો. દર્શના ખોના (વીરા) પાસે ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટ તેમના કરાવવાની વ્યવસ્થા કરાવવામાં આવી છે. જે જ્ઞાતિજનો ને આ નિ:શુલ્ક સારવારનો લાભ લેવો હોય તેમણે રાજેશ પ્રેમજી લોડાયાનો મોબાઈલ નં. ૯૮૨૦૦૩૪૭૯૫ પર સંપર્ક કરવો. (B.D.S., M.D.S. Orthodontics Dentofacial Orthopaedics) ૧૦૨, પહેલો માળ, આરએનજે કોર્પોરેટ, જવાહર રોડ, પારખ હોસ્પિટલની બાજુમાં, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ - ૪૦૦૦૭૭.

## વર્તમાન કમિટી



મુકેશ દામજી મૈશેરી
(પ્રેસિડન્ટ)



મીનાબેન શાંતિલાલ નાગડા
(વાઈસ પ્રેસિડન્ટ)



જિંતન પ્રતાપ દંડ
(સેક્રેટરી)



કેતન કુલીનકાંત નાગડા
જોઈન્ટ સેક્રેટરી



જયશ્રી નવીન જૈન
(ટ્રેઝરર)



ચેતન ગુલાબચંદ શાહ
(કમિટી મેમ્બર)



તેજસ બંકીમચંદ લાલકા
(કમિટી મેમ્બર)



રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
(કમિટી મેમ્બર)



લતા ભાગચંદ કારાણી
(કમિટી મેમ્બર)



દીપા હિરેન નાગડા
(કમિટી મેમ્બર)



સાધના સંજય નાગડા
(કમિટી મેમ્બર)

## કેડીઓ ક્લાસિક વટવૃક્ષનો વ્યાપ હવે થયો છે ગગનગામી



કોઈ કવિએ સુંદર પંક્તિઓ લખી છે કે, મન-ખેતરમાં નિત નિત વાવો શુભ સંકલ્પના બીજ.

આવું જ એક જ્ઞાતિસેવા કરવાના સંકલ્પનું બીજ જખૌ ગામના મુરબ્બી શ્રી શાંતિલાલભાઈ શિયાલ અને મણિકાંતભાઈ ધુલ્લાએ વાવ્યું અને સમાજના અગ્રણીઓએ તેને પ્રયત્નોના જળથી સીંચ્યું અને તેમાંથી ઉગ્યું કેડીઓ ક્લાસિક નામનું વૃક્ષ જે આજે ૨૮ વર્ષ પછી સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરીને બન્યું છે જ્ઞાતિજનોને શીતળ છાંયડો આપતું વટવૃક્ષ. મોંઘવારી રૂપી તડકાના તાપમાં કેડીઓ ક્લાસિકના તબીબી ક્ષેત્રના તેમ જ શિક્ષણ ક્ષેત્રના વડલાની છત્રછાયામાં આજે અનેક મધ્યમવર્ગી જ્ઞાતિજનો લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત જ્ઞાતિમાં સંગઠનની ભાવનાને બળવત્તર કરવા સંસ્થા દ્વારા પિકનિક, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા આનંદ-પ્રમોદના આયોજનો પણ આયોજનબદ્ધ રીતે કરવામાં આવે છે.

સમાજસેવાના આ વટવૃક્ષને માનવસેવાના ઊંચા ગગન સુધી પહોચાડવા કેડીઓ ક્લાસિકએ આવાજ એક જનસેવાના વટવૃક્ષ સમાન એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટનું કચ્છ-અબડાસામાં આગમન કરાવીને તેમ જ તેમની શિક્ષણ, સંસ્કાર સિંચન, ધર્મરક્ષા અને શિક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાની પ્રવૃતિઓમાં સર્વાંગી સહકાર આપવા ક્લાસિક અબડાસાએ એક ઉમદા પહેલ કરી છે.

એકલ શ્રીહરિ સંસ્થાની સર્વ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી લખવા બેસીએ તો આ વિશેષાંકના પાનાં પણ ઓછા પડે. એક જ ઉદાહરણ આપું તો એકલ શ્રીહરિ ટ્રસ્ટ ભારતભરના ૭૦ હજાર ગામોમાં ૧ લાખ જેટલી શાળાઓનું સંચાલન કરીને લાખો બાળકોને સંસ્કારલક્ષી શિક્ષણ આપી રહ્યું છે. સંક્ષિપ્તમાં કહીએ તો આ બન્ને સંસ્થાઓની પ્રવૃત્તિઓના સમન્વયથી ક્લાસિક અબડાસા તાલુકામાં શિક્ષણ, આપણા મહાન ધર્મ અને સંસ્કૃતિની જ્યોત ઝળહળશે જે તેને સર્વાંગી ઉત્કર્ષના પંથે દોરી જશે. કેડીઓ ક્લાસિક પરિવાર અને એકલ શ્રીહરિ ટ્રસ્ટને ખૂબ ખૂબ અભિનંદન.

**– કુસુમ હરિશ ધરમશી,**
(Ex Director, Doshi College, Ghatkopar)

## હવે સમાજસેવાથી માનવસેવા સુધી વિસ્તરતી કેડીઓ ક્લાસિકની ક્ષિતિજોમશાલ



સૌ પ્રથમ તો ૨૮ વર્ષની સુહાની સફર સફળતાથી પાર પાડવા બદલ કેડીઓ ક્લાસિક અને તમામ સભ્યોને અંતરના અભિનંદન. આ લાંબી સફરમાં પથદર્શક બનનાર સર્વ પ્રમુખો, કમિટી મેમ્બર્સ અને અન્ય સભ્યોની હૃદયપૂર્વક અનુમોદના.

કેડીઓ ક્લાસિકની કોઈ વાત મને સૌથી વધારે સ્પર્શી હોય તો એ છે કે ઈશ્વર કૃપાથી આપણે સંપન્ન છીએ તો સમાજના જરૂરતમંદ લોકોને મદદરૂપ થવું આપણી ફરજ છે, એ વાતને સંસ્થાએ ચરિતાર્થ કરી છે. આને અનુલક્ષીને સભ્યો એમના સારા નરસા પ્રસંગે ડોનેશન આપે છે જે સમાજના જરૂરતમંદ લોકોની મેડિકલ ટ્રીટમેન્ટ અને એજ્યુકેશન માટે વાપરવામાં આવે છે.

કેડીઓ ક્લાસિકના કાર્યક્રમો ખૂબ વિવિધતા સભર, નાવિન્યપૂર્ણ અને આપણી સંસ્કૃતિને ઉજાગર કરનારા હોય છે. આ સુંદર સંસ્થાના સભ્ય બનવાનું સદ્દભાગ્ય સાંપડ્યું અને વર્ષ ૨૦૧૭ થી આજ સુધી સંસ્થાના હિસાબ કિતાબ સંભાળવાની જવાબદારી મને મળી એ બદલ હું મારી જાતને ખૂબજ નસીબદાર માનું છું.


હવે આપણી આ સંસ્થાએ પોતાની ક્ષિતિજો વિસ્તારીને સમાજસેવા માનવસેવા તરફ પ્રયાણ કરવા માટે એકલ શ્રીહરિ ટ્રસ્ટની વિશાળ અર્થમાં જનસેવાની પ્રવૃત્તિઓને સહકાર આપવાની પહેલ કરી છે તે તેની લોકકલ્યાણની ઉમદા ભાવના દર્શાવે છે.

એકલ શ્રીહરિ ટ્રસ્ટની શિક્ષણ, ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓએ આદિવાસી અને પછાત વિસ્તારોમાં જ્ઞાન અને સંસ્કારની જ્યોત જલાવી છે. આ સંસ્થાને કેડીઓ ક્લાસિકનો મળનારો સહયોગ કચ્છના અબડાસા જેવા છેવાડાના વિસ્તારને શિક્ષણ ઉપરાંત ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર અને રાષ્ટ્રવાદની ભાવનાને અજવાળશે.

આપણી આ સંસ્થા માનવસેવા ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સમાજને ઉપયોગી કાર્યો કરતી રહે એજ અભિલાષા સહ, અસ્તુ!

**– CA જયશ્રી નવીન જૈન**
ટ્રેઝરર

## બે નમૂનેદાર સંસ્થાઓના સહકારથી કચ્છમાં પ્રગટશે જાગૃતિની મશાલ



કેડીઓ ક્લાસિક સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે માહિતી મને મારા બાળપણના મિત્ર મણિકાંત ધુલ્લાના માધ્યમથી મળતી રહે છે. ફક્ત કેડીઓ જ્ઞાતિ જ નહીં પરંતુ ઈતર કોઈ પણ સમાજ જેના ઉપર ગર્વ કરી શકે એવી એ સંસ્થાની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ છે. જ્ઞાતિજનોમાં ભાઈચારા અને એકતાની ભાવના વૃદ્ધિ પામે એવા આનંદ-પ્રમોદના કાર્યક્રમનું આયોજન હોય કે પછી સમાજના જરૂરતમંદ ભાઈઓને રાહત મળે એવા આરોગ્ય સંબંધી આયોજન હોય, કેડીઓ ક્લાસિક દ્વારા આયોજિત દરેક કાર્યક્રમ લોકોના સહભાગ સાથે શિસ્તબધ્ધ રીતે અચૂક પાર પાડવામાં આવે છે. બહુ ઓછી સંસ્થાઓ દ્વારા આટલી વ્યવસ્થિત રીતે તેમની પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.

૨૮ વર્ષ જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે સેવારત રહ્યા બાદ કેડીઓ ક્લાસિકએ એવી જ એક શિસ્તબદ્ધ રીતે અને સમર્પિત ભાવથી સેવા કરતા એકલ શ્રીહરિ ટ્રસ્ટનું કચ્છ-અબડાસામાં આગમન કરાવનાર કેડીઓ ક્લાસિકના સંચાલકો અભિનંદનને પાત્ર છે.એકલ શ્રીહરિ ટ્રસ્ટની ધર્મ અને સંસ્કૃતિ સંરક્ષણ, ધર્માંતર વિરોધી અભિયાન તેમ જ સંસ્કારલક્ષી શિક્ષણનું ગંજાવર કાર્ય ભારતભરમાં પ્રસિદ્ધ છે. આ બેનમૂન સંસ્થાને તેમની યોજનાઓમાં સહકાર આપવાની પહેલ કેડીઓ ક્લાસિકની દીર્ઘદષ્ટિ અને માનવમાત્રના ઉત્થાન માટેની ભાવના દર્શાવે છે. આજે જ્યારે પશ્ચિમી સંસ્કૃતિના પ્રચારથી આપણી ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનો ઝડપથી લોપ થઇ રહ્યો છે ત્યારે કેડીઓ ક્લાસિકનો આ નિર્ણયસમસ્ત સમાજ માટે યોગ્ય રીતે દિશા બદલનારો સાબિત થશે એવી અપેક્ષા અસ્થાને નથી. બે નમૂનેદાર સંસ્થાઓના સહકાર વડે કચ્છમાં જાગૃતિની મશાલ ઝળહળે એવી શુભેચ્છા.

**–વિનોદ ગણાત્રા, મુંબઈ**

(Note: Vinodbhai Ganatra is the only Indian film maker-recipient of the LIV ULLMANN Peace prize. He is the Jury member of Indian Panorama Feature Film)

## KDO CLASSIC AND EKAL SHRI HARI TRUST : A BOND PAR EXCELLENCE



KDO CLASSIC, an organization of extremely enthusiastic and purposeful members, working towards betterment of the society, in particular the KDO Community through various initiatives in the field of Health, Education and Culture and has successfully completed 28 glorious years of journey. I pay my heartfelt gratitude to the visionary Founders of this organization, Late Shri Shantilal Mulji Shial (Jakhau-Santacruz) and Shri Manikant Hirji Dhulla (Jakhau-Mulund). Over the years, more and more members have joined for noble cause and have collectively taken initiative to carry forward the vision of the founders.


Being part of the KDO Community, I have witnessed their activities very closely and realised the impact this organization has created. From conducting Ophthalmic health camps to education drives, from preserving cultural heritage to creating a familial bond between the members of the Community, I must appreciate and say that "WE "have come a long way.

After completing 28 years of its fruitful existence, I am happy to know that KDO Classic have rightly and foresightedly decided to support the Ekal Shri Hari Trust. Ekal has been doing stupendous work for upliftment of tribal communities, bringing awareness regarding our great religion, age old culture. It is also involved in educating down trodden people in a big way. Can you imagine an organisation conducting one lakh schools all over India? This is the need of the hour in current situation of dwindling of our ancient values. Co-operation with such an organization will open the doors of serving Humanity in true sense for KDO Classic.

Lastly, I would like to acknowledge and give my best wishes to the entire TEAM of KDO CLASSIC. I wish that this family "GROWS Together and GLOWS Together!"

**- CA Rajiv Luthia,**
**Mulund**

## સદકાર્યો કરવાની દિશામાં એક કદમ આગે



કેડીઓ ક્લાસિકની શરૂઆત કરનાર શ્રી શાંતિલાલ શેઠ તથા શ્રી મણિકાંત શેઠની સોચને નતમસ્તકે વંદના.

આપણા સમાજને એકત્ર કરવાની પ્રવૃત્તિઓની સાથે સાથે એજ્યુકેશન ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે આપણી જ્ઞાતિના પરિવારોને મદદ કરવા કેડીઓ ક્લાસિક સંસ્થા પ્રશંસનીય કાર્ય રહી છે જે ખરેખર કાબીલે તારીફ છે. સમાજને જોડી રાખવાના કાર્યો ઉપરાંત જ્ઞાતિ ઉત્કર્ષના આવા જ કાર્યો કેડીઓ ક્લાસિક દ્વારા થતા રહે એવી પ્રભુ પાસે અભ્યર્થના.

સમાજ સેવાથી એક કદમ આગળ વધીને માનવસેવાના પંથે પ્રયાણ કરવા કેડીઓ ક્લાસિકએ એકલ શ્રીહરિ ટ્રસ્ટના ધર્મ રક્ષા, સંસ્કૃતિ સંવર્ધન અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગ આપવાનો જે નિર્ણય લીધો છે તે હાલના સંજોગો અનુસાર ખૂબ જ પ્રશંસા અને અનુમોદનાને પાત્ર છે. બે સક્ષમ સંસ્થા વચ્ચેના આ સહકારથી કચ્છ-અબડાસા તાલુકામાં પ્રગતિ અને જાગૃતિની લહેર પ્રસરે એવી શુભેચ્છા.

**–પરેશ તથા ચાંદની લાલકા**
લાલા-વાશી-નવી મુંબઈ




Jai Jinendra!

It is great pleasure to know about the various social activities in the fields of Medical, Education and many more by KDO Klassic Foundation. We have no doubts that our father Late Shri Shantilal Shiyal's dreams and vision is being carried on and our prayers and best wishes will always be there, that KDO Klassic reaches new and greater heights. We are sure Daddy would have been very happy, how meticulously all the activities of KDO Klassic are being propagated after his sad demise. It would also be nice if we could reach out to the less fortunate in the community as he was always ready to work for the betterment of the community.

After 28 years of meticulous service to the KDO community KDO Klassic has taken up a laudable decision of supporting Ekal Shri Hari Vanvasi Vikas Trust which is carrying out unparallel social service in the fields of Dharm Raksha, Culture preservation and last but not the least, Education. The Ekal trust is conducting one lakh school all over India including 28 schools in Kutch. We appreciate and support this noble initiative. We are sure that the stalwarts of KDO Klassic are going to take it forward successfully and carry on the vision! Good luck and prayers !

**- Roma & Vijay Shantilal Shah**
(Shri Shantilal Shah's Daughter in law & Son)

## કેડીઓ ક્લાસિકને દ્વારા સમાજની ઉન્નતિ માટે નવી પહેલ બદલ શુભેચ્છા



શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિલાલભાઈ શિયાલની સંકલ્પના તથા સ્થાપક પ્રમુખ શ્રી મણિકાંતભાઈ ધુલ્લાની દીર્ઘદષ્ટિ અને આયોજનશક્તિની સાથે સમસ્ત સમાજ દ્વારા મળેલા ઉસ્ફૂર્ત પ્રતિસાદથી કેડીઓ ક્લાસિક આજે ૨૮ વર્ષથી સુંદર આયોજનપૂર્ણ મનોરંજન કાર્યક્રમો તેમ જ જ્ઞાતિના સંગઠનને બળ મળે એવી પ્રવૃત્તિઓ કરતી રહી છે. સાથે સાથે સમાજના આર્થિક રીતે નબળા વર્ગ માટે નિ:શુલ્ક શિક્ષણ, દાંતની સારવાર, મોતિયાના ઓપરેશનો, ડાયાબિટીસની સારવાર જેવી સમાજસેવાની પ્રવૃત્તિઓ કરીને અનેકના અંતરના આશિર્વાદ મેળવ્યા છે.

સમાજના સર્વ વર્ગો ગર્વપૂર્વક જેને પોતાની કહી શકે એવી ઉત્તમ રીતે સંચાલિત સંસ્થા કેડીઓ ક્લાસિક હવે એવી જ ઉત્તમ કામગીરી કરતી સંસ્થા એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટને તેમની પ્રવૃત્તિઓમાં સાથ આપવા જઈ રહી છે જે સંસ્થાના અગ્રણીઓની લોકકલ્યાણકારી ભાવનાનું પ્રતિક છે. કેડીઓ ક્લાસિકના માધ્યમથી કચ્છના અબડાસા તાલુકામાં આગમન કરી તેમની પ્રવૃત્તિઓને વિસ્તારનાર એકલ શ્રીહરિ સંસ્થા એક નમૂનેદાર સંસ્થા છે, જે અબડાસા જેવા કચ્છના છેવાડાના વિસ્તારમાં શિક્ષણ, ધર્મ સંરક્ષણ, સંસ્કૃતિ સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકકલ્યાણ અને જનજાગૃતિની મશાલ પ્રગટાવશે. આ પહેલ માટે કેડીઓ ક્લાસિકને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. જ્ઞાતિ, કચ્છ અને રાષ્ટ્રની ઉન્નતિ માટેની આ પહેલને સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**– ચંદ્રિકા ચેતન લોડાયા, ચેંબુર**

### અરવિંદ લોડાયા



એકલને સાથ મળ્યો છે કાબેલ કેડીઓ ક્લાસીકનો કેડીઓ જ્ઞાતિના અગ્રણીઓ સ્વ. શ્રી શાંતિલાલભાઈ શિયાલ, મણિકાન્તભાઈ ધુલ્લા, ગોવિંદજી વિસનજી શાહ, મૂલજી રાઘવજી લોડાયા તથા ચાંપશી માણેકજી શાહને કચ્છ અને મુંબઈમાં વસતા જ્ઞાતિજનોમાં એકતાની ભાવનાનો હજી વધુ વિકાસ થાય અને સાથે સાથે સમાજના મધ્યમ વર્ગને મેડિકલ તેમ જ શિક્ષણ ક્ષેત્રે રાહત મળે એવા પ્રયત્નો કરવાનો વિચાર સ્ફૂર્યો. આ વિચારબીજને જ્ઞાતિજનોનો સુંદર પ્રતિસાદ મળ્યો અને જ્ઞાતિના ૧૦૦ જેટલા દંપતિઓ સાથે વર્ષ ૧૯૯૬માં કેડીઓ ક્લાસિકની શરૂઆત થઇ. સંસ્થાના કાબેલ કર્ણધારોની દીર્ઘદષ્ટિથી આ સંસ્થા ફૂલીફાલી અને આજે ૨૮ વર્ષથી જ્ઞાતિના ઉત્કર્ષ માટે નેત્રદિપક કાર્ય કરી રહી છે, જે બદલ તેઓ શત શત અભિનંદનના હકદાર છે.

સ્થાપના સમયે નિર્ધારિત લક્ષ્ય પ્રમાણે કેડીઓ ક્લાસિકએ સમાજમાં એકતાની ભાવનાને બળવત્તર બનાવવા પિકનિક, સંસ્કૃતિક કાર્યક્રમો જેવા અનેક કાર્યક્રમોનું સુંદર આયોજન કર્યું છે. સંસ્થાની ૨૦ વર્ષ અને રજત જયંતીની ભવ્ય ઉજવણીને જ્ઞાતિજનોના મળેલા ઉત્તમ પ્રતિસાદમાં આ એકતાની ભાવનાના દર્શન થયા. મેડિકલ ક્ષેત્રે કચ્છમાં પણ સંસ્થાએ ફ્રી મોતિયાના ઓપરેશન્સ, ડેન્ટલ, ડાયાબિટીસ, ઈએનટી વગેરેની ફ્રી સારવાર માટે સુવિધા ઉપલબ્ધ કરી. શિક્ષણ ક્ષેત્રે પણ વિરાયતન સંસ્થા સાથે ટાઈ અપ કરીને જ્ઞાતિના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક રહેવા અને ભણવાની સગવડ કરી જેનો અનેક વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

આજે ૨૮ની સફળતાપૂર્ણ સફર પૂરી કર્યા બાદ સંસ્થાએ સમગ્ર ભારતમાં જનજાગૃતિનું ઉમદા કાર્ય કરતા એકલ શ્રીહરિ ટ્રસ્ટની કચ્છ-અબડાસામાં ચાલતી શિક્ષણ, ધર્મ અંગે જાગૃતિ આપણી પરંપરાગત સંસ્કૃતિનું સવર્ધન જેવી પ્રવૃત્તિઓને સપોર્ટ આપવાનો જે સંકલ્પ કર્યો છે તે સંસ્થાના અગ્રણીઓની સૂઝબૂઝ દર્શાવે છે. એકલને કાબેલ કેડીઓ ક્લાસિકનો મળેલો આ સાથ જરૂરથી કેડીઓ જ્ઞાતિની મોટી સંખ્યા ધરાવતા અબડાસા તાલુકામાં જનજાગૃતિની નવી લહેર પ્રસરાવશે. કેડીઓ ક્લાસિક અને એકલ શ્રીહરિ ટ્રસ્ટને આ ભગીરથ કાર્યમાં સફળતા માટેની શુભેચ્છાઓ પાઠવતાં હર્ષ અનુભવું છું.

**– અરવિંદ લોડાયા**

## કેડીઓ ક્લાસિકઃ સમાજ સેવા સાથે મનોરંજક પ્રવૃત્તિનું અનન્ય નજરાણું



અમે પંદર વર્ષથી કેડીઓ ક્લાસિક પરિવારના સભ્ય છીએ અને સંસ્થા દ્વારા યોજાતા ઉત્તમ કાર્યક્રમોની યાદગાર ક્ષણોના સાક્ષી બન્યા છીએ. એ પછી ગોવા, આંબીવલી, ધનજીવાડીની મુલાકાત જેવી ટ્રીપ હોય કે ઉત્તમોત્તમ કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન, સુંદર મૂવી હોય કે ડાયરો. ગીતોની રમઝટ હોય કે ગરબા રાસનું આયોજન, બધુંજ સંસ્થાના નામ પ્રમાણે ક્લાસિક. સંસ્થાની ૨૦ અને ૨૫ વર્ષ સુહાની સફરની ઉજવણી પણ ભવ્ય રીતે ઉજવાઈ.

આ સંસ્થા સાથે જોડાઈને મોજમજા માણવા સાથે માનવતાને મહેકાવતા તબીબી અને શિક્ષણ જેવા અનેક ક્ષેત્રમાં થઇ રહેલા સમાજસેવાના કાર્યોમાં પણ ભાગીદાર બનવાનો લાભ સોનામાં સુગંધ ભળે એવો છે.

એક પ્રશંસનીય પહેલ તરીકે કેડીઓ ક્લાસિક દ્વારા આદિવાસી અને પછાત વિસ્તારોમાં શિક્ષણ અને સનાતન ધર્મનો પ્રચાર કરતા એકલ શ્રીહરિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓને સાથે કરવાની પહેલ કરી છે તે સંસ્થાના અગ્રણીઓની સમસ્ત માનવજાતના ઉત્થાન માટેની દૂરદર્શિતા દર્શાવે છે. આ ઉમદા પહેલથી આપણા માદરે વતન કચ્છમાં ધર્મ, સંસ્કૃતિના સંવર્ધન અને શિક્ષણ અંગે જાગૃતિ આવશે અને વિકાસને ગતિ મળશે એવો દૃઢ વિશ્વાસ છે.

અમને ગૌરવ છે અને ખુશી છે કે અમે વસુધૈવ કુટુમ્બકમની ભાવના ધરાવતા અને તે માટે અવિરત કાર્ય કરતા કેડીઓ ક્લાસિક પરિવારનો હિસ્સો છીએ.

**– ભાવના જયેશ ખોના, થાણા**

## માનવસેવા પંથે પ્રયાણ પ્રસંગે કેડીઓ ક્લાસિકને શુભેચ્છાઓ



કેડીઓ ક્લાસિકની આયોજનબદ્ધ અને ચોકસાઈપૂર્વક કરવામાં આવતી વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો હું હંમેશા પ્રશંસક રહ્યો છું. રજત જયંતીની ઉજવણીના ભાગ રૂપે સંસ્થાએ તા.૪ નવેમ્બર ૨૦૨૨ના ૨ રાત્રિ/૩ દિવસનું ટ્રીટ બીચ રિસોર્ટ એન્ડ સ્પા, ઘોલવડમાં ૭૦ જણના ગ્રુપનું આયોજીત કરવા અને એમની સેવા કરવાનો મોકો આપ્યો તે બદલ હું ખૂબજ આભારી છું. મનોરંજક પ્રવૃત્તિઓ સાથે સમાજમાં સંગઠનની ભાવના વધે તે માટેની ખૂબ ચોકસાઈપૂર્વક આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો, વન ડે પિકનિક્સ, ટૂર્સ વગેરેનો પણ પ્રશંસક છું. સંસ્થા દ્વારા થતી સમાજ સેવાની પ્રવૃત્તિઓ પણ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. ૨૮ વર્ષની સુદીર્ઘ અને સફળ સફર પછી સંસ્થાએ માનવસેવા કરતી અદ્વિતીય સંસ્થા એકલ શ્રીહરિને કચ્છમાં તેમની જનકલ્યાણ પ્રવૃત્તિઓમાં સાથ આપવાની કરેલી પહેલ ખરેખર સૌ સામાજિક સંસ્થાઓ માટે પ્રેરણાદાયક છે. કેડીઓ ક્લાસિક અને એકલ શ્રી હરિ સાથે મળીને ધર્મ, સંસ્કૃતિ સંસ્કારની સાથે શિક્ષણ દ્વારા કરવામાં આવનારી ઉમદા પ્રવૃત્તિઓને સફળતા માટે શુભકામના.

**– વિક્રમ ચીકાણી,**
(ચિકાણી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)

### નરેન્દ્રસિંહ સુરુભા જાડેજા, ભાનાડા



એકલ શ્રીહરિ ટ્રસ્ટ હવે એકલું નથી, તેને મળ્યો છે કેડીઓ ક્લાસિકનો સાથ કેડીઓ ક્લાસિક દ્વારા ૨૮ વર્ષથી જ્ઞાતિસેવાની બેનમૂન પ્રવૃત્તિઓથી કોઈ જ્ઞાતિજન અજાણ નથી. તેનું વિસ્તારથી વર્ણન કરવું એ સૂરજને દીવો દેખાડવા જેવું સાબિત થશે. કેડીઓ સમાજના સભ્યો વચ્ચે આત્મીયતાની વૃદ્ધિ થાય, સમાજના આર્થિક રીતે નબળા વર્ગને મેડિકલ સારવાર અને શૈક્ષણિક સહાય મળે તેવી ખૂબ સુંદર પ્રવૃત્તિઓ કરી રહેલી સંસ્થા હવે એકલ શ્રીહરિ ટ્રસ્ટને અબડાસામાં આમંત્રિત કરી, તેમની ગ્રામ વિકાસની અનેક યોજનાઓમાં સહકાર આપવાનો જે નિર્ણય લીધો છે તે અબડાસા વિસ્તારની કાયાપલટ કરશે એવો વિશ્વાસ વ્યક્ત કરીને આ બંને સંસ્થાઓને સોને પે સુહાગા જેવા અવસરે હું માનવસેવા ક્ષેત્રે સફળતા મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું.

# કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ (૧૯૯૮ થી ૨૦૧૬)


**કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન**
C/o.Dosti Realty Ltd., Lawrence & Mayo House,
1st Floor, 276, Dr.D.N.Road, Fort, Mumbai - 400 001.
ફોન : (૦૨૨) ૨૨૧૯૮૫૦૦
ઈ-મેલ : kdoclassic@gamil.com
rajesh@dostirealty.com
Mobile : Tejal Rajesh Shah : 9820953425
Rajesh Shah : 9820034795


**Eye Care**
Dr. Prashat Deoshthali
(Sion)

**Dental Care**
Dr. Ami Shah
(Matunga)

Dombivali Welfare Clinic
(Dombivali)

**Diabetes Care**
Dr. Pranjali Shah (Mulund)

**Physiotherapy & Pathology**
Starting Shortly at Dombivali

## KDO Classic Foundation


| | | |
|---|---|---|
| Activities | | |
| Current | (Kutch) | 1.Education Project at Kutch-Veerayatan |
| | | 2. Eye Project at Bhuj for KDO Staying in Kutch |
| | | 3. Medical Facilties at Kothara Medical Centre |
| | (Mumbai) | 4. Eye Project at Sion (Mumbai) |
| | | 5. Dental Project at Matunga and Dombivli |
| | | 6. Diabeties Consultancy at Mulund |

## CAMP AND PAST ACTIVITES

1. Kutch Eartquate Relief
2. Hearing Aid Project (ENT Project)
3. Palitana Jatra for Kutch residents
4. Eye Camp
5. Heart related treatment
6. Knee Replacement and alternate treatment for knee related problems.
7. Kidney related camp
8. Naturopathy camp participation/contribution for Senior Citizens
9. Eye Check-up camp at Ghatkopar Hostel
10. Kutch Children's Mumbai visit

All above activities are carried out totally free of cost for patient belonging to KDO community for last 25 years. Spent more than 1 crore 15 lakhs which because of foundation efforts and getting co-operation of Doctors & Hospitals. This amount will work out to 4.50 to 5 crores worth.

## KDO AND EKAL SHRI HARI TRUST : A COMMITMENT FOR COMMUNITY SERVICE



Jai Jinendra, Journey of KDO CLASSIC for past 28 years has been remarkable one. The community service is the VISION of KDO CLASSIC which is performed & continued wonderfully. The organization's goal of strengthening the bond of brotherhood amongst members of community are really inspiring to many other social organizations. Along with recreational meticulously organized fun-filled activities KDO Classic has been doing praise worthy work in the medical field by providing dental, diabetes, cataract operation, ENT etc. treatments free of cost. This social service really goes long way to help weaker section of the society. All the activities and events of KDO Classic are carried out with professionalism.

To further expand the scope of their service from social service to service to humanity, KDO Classic has now decided to support them in their projects in Abdasa Taluka of Kutch for upliftment of tribal communities, spreading awareness regarding our great religion, culture and education. The synergistic relation between these two organizations will change the lives of beneficiaries and take them to the path of progress.

I convey my best wishes KDO CLASSIC and Ekal Shri Hari Trust for their contribution in the field of service to the humanity. I am extremely fortunate & proud to be part of KDO CLASSIC.

-Adv Minal Bharat Khona,


## પરેશભાઈ વાલજી ભાનુશાલી, નલિયા



અબડાસાના ઉત્કર્ષ પંથે પ્રયાણ પ્રસંગે શુભેચ્છાઓ સમાજના અગ્રણીઓના સચોટ માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૮ વર્ષથી મેડિકલ, શિક્ષણ અને જ્ઞાતિ ઉત્કર્ષની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજસેવા કરી રહેલી સંસ્થા કેડીઓ ક્લાસિક જ્યારે છેલ્લા ૩૬ વર્ષથી ભારતભરના ૨૮ રાજ્યોના ૭૦ હજાર ગામોમાં લોકસમાજને ઉપયોગી એવી શ્રી હરિ રથ યોજના, ગ્રામ દત્તક યોજના, લોક સંસ્કૃતિ અને પરંપરા અંગે જાગૃતિ, સુસંસ્કાર આપતી ૧ લાખ શાળાઓનું સંચાલન કરતી વિરાટ સંસ્થાનું અબડાસા તાલુકામાં આગમન કરાવીને તેની માનવ કલ્યાણની યોજનાઓમાં સહકાર આપવાનો સંકલ્પ કરે ત્યારે અબડાસા તાલુકાનો સર્વાંગી વિકાસ થશે એમાં બેમત નથી.


અબડાસા તાલુકાના કેડીઓની વસ્તી ધરાવતા ૩૯ ગામોમાં જ્યારે જ્ઞાતિજનોની સંખ્યા ઘટી રહી છે ત્યારે એકલ શ્રીહરિ સંસ્થાની જન સમસ્તને સ્વાવલંબી અને આત્મનિર્ભર કરતી પ્રવૃત્તિઓમાં સાથ આપવાનો કેડીઓ ક્લાસિકના સંચાલકોનો નિર્ણય અબડાસાવાસીઓની ઉન્નતિ માટે દીર્ઘદ્રષ્ટિભર્યો અને હિતકારી સાબિત થશે એ નિ:શંક છે. સંસ્થાની આ અનોખી પહેલને વધાવતાં અને આ કાર્યમાં ઝળહળતી સફળતા મળે એવી શુભકામનાઓ પાઠવતાં આનંદની લાગણી અનુભવું છું.

## નરેન્દ્ર દંડ



કચ્છના ૧૦ તાલુકામાંથી પશ્ચિમ કચ્છના છેવાડે આવેલા અબડાસાની હાલત સૌથી દયાજનક છે. અહીં નથી કોઈ જાણીતું પ્રવાસન મથક જેથી પ્રવાસીઓની અવરજવર નહીંવત જેવી છે. ઉચ્ચ શિક્ષણ માટે કોલેજના અભાવે યુવા વર્ગ હેરાન થાય છે. ધંધા રોજગાર અવિકસિત છે. સુધારો ન થવાને લીધે વેપારીઓ પરેશાન છે અને પરિવારો સ્થળાંતર કરવા મજબૂર છે. આવી પરિસ્થિતિ અટકાવવી જરૂરી છે. એ માટે સઘન પ્રયાસો થવા જરૂરી છે. જે માટે કેડીઓ ક્લાસિક જાગૃત થઈ નેતૃત્વ લીધું છે. તે પ્રશંસનીય છે. રાષ્ટ્રીય સેવા સંગઠન એકલ શ્રી હરિના કાર્યો જગ જાહેર છે અને લોકો પ્રત્યેની તેમની સમર્પિતતા કાબિલે તારીફ છે. તેમના આગમનથી અબડાસામાં જાગૃતિ અને ચેતના જરૂર આવશે એવો વિશ્વાસ છે.

## ખમાબેન નાગડા



આદરણીય મણિકાંતભાઈ ધુલ્લાના ક્રાંતિકારી વિચારને લીધે અબડાસા પ્રાંતમાં ચેતન આવે એના જેવું કોઈ ઉત્તમ કામ નથી. કેડીઓ જ્ઞાતિના દરેક દરેક ગામ લોક વસતીના ઘટથી સૂના પડ્યા છે. બહારગામથી આવતા લોકોની ચાતુર્માસમાં થોડી ઘણી ચહલ પહલ હોય પછી જેમ હોય તેમ સૂનકાર પ્રર્વતે આ પરિસ્થિતિ બદલાવવી જોઈએ. લોકોમાં સંપ, ઐક્ય ભાવ, ધર્મ જાગૃતિ આવે એ જરૂરી છે. એકલ શ્રી હરિ એક અનુભવી અને રાષ્ટ્ર ભાવના ધરાવતું સંગઠન છે. એના સાથથી કેડીઓ ક્લાસિકની પહેલ દ્વારા અબડાસામાં ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિની અખંડ ક્રાંતિ જ્યોત પ્રગટશે એવો મને વિશ્વાસ છે.

## પદમ લોડાયા



વનવાસી આદિવાસી અશિક્ષિત, અજ્ઞાની અને સમાજથી વિખૂટા થઈ જીવતાં હજારો લોકોના જીવનમાં રાષ્ટ્રીય ચેતના જગાડવા માટે સતત પ્રયત્નશીલ એકલ શ્રી હરિ સંસ્થા છેવાડાના લોકોમાં ધર્મ, શિક્ષણ, સંસ્કારની જ્યોત પ્રજ્વલિત કરવા માટે ઝૂંબેશ ચલાવે છે. આ કામ પાયાનું છે તેના ઉપર થનારૂં ચણતર એક મજબૂત ભવિષ્ય બને છે. આવા રાષ્ટ્રભક્તિના સંસ્કાર સાથે ચાલતા એકલ શ્રી હરિ સંગઠનનું અબડાસામાં આવવું ખરેખર આવકારદાયક છે. એ માટે નિમિત્ત થનાર મણિકાંતભાઈ ધુલ્લા અને તેમની સમગ્ર ટીમ, કેડીઓ ક્લાસિક ધન્યવાદને પાત્ર છે. કચ્છમાં ભૂકંપ પછી સુખ, સમૃદ્ધિ આવી છે. પણ લોકોમાં સંપ, સહકાર અને ધર્મ સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યેની જાગૃતિ એકલ શ્રી હરિના કારણે આવશે એના જેવું ઉમદા કામ કોઈ નથી.

# એકલ શ્રી હરિ અભિયાન ધર્મ, શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના પ્રસાર માટે સમર્પિત સંગઠન





તા.૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫ના વિજયા દશમીના દિને ડૉ. કેશવ બલિરામ હેડગેવારના હસ્તે રાષ્ટ્રવાદ હિંદુ સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાના જતન માટે નક્કર કાર્ય કરવા માટે પ્રખર રાષ્ટ્રવાદી સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ. તેમની નક્કર વિચાર ધારામાં લોકમાન્ય બાલ ગંગાધર ટિળક અને વીર સાવરકરના વિચારોની તેમના લખાણોની પ્રખર અસર હતી. હિંદુસ્તાનની પ્રજા વિદેશી વિચારોના આધિપત્યથી મુક્ત થઈ સનાતનના વારસાને અપનાવે અને એ દ્વારા પોતાની ઓળખ સ્થાપે એ તેમની કામના હતી. સંઘના સભ્યો હિન્દુ રાષ્ટ્રવાદી અને પ્રખર દેશ ભક્ત હોય એવી તેમની ઈચ્છા હતી. આરએસએસ વિશ્વનું સૌથી મોટું અને સંગઠિત મૂળ ધરાવાનું સંગઠન છે. સંઘનો મુખ્ય ઉદ્દેશ તેના સભ્યો હિંદુ સમાજની ધરોહરની રક્ષા અને હિંદુ સમાજમાં એકતા દ્વારા રાષ્ટ્ર ઘડતર થાય એ છે. સંઘના સભ્યોનો ગુણ શિસ્ત, નીડરતા, વીરતા, લડાયકવૃત્તિ, વફાદરી અને નિઃસ્વાર્થ સમાજસેવા જેવા ગુણ હોય જે દ્વારા રાષ્ટ્રનું ઘડતર થાય. રાષ્ટ્રમાં આવતી આપદા જેવી કે, પૂર, વાવાઝોડા, ભૂકંપ ઈત્યાદી કુદરતી આપદાઓમાં મોખરે રહી રાહત કામ કરી લોકોને ઉપયોગી થાય એ દ્વારા રાષ્ટ્રસેવા કરવા માટે આરએસએસ સદાય તત્પર રહે છે.




આરએસએસની સ્થાપના વખતે માત્ર ૧૬ સભ્યો હતો. આજે તેના લાખોની સંખ્યામાં સભ્યો છે. દેશમાં સંઘની ૩૨ હજાર જેટલી શાખાઓ, ૪૫ હજાર જેટલી ઉપશાખાઓ અને વિદેશોમાં ૫૫૦ જેટલી શાખાઓ છે. જેમાં સભ્યો નિયમિત રીતે ભાગ લે છે. સંઘના વિવિધ કાર્યો અને ઉદ્દેશોને આગળ વધારવાના ઉદ્દેશોને લક્ષમાં રાખી દેશભરમાં ફેલાયેલા ૬૦ જેટલા સંગઠનો કાર્યરત છે. જે રાષ્ટ્રભક્તિ હિંદુત્વની અપાર નિષ્ઠા અને સંગઠનની શિસ્તબધ્ધ વિચારધારા સાથે ધર્મ, શિક્ષણ અને સંસ્કૃતિની ઉન્નતિ માટે સઘન કાર્ય કરે છે.

વનવાસી અને આદિવાસીઓ અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢવા. તેમને જ્ઞાન, સમજણ અને ધર્મ સંસ્કાર રોપણ કરવા એકલ શ્રી હરિ અભિયાન રચાયું. જે રાષ્ટ્રના પછાત ગામોમાં લોકોને સંસ્કાર-સંસ્કૃતિ સિંચન કરી ધાર્મિક પ્રવૃત્તિઓમાં પળોટે છે. આ વિસ્તારના બાળકો સમજણને અભાવે અશિક્ષિત રહે છે તેમાં સુધારો થાય એ માટે બાળકો માટે ૧ થી ૩ ધોરણનું શિક્ષણ આપવા પ્રાથમિક શાળા ચલાવે છે. તેમના વડીલો પરિવારજનો માટે સંસ્કાર શિબિર જેમાં હરિકથા પારાયણનું ૩ દિવસ, ૫ દિવસ કે ૭ દિવસનું આયોજન કરાય છે. આ પારાયણ દ્વારા ગ્રામજનોને વ્યસન મુક્તિનો બોધ અપાય છે. નાતજાતના ભેદને મટાવી સોહાર્દપૂર્ણ સમાજનું નિર્માણ માટે ભરપૂર યત્ન થાય છે. અશિક્ષિત, અજ્ઞાન અને બંધિયાર માહોલની ઘરેડમાં જીવતો વનવાસી આદિવાસી ધર્મ સંસ્કારમાં લિપિત



# એકલ શ્રી હરિ અભિયાન ધર્મ, શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના પ્રસાર માટે સમર્પિત સંગઠન

થઈ સમજણો સંસ્કૃત અને સંસ્કારી સજ્જનમાં પરિવર્તિત કરવાનું વાતાવરણ આ સંસ્કાર શિબિર, ધર્મ પારાયણોથી થાય છે. વ્યાસ પીઠ કથાકારની પસંદગી ગામવાસીઓમાંથી કરાય છે. પછીએ મહિલા પણ હોય અને પુરૂષ પણ હોય છે. નવ મહિનાની તાલીમ પછી એ વ્યાસપીઠ આસન રૂઢ થાય છે અને વિવિધ ગામોમાં રામકથા, કૃષ્ણકથાના માધ્યમથી લોકજાગૃતિ ચલાવે છે. જેની આગેવાની હેઠળ કથા પારાયણ, છૂઆછૂત મુક્તિ સતસંગ સભા, વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા જાગૃતિ ઈત્યાદી લાભો ગામજનોને મળે છે.

આજે લગભગ ૩૬ વર્ષ થયાં એકલ શ્રી હરિ સંગઠનને દેશભરના ૨૮ રાજ્યોના ૭૦ હજાર ગામોમાં વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહી છે અને લોક સમાજને ઉપયોગી થઈ રહી છે. ૧) શ્રી હરિ રથ યોજના જેમાં તાતા ૪૦૭ ટેમ્પો વાહનમાં રથ સ્વરૂપ આપી શ્રી હરિનું મંદિર બનાવી ગામોગામ પરિભ્રમણ કરે છે. વનવાસીઓ ગામવાસીઓ શ્રી હરિ ભગવાનની પૂજા કરી સંધ્યાકાળ સમયે રથમાં લગાવેલા પ્રોજેક્ટ પર રામાયણ-મહાભારત અથવા ધર્મ આધ્યાત્મિક ચેતના જગાડતા કાર્યક્રમોનું પ્રસારણ કરાય છે. ૨) ગ્રામ દત્તક યોજનામાં વનવાસી ગામને દતક લઈ ધાર્મિક જ્ઞાન, શિક્ષણ, સતસંગ પ્રવૃત્તિનું સંચાલન કરાય છે. લોક સંસ્કૃત, લોક પરંપરાઓની જાનકારી પ્રદાન કરે છે. ૩) ગૌ ગ્રામ યોજના જેમાં દૂધ વગરના ગૌજીવ કિસાન પરિવારને આપી ગોબર-ગોમૂત્ર ઉત્પાદનો દ્વારા પરિવાર સ્વાવલંબી થાય એવા પ્રયાસ થાય છે. આવી રીતે અન્ય યોજનાનું લોક કલ્યાણના ઉદ્દેશથી સંચાલન થાય છે. ૭૫ ચેપ્ટર, ૭૫ રથ વાહન અને ૧ લાખ સંસ્કાર કેન્દ્રની પ્રવૃત્તિઓ અંતરિયાળ ગામોને તેમના લોકોને ઝળકાવી રહી છે.

દેશના લગભગ દરેકે દરેક રાજ્ય સાથે ગુજરાતના ડાંગ-નવસારી-વાપીમાં વિવિધ પ્રવૃત્તિઓ પછી હવે પ્રથમવાર સરહદી વિસ્તાર કચ્છના અંતિમ છેવાડાના અબડાસા તાલુકામાં એકલ શ્રી હરિનું આગમન કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના માધ્યમથી થયું છે. અભ્યાસ પૂર્ણ સર્વેક્ષણ દ્વારા ૯૦ ગામો ચિન્હિત કરાયા છે. જેનું સેન્ટર કોઠારા ગામ નિશ્ચિત કરાયું છે. સ્થાનિકના ૨૦ થી ૨૫ જણને બે મહિનાનું પ્રશિક્ષણ આપી તૈયાર કરાશે. અનુભવી માર્ગદર્શકોની નજર હેઠળ વિવિધ ગામોનું વિચરણ કરી લોકોમાં જાગૃતિ આવે. ધર્મ, સંસ્કાર, આપસી એકતા થાય, રાષ્ટ્રભક્તિ પ્રગટે, દેશ પ્રત્યે નિષ્ઠા ભાવ માટે સઘન ઝૂંબેશ સાથે મહિલા-પુરૂષો, સ્વરોજગાર સાથે સશક્તિકરણ પામે એવા કલ્યાણકારી ભાવથી ક્લાસિક અબડાસા અભિયાનનો છે. ધર્મનું રક્ષણ એ રાષ્ટ્રનું સંરક્ષણ છે. એ ઉદ્દેશથી લોકકલ્યાણકારી કાર્યક્રમો થશે. જેની ડિજિટલ નોંધ રોજે રોજ થશે. જેનાથી પ્રદેશ રાજ્ય અને રાષ્ટ્રીય કાર્યાલય એની પ્રગતિ ઉપર દેખરેખ રાખી શકશે તેમને માર્ગદર્શન આપી શકશે.















# એકલ શ્રી હરિ અભિયાન ધર્મ, શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના પ્રસાર માટે સમર્પિત સંગઠન

## અનિલ માનસિંગકા



એકલ શ્રી હરિના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ માનસિંગકા ક્લાસિક અબડાસા માટે પ્રારંભથી મદદ અને માર્ગદર્શન કરી રહ્યાં છે. એકલ શ્રી હરિ અભિયાનના રાષ્ટ્રીય સંગઠન પ્રભારી માધવેન્દ્ર સિંહના અમૂલ્ય સહયોગ સાથથી ક્લાસિક અબડાસા અભિયાન અવશ્ય સફળતાને વરશે એવો વિશ્વાસ છે.

એકલ શ્રી હરિ અભિયાનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અનિલ બાલકૃષ્ણ માનસિંગકાની સન્માનીય ઉપસ્થિતિ રહી હતી. વ્યવસાયથી ચાર્ટડ એકાઉન્ટન્ટ અને સરકારી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજનાના સલાહકાર એવા માનસિંગકા બાલ્યવયથી આર.એસ.એસ.ની વિચારધારા સાથે સંલગ્નીત છે. વર્ષ ૨00૭ થી એકલ અભિયાન સાથે જોડાયા છે. વર્ષ ૨૦૧૨માં મુંબઈ એકમ દ્વારા વન બંધુ પરિષદ રજત જયંતિના આયોજનના સંયોજક રહ્યા છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી વન બંધુ પરિષદ પશ્ચિમ ક્ષેત્રના સચિવ તરીકેની જવાબદારીનું વહન કર્યું. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી એકલ અભિયાનનું આયામ અંગ શ્રી હરિ સત્સંગ સમિતિના રાષ્ટ્રીય મંત્રી તરીકેનું દાયિત્વ સંભાળ્યું. વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૪ પર્યંત શ્રી હરિ સત્સંગ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી તરીકેની જવાબદારી કુશળતા પૂર્વક સંભાળી હતી. વર્તમાનમાં તેઓ એકલ શ્રી હરિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જવાબદારી સંભાળે છે. તદ્ઉપરાંત મુલુંડ નિવાસી એવા અનિલ માનસિંગકા મુંબઈ મહાનગરના વિવિધ ઉપનગર, વિભાગીય ક્ષેત્રે સંઘના વિભિન્ન અભિયાન કાર્યોમાં પ્રમુખ ભૂમિકા ભજવે છે. તદ્ઉપરાંત અગ્રોહા વિકાસ ટ્રસ્ટની સ્થાનીય કાર્યકારિણીના સદસ્ય તરીકેનું દાયિત્વ વહન કુશળતાપૂર્વક કરી રહ્યાં છે.

શૈક્ષણિક લાયકાત - સી.એ. (વર્ષ ૧૯૯૧), બી.કોમ (વર્ષ ૧૯૮૮) વ્યવસાય - સી.એ. પ્રેક્ટિસ, કન્સલ્ટન્ટ સરકારી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજનાઓ

સામાજિક સંસ્થાનો અનુભવ -

૧. બાળપણથી સંઘ સ્વયંસેવક, સંઘના પ્રાથમિક વર્ગમાં ઉત્તીર્ણ

૨. ૨00૭ થી એકલ અભિયાનમાં સામેલ

૩. વર્ષ ૨૦૧૨ માં વનબંધુ પરિષદ, મુંબઈ એકમ (એકલ અભિયાનનું અંગ) ની રજત જયંતિ ઉજવણી-કન્વીનર

૪. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી વનબંધુ પરિષદ, પશ્ચિમ પ્રદેશ સચિવની જવાબદારી નિભાવી

૫. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી શ્રીહરિ સત્સંગ સમિતિ (એકલ અભિયાનનું અંગ) ના રાષ્ટ્રીય મંત્રી તરીકેની જવાબદારી નિભાવી

૬. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી શ્રીહરિ સત્સંગ સમિતિના રાષ્ટ્રીય મહાસચિવની જવાબદારીનું વહન

૭. હાલમાં એકલ શ્રીહરિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ

૮. બોમ્બેમાં મેટ્રોપોલિટન/ વિભાગ/શહેર સ્તરે સંઘના વિવિધ અભિયાનોમાં મુખ્ય ભૂમિકા ભજવી.

૯. અગ્રોહા ડેવલપમેન્ટ ટ્રસ્ટ જેવી અન્ય સામાજિક સંસ્થાઓની સ્થાનિક કારોબારીમાં સભ્ય તરીકેની જવાબદારીઓનો વહન.

## માધવેન્દ્ર લાલજી સિંહ



કેડીઓ ક્લાસિક સંસ્થાની રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન માટેના પ્રેરકબળ એવા માધવેન્દ્ર લાલજી સિંહ જેઓ એમ.એ.બી.એડ. સ્કોલર છે. એકલ અભિયાનના રાષ્ટ્રીય સંગઠન પ્રભારી છે. નાનપણથી સંઘ સ્વયંસેવક તરીકે સંઘની તૃતીય વર્ષની શિક્ષા વર્ગથી પ્રશિક્ષિત છે. વર્ષ ૧૯૮૧ થી ૨00૪ સુધી સરસ્વતી શિશુ મંદિરમાં પ્રધાનચાર્ય, નિરીક્ષક અને ખેલ અધિકારી જેવી અનેક જવાબદારીઓનું કુશળતા પૂર્વક વહન કર્યું હતું. આ સમય કાળ દરમ્યાન કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન નિકોબાર દ્વીપ સમૂહમાં સરસ્વતી શિશુ મંદિરના સંસ્થાપક પ્રધાનચાર્ય તરીકે રહ્યાં. વર્ષ ૨00૫ થી ૨00૭ દરમ્યાન એકલ અભિયાનમાં કેન્દ્રીય વ્યવસ્થા પ્રમુખનું દાયિત્વ સંભાળ્યું. વર્ષ ૨00૭ થી માર્ચ ૨૦૨૩ સુધી રાષ્ટ્રીય મહામંત્રીની જવાબદારી સંભાળી અને એપ્રિલ ૨૦૨૩ થી વર્તમાન પર્યંત એકલ શ્રી હરિ અભિયાનના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ અને રાષ્ટ્રીય સંગઠન પ્રભારી તરીકેનું દાયિત્વ વહન કરી રહ્યાં છે.

શૈક્ષણિક લાયકાત- એમ.એ. બી.એડ

વ્યવસાય - સામાજિક સેવા •
કાર્યક્ષેત્ર અખિલ ભારતીય વર્ષ •
સંસ્થાનું નામ - એકલ અભિયાન

સંસ્થામાં જવાબદારીઓ - રાષ્ટ્રીય સંગઠન પ્રભારી

કાર્યનું સ્વરૂપઃ પાંચ પાસાવાળા શિક્ષણ દ્વારા સામાજિક જાગૃતિ ઊભી કરીને સમગ્ર ગ્રામ વિકાસ માટેના પ્રયાસો.

સિદ્ધિ

• બાળપણથી સંઘ સ્વયંસેવક, સંઘના ત્રીજા વર્ષ વર્ગમાં ઉત્તીર્ણ

• ૧૯૮૧ થી ૨00૪ સુધી સરસ્વતી શિશુ મંદિરમાં આચાર્ય, નિરીક્ષક અને રમતગમત અધિકારી જેવી ઘણી જવાબદારીઓ નિભાવી. તે જ સમયગાળા દરમિયાન, તેઓ કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સરસ્વતી શિશુ મંદિરના સ્થાપક આચાર્ય હતા.

• ૨00૫ થી ૨00૭ દરમિયાન એકલ અભિયાનમાં કેન્દ્રીય પ્રણાલીના વડા તરીકેની જવાબદારીનો વહન કરી.

• ૨00૭ થી માર્ચ ૨૦૨૩ સુધી એકલ અભિયાનમાં રાષ્ટ્રીય મહાસચિવની જવાબદારી નિભાવી

• એપ્રિલ, ૨૦૨૩ થી અત્યાર સુધી એકલ અભિયાનમાં રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ અને રાષ્ટ્રીય સંગઠન પ્રભારીની જવાબદારીઓનું વહન કરે છે.

## અજિત જયરામદાસ સોની



કેડીઓ ક્લાસિક ચેરિટેબલ ટ્રસ્ટ અને એકલ શ્રી હરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ સાથે કડી રૂપ કાર્ય કરતાં મુલુંડ નિવાસી અજિતભાઈ જયરામદાસ સોની શિશુકાળથી સંઘના નિષ્ઠાવંત સ્વયંસેવક છે. પ્લોટ, કમર્શિયલ પ્રોપર્ટીના લે-વેચ સાથે સંકળાયેલા સિધ્ધહસ્ત વ્યવસાયિક એવા અજિતભાઈ મુલુંડ વિભાગના સંપર્ક પ્રમુખ છે. કોંકણ પ્રાંત ટોળીના સદસ્ય, વિશ્વ હિંદુ પરિષદની સંસ્કૃતિ સંવર્ધન પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી અને ખજાનચી છે. તથા શ્રીમાળી સોની સમાજ મુલુંડથી ઘાટકોપરના ઉપપ્રમુખ તરીકે છે.









# ક્લાસિક અબડાસા એકલ શ્રીહરિ સાથ

કેડીઓ જ્ઞાતિના સામાજિક સેવાભાવી સંગઠન કેડીઓ ક્લાસિક માદરે વતન કચ્છ અબડાસા વિસ્તારમાં ઘટતી જતી વસતી અને ત્યાંના લોકોનું સ્થળાંતર ૧૯૯૨ થી ચિંતીત ગામ જખૌના બાબતે ચિંતા ધરાવી ભવિષ્યમાં અત્રેના ગામડાઓમાં વિધર્મીઓનો પ્રસાર ન થાય અને સનાતની લોકોની માલમતાઓ, જમીન ઈત્યાદી ઉપર તેમનો કબજો ન થઈ જાય એ બાબતે સજાગ થઈ સ્થાનિક લોક વસતીમાં જાગૃતિ આવે, સમજણ કેળવાય અને હિંદુધર્મનું શિક્ષણ મળે જેને પગલે છેવટે વિકાસ થાય એ માટે તા.૨૮ જુલાઈ રવિવારના જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ પશ્ચિમ મધે સવારે આ બાબતમાં રસ ધરાવતા કેડીઓ જ્ઞાતિના લગભગ સર્વે ગામના દેરાસરના ટ્રસ્ટ બોર્ડ અને મહાજન શ્રી હોદ્દેદારો સાથે હાજર રહેલા સર્વેના નામો નીચે જણાવેલ છે. સાથે વિચારોની આપલે કરવા માટે એક પ્રાથમિક મિટીંગનું આયોજન કર્યું હતું.

આ મિટીંગમાં એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ જે ખાસ કરી આદિવાસી વિસ્તારોમાં ધર્મ જાગૃતિ, ધર્મ સંસ્કાર, શિક્ષણ, વ્યસન મુક્તિ જેવા સેવાકીય કાર્ય કરી લોકોમાં જાગૃતિ જગાવે છે. આ સંસ્થાના સર સંચાલકો ઉપસ્થિતોનું માર્ગદર્શન કરવા પધાર્યા હતા.

પ્રારંભે સવારે ૯ થી ૧૦ દરમ્યાન ઉપસ્થિતની નોંધણી પછી સૌએ ચા નાસ્તોને ન્યાય આપ્યો હતો. ત્યારબાદ સવારે ૧૦ કલાકે આરએસએસ મુલુંડ ભાગ સંપર્ક પ્રમુખ અજિત જેરામદાસ સોની એ સભાની શરૂઆત કરતાં મુખ્ય અતિથિઓનો પરિચય આપી દીપ પ્રાગટ્ય કરવા નિમંત્રિત કર્યા હતા. ત્યારબાદ ગુરૂદાસજી ચોપડેકર ઘાટકોપર વિભાગ સંઘ ચાલક, એકલ શ્રી હરિ અભિયાનના રાષ્ટ્રીય સંગઠન પ્રભારી માધવેન્દ્ર સિંહ અને એકલ શ્રી હરિ અભિયાનના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ માનસિંહકા મંચસ્થ થયા હતા.

રાષ્ટ્રીય મહામંત્રી અનિલ માન સિંહકાએ એકલ શ્રી હરિ સંસ્થાનો પરિચય આપી સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓ વિષે ઉપસ્થિત સૌને જાણકારી આપી હતી. એકલ શ્રી હરિ અંતરિયાળ વિસ્તારના નાના નાના ગામડાઓ, આદિવાસી વિસ્તારમાં મુખ્યત્વે વનવાસીઓને જાગૃત કરવા શિક્ષણ જ્ઞાન આપી, ધર્મ સંસ્કાર રોપે છે. સત્સંગ, સંકીર્તન અને સ્વાધ્યાયના માધ્યમથી અંધ વિશ્વાસ, અજ્ઞાનતા અને વ્યસન મુક્ત થાય એ માટે લગાતાર પ્રયત્નશીલ છે. સમગ્ર દેશમાં એક લાખ એકલ વિદ્યાલયો શરૂ છે. જેની સંખ્યા ભવિષ્યમાં ૨ લાખ ગામોમાં પ્રસરે એવી યોજના ધરાવે છે.

માનનીય વક્તાએ દેશમાં આજે પ્રવર્તતી પરિસ્થિતિનો ચિતાર આપી અન્ય ધર્મીઓના વધતા જતાં પ્રસાર સામે સનાતન ધર્મીઓ ઉદાસીન છે એ પરિસ્થિતિ ચિંતા પ્રેરે છે. ભૂતકાળમાં થયેલા આક્રમણોને કારણે જે નુકસાન થયું છે. તેના પરિણામો આજે બહુમતીઓ ભોગવી રહ્યાં છે. તેઓના આક્રમક વિચારો, વલણને સમજી જો સવેળાએ જાગૃત ન થયાં તો પરિસ્થિતિ વધુ બગડશે માટે પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે. જે માટે દરેક એ જાગૃતિ રાખવી જરૂરી છે અને ફક્ત શહેરોમાં નહીં નાના નાના ગામડાઓના



# ક્લાસિક અબડાસા એકલ શ્રીહરિ સાથે



લોકોનો ઉત્થાન વિકાસ થાય એ માટે સવેળાએ પગલાં ભરવા પડશે જેથી ધર્માંતરની પ્રવૃત્તિઓને બળ ન મળે નાત, જાત પંથના ભેદ ત્યાગી સર્વે સનાતનીઓ એક સંગે રહીને લોકોમાં ધર્મ-સંસ્કૃતિ અને સંસ્કાર જાગૃતિ માટે સંગઠિત પ્રયાસ કરવા જરૂરી છે. જે માટે શહેરના લોકો સેવાભાવી સંસ્થાઓ પોતાના વતનના નાના મોટો ગામડાઓ બાબતે ચિંતા કરે એ જરૂરી છે.

અનિલ માનસિંહકા એ કેડીઓ ક્લાસિકના મણિકાન્તભાઈ ધુલ્લાની પ્રશંસા કરતાં તેમના પ્રયત્નોથી આજે અબડાસા માટે જે પહેલ થઈ રહી છે તેની અનુમોદના કરી હતી. એકલ શ્રીહિરિ અભિયાનના રાષ્ટ્રીય સંગઠન પ્રભારી માધવેન્દ્ર સિંહએ હિંદુ ધર્મની ગઈકાલ આજ અને આવતી કાલ વિષે વિસ્તૃતપણે જણાવી શાસકો કે સરકારના ભરોસે ન રહીને સમાજની સંસ્થાઓ, સેવાભાગી સંગઠનો માત્ર શહેરોમાં કાર્ય ન કરતાં દેશના અંતરિયાળ ગામોનો ખ્યાલ કરવો જરૂરી છે. જ્યાં અશિક્ષણ, અજ્ઞાનતા અને અંધવિશ્વાસમાં લોકો ડૂબેલા છે તે મને જ્ઞાન, સમજણ અને શિક્ષણથી શિક્ષિત કરવા પડશે. ધર્મ ભાવના જાગે અને સનાતની હોવાનો ગર્વ થાય એવી સમજણ જાગી એ જરૂરી છે. ધર્મ અને સંસ્કૃતિ પર આક્રમક હુમલા થઈ રહ્યાં છે. ધર્માંધતા અને કટ્ટરતા વ્યાપી રહી છે તે સામે આપણે હાથ બાંધી બેસી રહી ન શકીએ. ઉજ્વળ ભૂતકાળ હતો તે વર્તમાન સમયે ઝંખવાઈ ગયો છે તે ભવિષ્યમાં ઝળઝળ થાય એ માટે સૌએ સહિયારા પ્રયાસ કરવા પડશે. એકલ શ્રી હરિના પ્રયાસોમાં શિક્ષિત શહેરીજનો જોડાઈ સહયોગ આપે તો ધર્મ જાગૃતિના કાર્યને વધુ જોમ મળશે અને ગામડાઓ, અંતરિયાળ વિસ્તારો ધર્મ, સંસ્કાર, સભ્ય અને શિક્ષણ યુક્ત થઈ મુખ્ય પ્રવાહમાં જોડાઈ જશે.

સંસ્થાના ડાંગ વિસ્તાર ગુજરાત તથા મહારાષ્ટ્રના નાસિકના આદિવાસી વિસ્તારના ગામોમાં શિક્ષણ આપતાં ૪ સ્વયંસેવક શિક્ષકો એ સૌને પોતાના અનુભવો જણાવી ત્યાંના લોકોમાં આવેલ પરિવર્તનની વાત કહી સંભળાવી હતી.

મિટીંગના પ્રેરક-આયોજક મણિકાન્ત ધુલ્લાએ અને કેડીઓ સમાજ અગ્રણી હિતેશ માણેકજી મોતાએ પોતાના પ્રાસંગિક વિચારો રજૂ કર્યા હતા. અનિલ માન સિંહકા એ આભાર દર્શન કર્યું હતું.

### હિતેશ માણેકજી મોતા




સર્વ જ્ઞાતિજનોને અપીલ કરેલી કે આપણી પરંપરા અનુસરવી જોઈએ અને સમયાંતરે આપણે આપણા માંગલિક પ્રસંગો કચ્છ અબડાસામાં કરવા જોઈએ જેથી આપણી આવનારી પેઢી તેનું અનુકરણ કરશે અન્યથા આપણે બધુ સમયાંતર વિસરાઈ જશે અને આપણા વડવાઓએ કરેલા કાર્યો ભૂલાતા જશે અને એક દિવસ એવો આવશે કે આપણે સમાજને વિખુટા પડી જઈશું માટે અબડાસાનો વિકાસ અનિવાર્ય છે અને આ કેડીઓ કલાસિકના અભિયાનમાં સર્વ જ્ઞાતિજનો જોડાઓ અને એમના કાર્યોને પ્રોત્સાહન આપો.

### સોમચંદભાઈ લોડાયા



ગઈ કાલની મીટિંગ ખૂબ જ ફળદાયી રહી. અબડાસાના સર્વાંગી વિકાસ અર્થે આવા કોઈક મજબૂત પ્લેટફોર્મની જરૂર પડે જ..ભા !! આપે આ દિશામાં નિશ્ચિત કદમ ઉપાડ્યા છે, એટલે નિશંક મંજિલ તો સર કરશો જ. આપણા કાર્યક્ષેત્રમાં સમજણ અને જાગૃતી આવશે અને પરિણામ જલ્દી મળશે. આપણે ત્યાં ભણતર ઘણું સારું છે અને સમભાવ પણ નોંધનીય છે.

### કુમાર દંડ



કચ્છ અબડાસા મધ્યે આપણા જિનાલય, આપણી સંપત્તિ, આપણા ધર્મને સુરક્ષિત રાખવા, ટકાવવા માટે KDO Classic team દ્વારા ઉપાડેલો/ કરેલો પ્રયાસ ખૂબ જ સરાહનીય અને અભિનંદનીય છે. વક્તાઓ ખૂબ જ સારા હતા અને ખૂબ જ શાંતિથી આપણને જરૂરી બાબતો માટે સમજાવ્યું છે. તેરા મહાજન / ટ્રસ્ટ આપ સહુની સાથે જ છે, જ્યારે પણ આપની હાકલ પડશે ત્યારે અમો તૈયાર છીએ. ફરી એકવાર આપને, આપની ટીમને, આપની વિચારધારા ને અભિનંદન.







# ક્લાસિક અબડાસા એકલ શ્રી હરિ સાથે

## જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ (વે),


## રવિવાર, તા.૨૮ જુલાઈ ૨૦૨૪ (સમય : સવારના ૯ થી બપોરના ૧૨ કલાક )

## પહેલી મિટીંગમાં હાજર રહેલા સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| સોમચંદભાઈ લોડાયા | આરીખાણા | ૯૮૬૭૧૭૦૭૯૪ |
| ખુશાલભાઈ ગડા | બડા | ૯૭૧૨૩૮૪૨૭૦ |
| ભરત એમ.મૈશેરી | જખૌ | ૯૮૨૦૦૫૮૦૪૮ |
| હંસકુમાર એસ. શિયાલ | જખૌ | ૯૬૧૯૪૮૪૧૫૧ |
| હરીશ ધરમશી | જખૌ | ૯૩૨૪૦૧૨૮૮૮ |
| મણિકાંત એચ. ધુલ્લા | જખૌ | ૯૮૨૦૧૪૧૯૧૯ |
| રાજેન્દ્ર એમ. ધુલ્લા | જખૌ | ૯૩૨૩૯૮૪૨૨૧ |
| વિજય શાંતિલાલ શાહ | જખૌ | ૯૮૨૬૦૫૫૫૫૫ |
| ગૌતમ જી. ધરમશી | જસાપર | ૯૬૦૪૬૫૩૬૬૬ |
| પંકજ ટી. ધરમશી | જસાપર | ૯૬૧૯૬૬૧૬૧૩ |
| તિલકભાઈ ભારાની | જખૌ | ૯૪૨૬૦૮૦૮૮૮ |
| જયશ્રી નવીન જૈન | બાયઠ | ૯૮૯૨૫૪૮૯૧૩ |
| દિનેશ અજાણી | કોઠારા | ૯૮૨૦૦૮૦૦૬૧ |
| પંકજ એમ. ઠક્કર | કોઠારા | ૯૮૨૧૦૩૫૭૩૩ |
| પ્રતાપ એન. ધરમશી | કોઠારા | ૯૩૨૨૨૨૪૪૮૮ |
| હર્ષાબેન લોડાયા | મોટી સિંધોડી | ૯૮૬૯૨૪૮૩૦૩ |
| મુકેશભાઈ લોડાયા (ચિંતન ગ્રાફીક્સ) | મોટી સિંધોડી | ૯૮૨૧૧૫૪૩૨૬ |
| રાજેશ શાહ | મોટી સિંધોડી | ૯૮૨૦૦૩૪૭૯૫ |
| જયંત વી. છેડા (ગુર્જરમાત) | નલિયા | ૯૩૨૨૨૫૭૭૩૧ |
| લહેરી ભાનુશાલી | નલિયા | ૯૮૨૦૩૨૧૯૯૯ |
| મોતીચંદ ખોના | નલિય | ૯૮૩૩૮૭૫૩૩૫ |
| રમેશ કે. મોતા | રાપર ગઢવાલી | ૯૮૧૯૬૫૫૨૫૯ |
| અનુજ ગિરિશ લોડાયા | રવા | ૯૫૭૯૯૭૮૭૦૦ |
| જયંત લાપસીયા | રવા | ૯૮૨૦૧૫૯૭૫૯ |
| રાજેન્દ્ર કે. મોતા | રાયધણજર | ૯૩૨૨૨૦૨૨૬૨ |
| હિરાચંદ દંડ | રેલડિયા મંજલ | ૭૭૩૮૫૦૮૧૫૦ |
| પદમશીભાઈ ગડ્ડા | રેલડિયા મંજલ | ૯૮૨૦૦૪૨૦૧૧ |
| કિરણ દંડ | સાંધણ | ૯૮૩૩૮૦૮૨૪૪ |
| કિર્તિભાઈ ધરમશી | સાંધણ | ૯૩૨૩૯૫૬૬૩૩ |
| લિતેશ શાહ (સંઘવી) | સાંધણ | ૯૮૨૦૦૫૧૫૧૨ |
| શામજી નરશી દંડ | સાંધવ | ૯૮૨૧૨૨૭૭૭૮ |
| ભદ્રેશ પટેલ | સાંયરા | ૮૮૫૦૫૧૪૧૦૩ |
| ભરત દનાણી | સાંયરા | ૯૮૨૦૨૨૬૭૦૭ |
| રાજુલ પટેલ | સાંયરા | ૯૮૨૦૨૦૦૮૦૦ |
| હંસકુમાર એલ. છેડા | સુજાપુર | ૯૮૨૧૧૬૫૯૬૧ |
| હરીશભાઈ ધરમશી (એચડી ફાયર) | સુથરી | ૯૮૧૯૨૧૮૬૨૨ |
| હેમાંગ આર. ધરમશી | સુથરી | ૯૮૨૦૦૨૨૬૩૮ |
| કાર્તિક ગોર | સુથરી | ૯૮૨૧૩૩૬૮૩૩ |
| કિર્તિભાઈ છેડા | સુથરી | ૯૮૨૧૦૪૯૩૭૨ |
| મિનલ બી. ખોના | સુથરી | ૯૮૨૦૧૨૩૦૮૮ |
| પિયૂષ ડી. સાયલા | સુથરી | ૯૮૬૭૪૫૬૫૫૦ |

| | | |
|---|---|---|
| વિપિનભાઈ ખોના | સુથરી | ૯૮૬૭૩૦૨૮૭૩ |
| વિરેન પોલડીયા | સુથરી | ૯૮૨૦૫૦૮૩૦૧ |
| યશોધન આર. કારાણી | સુથરી | ૯૮૨૧૧૩૭૭૩૭ |
| જિંતન પી. દંડ (શાહ) | સુથરી | ૯૮૭૦૨૯૬૧૫૧ |
| લોક બી. કારાણી | સુથરી | ૯૯૨૦૦૨૯૫૫૫ |
| ભાગચંદ કે. કારાણી | સુથરી | ૯૯૨૦૦૨૯૫૫૫ |
| ચિરાગ નાગડા (ટીકેએલડી) | તેરા | ૭૦૨૧૫૦૩૯૮૯ |
| દિપક સાયલા | તેરા | ૯૮૨૦૪૨૮૭૯૧ |
| નરેન્દ્ર દંડ | તેરા | ૯૦૦૪૩૯૧૪૧૩ |
| નિમેશ મોતા (ટીકેએલડી) | તેરા | ૯૯૨૦૨૮૧૪૧૪ |
| હિનેશ બી. લોડાયા | વાંકુ | ૭૯૭૭૫૨૫૭૮૮ |
| નરેશ દામજી સોની | વાંકુ | ૯૮૨૦૦૪૬૫૬૬ |
| નલિન | વરાડીયા | ૮૭૬૭૭૫૩૦૮૨ |
| નલિનભાઈ રતનશી ડાઘા | વરાડીયા | ૯૭૬૯૧૧૧૦૪૦ |
| રતીલાલ શામજી શાહ | વરાડીયા | ૯૮૧૯૧૯૭૩૩૨ |
| તિલકભાઈ કે. વિકમશી (હુબલી) | વરાડીયા | ૯૮૪૪૦૫૩૧૦૧ |
| લીલાધર વિશનજી ગણાત્રા | તેરા | ૯૭૫૭૨૩૪૫૬૯ |
| કુમાર દંડ | તેરા | ૯૯૨૦૯૩૫૪૧૪ |
| ચેતન મોતા | વારાપધ્ધર | ૯૩૨૨૨૮૨૯૯૩ |
| શંકરલાલ લાલજી જોઈસર | તેરા | ૯૯૭૯૬૧૯૪૯૪ |
| દેવજી ...... જોઈસર | તેરા | ૯૮૨૦૩૪૧૫૮૫ |
| અજીત જેરામદાસ સોની (આર.એસ.એસ.કાર્યકર્તા) | માંડવી | ૯૮૬૭૦૩૪૭૯૮ |
| સમીર કુંવરજી ખોના | સુથરી | ૮૪૩૩૬૯૯૩૬૬ |
| કુસુમ વિરેન્દ્ર મેપાણી | પરજાઉ | ૯૩૨૧૪૧૪૭૪૮ |
| તિલક પ્રેમજી શાહ | મોટી સિંધોડી | ૯૯૩૦૯૮૨૦૬૧ |
| કાશ્મિરા વિરેન્દ્ર લુઢીયા | રાયધણજર | ૯૮૨૧૬૭૫૭૭૨ |
| હંસા રાજેશ ખોના | જખૌ | ૯૮૧૯૭૬૧૩૧૨ |
| હંસકુમાર દામજી મૈશેરી | લાલા | ૯૮૨૦૧૬૭૭૯૯ |
| પ્રવીણ ભવાનજી | લાલા | ૯૮૨૦૦૭૧૭૫૯ |
| ખુશાલચંદ કલ્યાણજી | બાંડા | ૯૭૧૨૩૮૪૨૭૧ |
| ચેતન જી. પોલડીયા | બાયઠ | ૯૧૬૭૨૧૬૬૫૧ |
| કુશ નાગડા | જખૌ | ૯૮૨૦૨૨૧૫૧૭ |
| કિરણ લાલજી દંડ | પરજાઉ | ૯૮૩૩૮૦૮૨૪૪ |
| સેજલ શાહ | સુથરી | ૯૮૯૨૦૪૬૫૯૪ |
| લીના જે. ખોના | કોઠારા | ૯૮૩૩૬૬૪૮૦૪ |
| છાયા મહેશ દંડ | સાંધવ | ૭૬૬૬૮૬૫૪૯૫ |
| ગુરૂદાસ આર. ચોપડકર | આર.આર.સંઘ | ૯૧૩૭૫૭૭૩૫૪ |
| કિરણકુમાર ધનજી ... | વારાપધ્ધર | ૯૩૨૨૨૩૦૫૭૪ |
| રીના લાજેશ લોડાયા | કોઠારા | ૯૯૨૦૬૫૭૭૬૪ |
| જીગર દિલિપ નાગડા | પરજાઉ | ૯૩૨૦૬૦૩૩૬૦ |
| ભરત દમાણી | કોઠારા | ૯૮૨૦૨૨૬૪૦૭ |
| દીપા હિરેન નાગડા | જખૌ | ૯૨૨૪૩૪૫૦૦૦ |

# ક્લાસિક ફાઉન્ડેશનનો અદ્દ્ભૂત આયામ : કેડીઓ ક્લાસિક પરિવારના અભિયાનની દ્વિતીય મિટિંગ કોઠારા મધ્યે યોજાઈ







તા.૪ ઓગસ્ટ ૨૦૨૪ રવિવારના સવારના ૧૦ કલાકે અબડાસા તાલુકાના મધ્યબિંદુ અને કેડીઓ જ્ઞાતિની મોટી પંચતીર્થીના ઐતિહાસિક નગર એવા કોઠારા ગામે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના પરિસરમાં યોજાઈ હતી. મિટિંગમાં કોઠારા સહિત આસપાસ પરિસર ગામોના વિવિધ જ્ઞાતિઓના અગ્રણીજનો અને અબડાસા પ્રદેશના વિકાસ માટે ચિંતિત પ્રબુધ્ધ નાગરિક ભાઈ બહેનો મોટી સંખ્યામાં પધારયા હતા.

મિટિંગના પ્રારંભે અગ્રણીઓએ એકલ શ્રી હરિના પદાધિકારીઓ સાથે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું.

આયોજક સંસ્થાના મણિકાન્તભાઈ ધુલ્લાએ આજની સભાની પ્રસ્તાવના રજૂ કરી મુલુંડ-મુંબઈ આજના સંદર્ભે થયેલ પ્રથમ સભાની માહિતી આપી હતી. આજે અબડાસા માટે ચિંતિત થવાની જરૂર શા માટે છે એની ભૂમિકા સમજાવી હતી.

રાષ્ટ્રીય ભાવના, હિંદુ ધર્મ સંસ્કૃતિની ખેવના કરતા આયુષ્યના શતક પૂર્ણ કરવા તરફ ગતિમાન રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘની સક્રિય પાંખ એકલ શ્રી હરિના પ્રભારી અનિલ માનસિંહકા એ સરળ ભાષામાં સમગ્ર દેશના ગામેગામોમાં ચલાવી રહેલા ધર્મ જાગૃતિ વ્યસન મુક્તિ, સંસ્કાર શિક્ષણ વિષે વિસ્તૃત માહિતી સભામાં ઉપસ્થિત લોકોને આપી હતી. મોટી સ્ક્રીન ઉપર આ કાર્યનું દસ્તાવેજી કરણ માહિતી આપતો વીડિયો દર્શાવીને બાબતની જાણકારી આપી હતી.

ત્યાર બાદ સભામાં ઉપસ્થિત વિવિધ અગ્રણીઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. સૌ વક્તાઓએ હાલે અબડાસા વિસ્તારના ગામોમાં ઘટતી જતી વસતી માટે ચિંતા વ્યક્ત કરી હતી. સૂનકાર થયેલા ગામોમાં વેરાનીનો અજગર ભરડો નાબૂદ કરવો રહ્યો. એ પ્રકારે મંતવ્યો વ્યક્ત









# ક્લાસિક ફાઉન્ડેશનનો અદ્ભુત આયામ : કેડીઓ ક્લાસિક પરિવારના અભિયાનની દ્વિતીય મિટિંગ કોઠારા મધ્યે યોજાઈ


[illegible]















[illegible]

## NOBLE COMMITMENT FOR NOBLE CAUSE



First of all I heartily congratulate KDO Classic for [illegible]

[illegible]

- [illegible]

## [illegible]



[illegible]

- [illegible]

## [illegible]





[illegible]

# ક્લાસિક અબડાસા એકલ શ્રી હરિ સાથે કચ્છ કોઠારા

## રવિવાર, તા.૦૪ ઓગસ્ટ ૨૦૨૪ (સમય : સવારના ૧૦ થી બપોરના ૧૨.30 કલાક )

## બીજી મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| મહાવીરસિંહ જાડેજા | આરીખાણા | ૯૯૨૫૦૩૫૦૫૪ |
| લહેરચંદભાઈ ખોના | ગાંધીધામ | ૯૮૨૫૧૩૮૧૦૩ |
| મહેશભાઈ લાલકા | ગાંધીધામ | ૯૮૨૫૨૮૭૫૫૫ |
| રાજેશભાઈ મૈશેરી | ગાંધીધામ | ૯૯૦૯૮૮૩૯૭૦ |
| અશોક જી.મૈશેરી | જખૌ | ૭૪૮૬૦૨૪૭૦૬ |
| મણિકાંત એચ.ધુલ્લા | જખૌ | ૯૮૨૦૧૪૧૯૧૯ |
| સનત કે.ખોના | જખૌ | ૭૭૩૮૦૭૮૮૪૪ |
| જલુભાઈ જાડેજા | જસાપર | ૯૯૭૯૧૮૨૮૭૧ |
| વાડીલાલ પોકાર | કનકપર | ૯૮૨૫૫૬૮૪૭૫ |
| ભરતસિંહ જાડેજા | કોઠારા | ૯૯૧૩૧૧૩૩૫૭ |
| હીરાલાલ કે. જીવાણી | કોઠારા | ૮૧૪૧૧૩૫૧૮૪ |
| પ્રભાતસિંહ જી. જાડેજા | કોઠારા | ૯૮૨૫૨૪૬૦૧૨ |
| શંકરલાલ ડી. પટેલ | કોઠારા | ૯૭૧૨૯૯૨૨૪૨ |
| ખીરજ વી.સંજોત | લાલા | ૮૨૩૮૦૩૫૨૨૩ |
| રાજેશ મોમાયા | લાલા | ૯૪૨૬૩૧૦૦૦૧ |
| ગોપાલભાઈ ગઢવી | મોટી સિંધોડી | ૯૭૨૪૧૭૯૫૦૪ |
| જીજ્ઞેશ એ.છેડા | સુથરી | ૯૭૨૬૨૧૩૮૨૭ |
| પદમ લોડાયા | વરાડીયા | ૯૩૨૨૮૨૭૦૮૫ |
| ખીરેશ શામજી ડાઘા | વરાડીયા | ૯૯૨૫૩૬૩૦૮૨ |
| અમિતાબેન ટી. મોમાયા | | ૯૮૧૯૧૮૧૭૯૦ |
| પ્રબોધ હીરાચંદ મુનવર | ભુજ | ૯૯૨૫૧૬૯૮૭૬ |
| હીરાચંદ લક્ષ્મીચંદ છેડા | ભુજ | ૯૮૭૯૩૫૭૨૪૬ |
| દિલિપ રતનશી મોતા | ભુજ | ૯૪૨૭૨૪૯૫૪૯ |
| મહેન્દ્ર પદમશી લોડાયા | ભુજ | ૯૩૧૫૬૫૦૬૭૯ |
| હરીશ શીવજી લોડાયા | ભુજોડી | ૯૯૭૯૧૯૮૮૯૯ |
| પનુલાલ બી. દલાલ | કોઠારા | ૭૪૦૫૧૧૨૨૧૨ |
| વનરાજસિંગ વી. જાડેજા | કોઠારા | ૯૯૭૯૧૭૯૩૨૭ |
| કેતન ડી. મોરાડીયા | કોઠારા | ૯૪૨૮૨૨૬૦૮૭ |
| ગિરિશ એચ. મોમાયા | કોઠારા | ૯૦૯૯૩૨૩૯૬૩ |
| મયૂરકુમાર વેલજી | કોઠારા | ૯૫૧૩૯૫૪૧૬૫ |
| જયદીપસિંગ કે. જાડેજા | નલિયા | ૯૪૨૭૨૮૮૯૦૦ |
| પરેશભાઈ ભાનુશાલી | નલિયા | ૯૪૨૭૪૩૪૧૦૧ |
| દામજી સી. શાહ | કોઠારા | |
| મયૂરસિંગ આય. જાડેજા | વારાપધ્ધર | ૯૬૮૭૯૫૬૬૧૮ |
| હાથેસિંગ જાડેજા | કોઠારા | ૯૮૭૯૭૧૫૦૦૨ |
| પાર્થરાજસિંગ જે. જાડેજા | વારાપધ્ધર | ૯૩૧૬૬૨૪૬૩૭ |
| હર્ષદ એચ. શાહ | કોઠારા | ૮૭૮૦૫૯૮૮૩૩ |
| મહેશ પી. નાગડા | પરજાઉ | ૯૦૯૯૩૬૭૦૪૬ |
| વિનેશ ભાનુશાલી | પરજાઉ | ૮૯૮૦૭૬૮૩૦૮ |
| અશોક પટેલ | કનકપુર | ૯૨૬૫૧૯૪૮૪૦ |
| દિનેશ દયાની | કનકપુર | ૯૪૨૮૦૮૩૨૩૩ |
| દિનેશ લઘા પટેલ | કનકપુર | ૯૪૨૮૨૨૦૦૫૦ |
| પ્રિતેશ લોડાયા | કોઠારા | ૯૫૭૪૯૮૧૭૯૪ |
| વિપુલભાઈ ભાનુશાલી | વમોટી (નાની) | ૯૯૨૫૦૧૮૫૦૦ |
| નરેન્દ્રસિંગ જાડેજા | ભરાડા | ૯૯૭૮૨૧૮૨૩૬ |
| નાનુભા સોઢા | કોઠારા | ૯૯૨૫૩૦૦૩૮૫ |
| વિનય રાવલ | કોઠારા | ૭૫૬૭૧૧૯૪૧૧ |
| ભરતસિંગ ઢાલ | કોઠારા | ૯૮૨૫૨૫૮૬૦૩ |
| તોરલબેન આર. શાહ | કોઠારા | ૮૮૪૯૮૦૨૯૨ |
| ચાર્મી જૈન | કોઠારા | ૮૮૪૯૮૦૨૯૨ |
| રમિલાબેન લોડાયા | કોઠારા | ૯૬૦૧૩૬૯૯૦૯ |
| મનિષાબેન ડાઘા | કોઠારા | ૮૨૦૦૯૬૮૭૦૧ |
| કિરણભાઈ હીરજીભાઈ દરજી | કોઠારા | ૯૪૨૮૯૪૬૪૩૬ |
| કેશવજીત કે. ડંગર | કોઠારા | ૯૯૭૪૪૪૯૫૩૩ |
| જોવરસિંગ આર. જાડેજા | કોઠારા | ૯૭૧૨૬૩૮૨૧૫ |
| ગિરીશભાઈ માલ | તેરા | ૯૪૨૬૨૬૫૨૩૨ |
| નરેન્દ્ર દંડ | તેરા | ૯૦૦૪૩૯૧૪૧૩ |
| નીતીનભાઈ | તેરા | ૯૮૨૫૨૧૮૩૮૭ |
| મનીષભાઈ | તેરા | ૯૪૨૭૭૬૨૬૫૬ |
| અમિતભાઈ | તેરા | ૯૨૬૫૬૩૬૭૨૬ |
| જયવીર બાપુ | સાંધણ | ૯૯૭૮૭૪૦૧૭૭ |
| દિલિપ પટેલ | જખૌ | ૯૮૬૯૭૩૭૩૦૧ |
| ખમાબેન ધર્મેન્દ્ર નાગડા | વરાડીયા | ૯૩૨૪૦૧૩૬૮૦ |
| મુલચંદ પી. મોતા | નલિયા | ૯૮૪૬૨૧૪૨૦૩ |
| કમલગર એ. ગુંસાઈ | વરાડીયા | ૯૯૭૯૯૧૯૫૩૭ |
| એમ.કે.નાગડા | નલિયા | ૯૭૨૬૬૮૬૮૫૧ |
| મન પી. .... | સિંધોડી | ૯૯૩૦૯૮૨૦૬૧ |
| દિનેશ આર. શાહ | સિંધોડી | ૮૮૫૦૯૮૦૧૭૭ |
| અરવિંદ એલ. શાહ | વારાપધ્ધર | ૯૮૨૫૬૩૪૬૪૯ |
| ગોપાલભાઈ ગઢવી | સિંધોડી | ૯૭૨૪૧૭૯૫૦૪ |
| વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૯૯૭૮૫૬૯૩૧૮ |
| અનિંદસિંગ જાડેજા | વાંકુ | ૯૬૬૨૫૫૩૮૭૪ |
| રાજેશ આર. ભારદ્વાજ | કોઠારા | ૭૪૦૫૦૦૪૭૮૬ |
| ત્રિકમભાઈ પાંગાડુ | કોઠારા | ૯૫૫૮૩૯૯૨૪૨ |
| કિશોરસિંગ એમ. જાડેજા | વારાપધ્ધર | ૯૯૨૫૯૯૦૭૭૮ |
| વિરેન્દ્રસિંગ | વારાપધ્ધર | ૯૯૨૫૧૬૩૫૬૭ |
| દામજીભાઈ ચૌહાણ | કોઠારા | ૯૯૭૯૭૪૪૬૬૮ |
| રણજીતસિંગ એન. સોઢા | કોઠારા | ૮૭૫૮૫૯૫૦૦૯ |
| વિરસિંગ બીએચજેઆર | ખુડા | ૯૭૨૭૩૩૦૬૬૯ |
| કેશુભા જાડેજા | કોઠારા | ૯૯૦૯૬૯૯૬૨૩૦ |
| કન્હૈયાલાલ અબોટી | ભુજ | ૬૩૫૨૯૪૨૩૧૩ |





# ક્લાસિક અબડાસા એકલ શ્રી હરિ સાથે કચ્છ કોઠારા

**સોમવાર, તા.30 સપ્ટેમ્બર ૨૦૨૪**

**(સમય : બપોરના ૧૨.30 કલાક )**

**ત્રીજી મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી**

| | | |
|---|---|---|
| દામજી બી. ચૌહાણ | કોઠારા | ૯૯૭૯૭૪૪૬૬૮ |
| ગિરીરાજ સિંહ જાડેજા | કોઠારા | ૮૨૩૮૦૩૫૦૯૨ |
| કલ્પેશસિંહ જાડેજા | વાંકુ | ૯૭૭૩૧૬૪૪૭૯ |
| દિવ્યરાજસિંહ જાડેજા | કોઠારા | ૯૯૧૩૯૯૫૦૦૩ |
| જગદીશસિંહ જાડેજા | કોઠારા | ૯૭૨૪૧૬૪૮૯૮ |
| નરેન્દ્રસિંહ જાડેજા | ભેદી | ૯૯૭૮૦૦૨૫૬૦ |
| દાજીભા એમ. જાડેજા | ભેદી | ૯૬૬૨૮૯૫૯૨૦ |
| બીજરાજ ગોહીલ | વાંકુ | ૬૯૬૨૧૭૦૦૧૫ |
| ચંદ્રસિંહ એમ. સોઢા | કોઠારા | ૯૭૬૮૧૦૧૦૯૪ |
| ગંભીરસિંહ જાડેજા | કોઠારા | ૯૯૦૯૭૨૯૪૬૭ |
| ચતુરસિંહ બી. જાડેજા | ખીરસરા | ૯૭૨૫૧૯૯૫૫૪ |
| ગજેન્દ્રસિંહ પી. ચૌહાણ | વરંડી મોટી | ૯૯૦૯૩૪૭૪૭૦ |
| દિગ્વિજય સિંહ જાડેજા | કોઠારા | ૮૨૩૮૦૩૫૦૮૭ |
| રમેશ આર. પટેલ | કોઠારા | ૮૧૬૦૧૪૫૫૨૨ |
| શંકરલાલ દેવજી પટેલ | કનકપર | ૯૭૧૨૯૯૨૨૪૨ |
| આશીષ ગૌરીશંકર જોષી | વાયોર | ૯૯૨૫૬૦૦૭૮૯ |
| નીતિન નવીનભાઈ દરજી | નલિયા | ૯૪૨૮૮૯૬૮૧૦ |
| કશ્યપપુરી ત્રિભુવનપુરી ગોસ્વામી | નલિયા | ૯૪૦૮૭૬૪૯૦૮ |
| પ્રભાતસિંહ જાડેજા | કોઠારા | ૯૮૨૫૨૪૬૦૧૨ |
| દિનેશ લાલજી લોડાયા | કોઠારા | ૯૮૨૦૦૮૦૦૬૧ |
| કિશોર ખીંયશી શિયાડ | જખૌ | ૯૮૧૯૯૨૫૩૨૪ |
| વનરાજ સિંહ વી. જાડેજા | કોઠારા | ૯૯૭૯૧૭૯૩૨૭ |
| વિજયસિંહ જીવાણી | કોઠારા | ૯૭૧૨૪૮૯૩૧૨ |
| જોરૂભા ગનુભા જાડેજા | કોઠારા | ૯૭૨૭૩૩૦૭૧૬ |
| જનકસિંહ સાદુભા સોઢા | વાંકુ | ૯૪૨૭૧૨૮૮૨૩ |
| દેવેન્દ્ર સિંહ સોઢા | સાંધાણ | ૯૮૬૭૨૪૧૬૪૦ |
| મયૂરસિંહ જાડેજા | વારાપધ્ધર | ૯૬૮૭૯૫૬૬૧૮ |
| જયવીરસિંહ જાડેજા | સાંધાણ | ૯૯૭૮૭૪૦૧૨૭ |
| હિતેષકુમાર વાસાણી | અરજણપર | ૯૮૨૫૯૫૨૦૭૭ |
| મહેશગર દોલતગર | ભાચુંડા | ૯૮૭૯૭૧૪૮૩૬ |
| ભવિજાસિંહ ભીડ | કોઠારા | ૮૪૬૯૫૨૩૮૭૫ |
| વસંતલાલ વેલજી પટેલ | કનકપુર | ૯૪૨૮૪૭૨૪૩૪ |
| વાડીલાલ પરબતભાઈ પોકર | કનકપુર | ૯૮૨૫૫૬૮૪૭૫ |
| રસિક રામજીભાઈ પટેલ | કોઠારા | ૯૮૯૮૨૩૬૦૩૪ |
| ઈશ્વરભાઈ વસાવા | સોનગઢ | ૮૧૪૧૩૩૮૧૧૪ |
| મુલજીભાઈ કામડી | આછાઠાંગ | ૯૪૨૯૭૮૨૩૩૯ |
| અશોક રામજીભાઈ ધ્રોળ | કનકપુર | ૯૨૬૫૧૯૪૮૪૦ |
| મહેન્દ્ર શાહ | સણોસરા | ૯૮૨૧૦૩૪૮૧૬ |
| દીપક ગંગાજર શાહ | વરાડીયા | ૮૯૭૬૦૧૭૮૩૦ |

# ક્લાસિક અબડાસાનું એકલ શ્રી હરિ સંગાથે તૃતીય મિટિંગનું સફળ આયોજન સંપન્ન થયું



સોમવાર, તા.30 સપ્ટેમ્બરના રોજે બપોરે ૧૨.30 કલાકે કચ્છ કોઠારા મુકામે કોઠારા સહિત આજુબાજુના ગામોના પ્રબુધ્ધજનોની મિટિંગનું આયોજન કેડીઓ ક્લાસિકના નેજા હેઠળ અને એકલ શ્રી હરિના સંગાથે થયું હતું.

પ્રારંભે સભા આયોજક શ્રી મણિકાન્તભાઈ ધુલ્લાએ મુલુંડ-મુંબઈ અને કોઠારા મધ્યે થયેલ પ્રથમ અને દ્વિતીય મિટિંગનો ટૂંકસાર આપી ઉપસ્થિત સૌને અવગત કર્યા હતા. સભામાં હાજર વિવિધ સમાજોના અગ્રણીઓને એકલ શ્રી હરિના કાર્યો વિષે માહિતી અપાઈ હતી. સાડા ત્રણ દાયકા દરમ્યાન દેશના વનવાસી-આદિવાસી વસતી ધરાવતા ગામો, પછાત વિસ્તારોમાં લોકોને કઈ કઈ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષિત કરાયા. ધર્માભિમુખ અને સંસ્કાર-સંસ્કૃતિથી કંઈ રીતે અભિયાન ચલાવી ભૂષિત કરાયા તેની વિગત અપાઈ હતી. એકલ શ્રી હરિની વિચારધારા ધર્મ ભક્તિથી રાષ્ટ્રભક્તિની છે. લોકો શિક્ષિત સુસંસ્કૃત હશે તો સમાજ અને રાષ્ટ્ર પણ સુસભ્ય થશે. વ્યસન મુક્તિથી પરિવાર આબાદ થાય છે. જેને કારણ વ્યક્તિનું જીવન પણ આબાદ થાય છે. સંપથી સંગઠન મજબૂત થાય છે અને રાષ્ટ્ર ઐક્યભાવ પ્રગટે છે. જે વિકાસનો પાયો છે એવી સમજણ સભાને અપાઈ હતી.

વિવિધ સમાજના અગ્રણીઓએ પોતાના મંતવ્ય મોકળા મને વ્યક્ત કર્યા હતા. દરેકે દરેકના વિચારોમાં અબડાસા માટેની ચિંતા સ્પષ્ટપણે છલકતી હતી. ઐતિહાસિક વિરાસત ધરાવતો અબડાસા પ્રદેશ દિવસે ઘસાતો જાય છે તેની સૌને ચિંતા હતી. આ પરિસ્થિતિમાંથી હેમખેમ ઉગારો થાય એ માટે સૌના સંગઠિત પ્રયાસ થવા જરૂરી છે એવો એકમત હતો.

ભૂકંપ પછી દર વર્ષે સારો વરસાદ નર્મદા નદીના પાણીનું આગમન, નવા ઉદ્યોગોની હારમાળા, પ્રવાસન માટે અનુકુળ સ્થળોથી કચ્છમાં પ્રવાસીઓની અવરજવર વધી છે તે છતાં પશ્ચિમ કચ્છના છેવાડાના પ્રદેશ અબડાસાના ગામો લોક વસતીની હિજરતથી ઘસાઈ રહ્યા છે. સૂના પડેલા ગામોમાં માલમતા-મિલ્કત અને મકાનોની જાળવણી કરવી એ ચિંતાનો વિષય છે જે માટે લોક જાગૃતિ થાય, વસતીનો વધારો થાય. લોકોની અવરજવર વધે તે માટે નોંધપાત્ર પ્રવૃત્તિઓ થાય. ધર્મ શિક્ષણની જાગૃતિ આવે, બાળકો શિક્ષિત થાય એ માટે પ્રયાસ વધારવા એકલ શ્રી હરિની પ્રવૃત્તિઓ ઉપયોગ અને સાર્થક થશે એ વિષે સૌ એકમત થયાં હતાં.

સૌએ એકલ શ્રી હરિના ક્લાસિક અબડાસા અભિયાન માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો અને તેમની પ્રવૃત્તિઓ વહેલી તકે પ્રારંભ થાય અને એ માટે સકારાત્મક પરિણામ પ્રાપ્ત થાય એવી આશા વ્યક્ત થઈ હતી.

અંતે ચા-પાણી અને અલ્પાર લઈ સૌ સંતોષપૂર્વક પોત પોતાના સ્વસ્થાને જવા છૂટા પડ્યાં હતાં.



# ક્લાસિક અબડાસા એકલ શ્રીહરિ સાથે ચોથું ચરણ મોથાળાની અનિરૂધ્ધ જયંતીલાલ ભાનુશાલી કોલેજમાં યોજાયું





તા.૨૧ ઓક્ટોબર સોમવારે સવારે ૮ કલાકે કેડીઓ ક્લાસિક ચેરિટેબલ ટ્રસ્ટની ઐતિહાસિક ઝૂંબેશ ક્લાસિક અબડાસા એકલ શ્રી હરિ સાથ ચોથા ચરણની મિટીંગ અબડાસા તાલુકાના મોથાળા ગામની અનિરૂધ્ધ જયંતીલાલ ભાનુશાલી કોલેજમાં યોજાઈ. જેમાં અંદાજે ૧૫૦ જણ ઉત્સાહ સાથે સમલિત થયા હતા. મિટીંગમાં પ્રથમવાર કોલેજિયન યુવકો યુવતીઓ સાથે વિવિધ જ્ઞાતિ સમાજના અગ્રણીઓ સહિત બહેનો પણ જોડાઈ હતી.

મિટીંગમાં બિદડાથી કચ્છ યુવક સંઘના ફાઉન્ડર ટ્રસ્ટી અને હાલે શિક્ષણ સમિતિના પ્રભારી તથા ટ્રસ્ટી એવા ડૉ.પંકજભાઈ શાંતિલાલ શાહ ખાસ પધાર્યા હતા. તેઓ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ સાથે સક્રીય રીતે જોડાયેલા છે. અને આર.એસ.એસ.ની પાંખ વિદ્યા ભારતી પશ્ચિમ કચ્છ વિભાગના અધ્યક્ષ છે. આ સંસ્થાની સમગ્ર કચ્છમાં ૨૮ સ્કૂલો છે. જેમાં ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંસ્કારલક્ષી શિક્ષણ અભ્યાસ મેળવી પોતાના ભવિષ્યની કારકિર્દીનો મજબૂત પાયો બનાવે છે. બિદડા, ગઢશીશા, દયાપર, ભુજ ઈત્યાદિ ગામ-શહેરમાં સંચાલિત કરાય છે. દયાપરમાં છાત્રાલય સાથે શાળા ચાલે છે. બિદડામાં શ્રીમતી કેશરબેન કાનજી શામજી વિદ્યા સંકુલમાં માતુશ્રી કંચનબેન પ્રેમચંદ માણેકચંદ મહેતા પ્રેમ સ્મૃતિ શિશુ મંદિર, માતુશ્રી નિર્મલાબેન રવજી પાંચારિયા પ્રાથમિક શાળા અને શ્રી બી.બી.એમ. હાઈસ્કૂલમાં પ્લે ગ્રુપથી ધોરણ ૧૨ સુધી ૮૦૦ વિદ્યાર્થી છાત્રો



શિક્ષણ લે છે. અત્રે શિક્ષણ ધામ સંકુલમાં ૭.૫ એકરમાં આધુનિક સાધનોથી સજ્જ સ્પોર્ટ એકેડેમીનું નિર્માણ ચાલુ છે. જે સંપૂર્ણ રીતે અંદાજે ૨ વર્ષમાં તૈયાર થઈ જશે. આ સુવિધાથી સ્પોર્ટ કોમ્પલેક્ષમાં આઉટ ડોર અને ઈનડોર ગેમ્સની સુવિધા છાત્રોને મળશે. ૪૦૦ મીટરનું રનિંગ ટ્રેક ઉપલબ્ધ થશે. આ વિદ્યાધામના બાળકો જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે પોતાનું હીર ચમકાવ્યું છે. જેનાથી શાળાનું ગૌરવ થયું છે. સ્પોર્ટ સ્ટેડિયમનું જેમ જેમ કામ આગળ વધશે તેમ તેમ આંશિક ખેલકૂદની પ્રવૃત્તિઓ શરૂ થશે. વર્ષ ૨૬-૨૭ માં સંપૂર્ણ થયા પછી બાળકોને પ્રેક્ટિસ અને કોચિંગ માટે વધુ સુવિધાજનક થશે. આ શાળાના પાંચ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભારતીય સૈન્યમાં અગ્નિવીર તરીકે પસંદગી થયા છે. ખેતીવાડી સાથે સંકળાયેલા પંકજભાઈ રાષ્ટ્ર ભાવનાના વિચારો પ્રસરાવવા સતત પ્રયત્નશીલ છે.

સભાના મંગલ પ્રારંભે કેડીઓ



ક્લાસિકના મુખ્ય સ્તંભ એવા મણિકાંતભાઈ ધુલ્લાએ મિટીંગની પ્રસ્તાવના આપી આ અગાઉ મુલુંડમાં એક અને કોઠારા ગામે થયેલ બે એમ ત્રણ મિટીંગ વિષે ટૂંકમાં જણાવ્યું હતું. સરસંઘ સંચાલક મોહનજી ભાગવતના વક્તવ્ય જેમાં તેમણે એવું કહ્યું કે ધર્મની રક્ષા રાષ્ટ્રની રક્ષા જેવી છે. લોકોને ધર્મની મહતા સમજાય એ જરૂરી છે. એટલે ધર્મપ્રત્યે જાગૃતિ કેળવવી જરૂરી છે. આ વિચાર મને મનોમન ખૂંપી ગયો. જેની ઉપર મનન કરતાં અબડાસાના સૂના પડેલા ગામો કેવી રીતે જાગતા, ગાજતા થાય એની ઉપર મંથન એટલે આ શ્રૃંખલા બધ્ધ બેઠકો. આજની આ ચોથી બેઠકમાં નક્કર ઉપાય યોજના માટે સૌ ઉપયોગી સૂચનો અતિ માર્ગદર્શક બનશે એવું મારૂં માનવું છે.

ત્યારબાદ એકલ શ્રી હરિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અનિલ માનસિંગકા એ ઉપસ્થિત સૌની રાષ્ટ્રભક્તિની ભાવનાને બિરદાવી અને સૌના સાથ સંગાથથી



લક્ષ્ય જરૂર સાધી શકીશું એવો વિશ્વાસ છે એવું કહ્યુ હતું. તેમણે એકલ શ્રી હરીની સમગ્ર રાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાં કરાતી ગ્રામોત્થાન પ્રવૃત્તિ, સ્થાનિક ગ્રામીણ પ્રજાના કલ્યાણ માટે કરાતી પ્રવૃત્તિઓ, શિક્ષણ અને ધર્મ જાગૃતિ માટે કરાતા કાર્યો વિષે જણાવી. કચ્છએ સરહદી વિસ્તાર છે એટલે અહીં ચાંપતો બંદોબસ્ત કરવો સરકારની ફરજ છે તો અહીંના લોકો સજાગ રહે એ જરૂરી છે. સૂના પડેલા ગામડાઓ અનિષ્ટ પ્રવૃત્તિ કરતાં તત્વોનો ભોગ ન થાય એ માટે અતિ સજાગતા જરૂરી છે. અહીં શિક્ષણ ઓછું છે. રોજગારનો અભાવ છે, વસતી પલાયન એક મોટી સમસ્યા છે તેની ઉપર વિચારવું જરૂરી છે. સરકારો પોતાની રીતે પગલાં લેતી હોય છે પણ કેડીઓ ક્લાસિક જેવા સમાજસેવા સંગઠનો પોતાની જવાબદારી લેવા આગળ આવે એ જરૂરી છે. રાષ્ટ્ર સુદ્રઢ હશે તો સમાજ સશક્ત બનશે જ્ઞાતિ મજબૂત અને વિકસીત થશે.

એકલ શ્રી હરિ તમારી સાથે એકલવીર તરીકે ઊભા છે અને ઊભા રહેશે.

એ બાદ કચ્છ યુવક સંઘના ટ્રસ્ટી પંકજભાઈ શાહ જેઓ પશ્ચિમ કચ્છના અનેક ગામોમાં શાળાઓનું સંચાલન કરી શિક્ષણ પ્રસારનું કાર્ય કરી રહ્યાં છે. તેઓએ પોતાનું જ્ઞાનવર્ધક અનુભવ સિધ્ધ વિચારો માંડ્યા હતા. અબડાસા અને લખપત સીમાવર્તી તાલુકા છે અને જિલ્લા મથકથી લાંબા અંતરે છે. અગાઉ દુષ્કાળને કારણે લોકો ત્રસ્ત હતા. ઘણા પરિવારો પોતાના રોજગાર અર્થે અન્યત્ર પલાયન થતા હતા. હવે ભૂકંપ પછી સારા વરસાદ નર્મદાના પાણી, નવા ઉદ્યોગોનું આગમન, પ્રવાસન ઉદ્યોગનો વધતો વ્યાપ આ બધા પોઝિટીવ પરિબળોને કારણે ઇતર રાજ્યોના લોકોની વસતી અત્રે વધી છે. સાથો સાથ ઈતર પ્રકારના જોખમો વધયા છે તેની પણ સજાગતા રાખવી જરૂરી છે. સૂના પડેલા ગામો, ત્યાંના ઘર મિલકતો, દેવસ્થાનોની સંભાળ રાખવી જરૂરી છે. આ માટે આ ગામોમાં વસવાટ થવો જરૂરી છે. અન્ય ધર્મ જાતિના લોકો સૂન સારી ન જાય એ માટે ઉપાય યોજના કરવી જરૂરી છે. લોકોમાં ધર્મ જાગૃતિ સાથો સાથ રાષ્ટ્ર ભાવના પ્રબળ થાય એ માટે લોકો સાથે જીવંત સંપર્ક રાખવો જરૂરી છે. શરૂઆતમાં 30 જેટલા સેન્ટરો નક્કી કરી તેની જવાબદારી એક સેન્ટરમાં એક પ્રતિનિધિ સંભાળે. આ પ્રતિનિધિઓ તાલીમ પામી તૈયાર થયેલા હોય અને સંપૂર્ણ સુક્ષ્ઞ થઈ પોતાને ફાળવાયેલ સેન્ટરમાં નિષ્ઠાપૂર્વક કાર્ય દ્વારા અન્યોને તૈયાર કરે, જાગૃતિ પ્રસરાવે. આમ ધીરે ધીરે વ્યાપ વધતો જશે. ભાવના પ્રબળ બનશે. યુવાનોમાં જાગૃતિ વધશે, સજાગતા વધશે. અહીં ઉપસ્થિત કોલેજના વિદ્યાર્થી યુવક યુવતીઓમાં રાષ્ટ્ર ભાવના પ્રબળ છે, ધર્મ સંસ્કાર જાગૃત છે. ઉત્સાહ, ખંત છે. જેનાથી ચોક્કસ પરિણામ મળશે. આ માટે આજથી જ તૈયારી કરવી જરૂરી છે.

પંકજ શાહના ઉદ્‌બોધન બાદ સણોસરા ગામ સરપંચ પરેશભાઈ જાડેજા અને શિક્ષક દીપક મારાજ પોતાના મુક્ત વિચારો જણાવ્યાં હતાં. પૂર્વા ચલ, નોર્થ વિભાગ તેમજ ડાંગના આદિવાસી વિસ્તાર તેમજ મહારાષ્ટ્રના નાસિકના આદિવાસી ગામોમાં શિક્ષણ આપતાં સેવા નિષ્ઠ બે શિક્ષકો એ પણ પોતાના માર્ગદર્શક વિચારો જણાવ્યાં હતા.

નક્કર ઉપાય યોજના માટેનો પાયો રચી આજની મિટીંગ સફળતાથી સંપન્ન થઈ હતી.





# ક્લાસિક અબડાસા એકલ શ્રી હરિ સાથે

## અનિરૂધ્ધ જયંતીલાલ ભાનુશાલી કોલેજ, મોથાળા  કચ્છ

## સોમવાર, તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૪ (સમય : સવારના ૮ થી બપોરના ૨.૩૦ કલાક )

## ચોથી મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| જાલમસિંહ સોઢા | નાન્દ્રા મોટા | ૮૧૬૦૫૧૨૭૨૪ |
| ધ્રુવગર ગુંસાઈ | સણોસરા | ૯૨૬૫૫૨૪૧૨૩ |
| હરદીપસિંહ જાડેજા | સણોસરા | ૮૭૮૦૩૮૩૩૧૪ |
| જે.જે. ગોહીલ | વાંકુ | ૯૮૨૫૧૧૭૬૬૭ |
| અનીલ કુમાર ભાનુશાલી | બાલાચોળ નાની | ૯૯૭૯૭૯૭૯૦૭ |
| પિયૂષ ભાનુશાલી | નુંધાતડ | ૯૮૭૯૮૯૩૩૬૦ |
| કલ્પેશભાઈ પી. મોમાયા | વારાપધ્ધર | ૯૮૨૫૦૯૨૦૦૮ |
| જય ભગવાન પી. ગોસ્વામી | રામનગર | ૯૭૧૨૩૯૧૪૫૮ |
| નરેન્દ્રસિંહ માધુભા જાડેજા | લઠેડી | ૯૯૧૩૨૪૪૬૭૬ |
| ગૌતમ વિપુલભાઈ શાહ | રાપરગઢ | ૮૧૬૦૧૯૮૬૦૧ |
| જગદીશગર અર્જુનગર ગોસ્વામી | સણોસરા | ૮૭૮૦૧૦૨૨૯૮ |
| કલ્પેશ માણેકજી મોતા | રાપરગઢ | ૯૮૨૧૨૩૦૮૦૨ |
| ખુમાન સિંહ રાઠોડ | રાપરગઢ | ૭૦૬૯૭૩૮૮૧૪ |
| મોહિતસિંહ જાડેજા | રાપરગઢ | ૮૪૬૯૬૧૧૬૪૮ |
| મયૂરસિંહ જાડેજા | રાપરગઢ | ૯૦૨૩૯૦૭૫૦૧ |
| પ્રભાતસિંહ જીતુભા જાડેજા | કોઠારા | ૯૮૨૫૨૪૬૦૧૨ |
| દિનેશ લાલજી લોડાયા | કોઠારા | ૯૮૨૦૦૮૦૦૬૧ |
| પદમશી લાલજી લોડાયા | વરાડિયા | ૭૯૭૭૨૬૮૫૭૮ |
| નવીન બી. ભાનુશાલી | હાજાપર | ૮૯૮૦૨૫૯૯૯૨ |
| સામત માળસી ગોરડીયા | ગઢવાડા | ૯૧૦૬૮૩૪૯૩૧ |
| પ્રાગજી કાનજી ભાનુ | ધનાવડા | ૯૪૦૯૪૭૪૪૯૫ |
| મથુરાદાસ ખીયસી ભાનુ | ધનાવડા | ૬૩૫૧૫૧૦૭૪૨ |
| વસંત વેલજી | કનકપુર | ૯૪૨૮૪૭૨૪૩૪ |
| અશોક રામજી ધોળુ | કનકપુર | ૯૨૬૫૧૯૪૮૪૦ |
| વિકાસ રવિલાલ | કનકપુર | ૯૨૬૫૧૯૪૮૪૦ |
| હિંમતભાઈ ભાનુશાલી | શિરવા | ૯૮૨૫૩૮૫૫૮૦ |
| કનૈયાગર એન. ગોસ્વામી | હાજાપર | ૯૦૧૬૫૮૭૩૭૧ |
| પાર્થરાજસિંહ જે. જાડેજા | વારાપધ્ધર | ૯૩૧૬૬૨૪૬૩૭ |
| કરણસિંહ એ. સોઢા | ........ | ૯૮૭૯૪૧૬૮૧૨ |
| કિરીટસિંહ કે જાડેજા | નુંધાતડ | ૭૫૬૭૧૧૬૪૭૭ |
| પ્રતાસિંહ ચોહાણ | ....... | ૯૯૧૩૮૨૩૭૫૧ |
| મેરૂભા વી. સોઢા | પૈયા | ૯૯૭૯૦૫૯૯૪૮ |
| ભુપેન્દ્રગીરી એન. ગુંસાઈ | ...... | ૯૫૮૬૦૬૫૯૦ |
| હરપાલસિંહ એન. સોઢા | કનકપુર | ૬૩૫૫૮૬૧૩૫૧ |
| અમિતરાજસિંહ કે. સરવૈયા | ..... | ૮૮૪૯૦૬૦૫૫૦ |
| પરાક્રમસિંહ જે. જાડેજા | ...... | ૬૩૫૨૭૦૬૮૭૯ |
| દેવેન્દ્રસિંહ પી. સરવૈયા | ..... | ૯૯૨૫૨૭૦૨૬૦ |
| અનિરૂધ્ધસિંહ કે. સોઢા | પૈયા | ૯૯૭૪૬૬૬૮૭૨ |
| ભરત જે. જોષી | .... | ૯૭૧૨૫૧૨૨૯૮ |
| રૂપસંગજી એસ. સોઢા | ..... | ૮૭૫૮૬૨૩૫૧૩ |
| સતુભા કે. સોઢા | ..... | ૭૭૧૩૭૫૨૧૮૯ |

| | | |
|---|---|---|
| સુનિલ અમરજી સોઢા | ..... | ૯૩૨૭૬૭૮૮૧૧ |
| કેટાતભા કા જિ સોઢા | ..... | ૭૫૬૭૫૪૩૮૭૫ |
| દિપકભા ભોજરાજી જાડેજા | | ૯૯૭૯૭૭૫૮૩૬ |
| મયુરસિંહ કે. જાડેજા | રાપરગઢ | ૮૪૬૯૬૧૧૬૪૮ |
| કરન ભાનુશાલી | નુંધાતડ | ૮૩૨૦૧૩૯૯૪૪ |
| શિવરાજસિંહ જાડેજા | હીગરીચા | ૭૦૬૯૫૬૮૩૫૨ |
| વિક્રમભાઈ એસ. દહમા | ..... | ૯૯૭૮૮૭૪૬૨૫ |
| ડૉ. કેકા આર. ભટ્ટ | નરેડી | ૭૬૦૦૨૨૦૯૪ |
| જલ્પાબા વી. જાડેજા | મોથાળા | |
| ધર્મબા પઢિયાર | અંગીયા | |
| હિતેશ્વરીબા વી. જાડેજા | કોઠારા | |
| પ્રાર્થના જે. પટેલ | કનકપુર | |
| આરતી એ. પ્રેમજી | કનકપુર | |
| હિનાબા પી. જાડેજા | મોટી ભેદી | |
| નેહાબા એત. જાડેજા | મોટી ભેદી | |
| સિધ્ધિ આર. ગુંસાઈ | વિભાપર-ગંગોણ | ૬૩૫૪૫૯૩૨૩૧૧ |
| અવીન એમ. ગુંસાઈ | ભાચુંડા | ૯૧૩૭૪૫૭૬૬૧ |
| જાનવિબા એ. જાડેજા | વાંકુ | ૯૦૧૬૭૨૬૧૨૭ |
| ભાવિકાબા જુવાનસિંહ વાઘા | ફિંગરીયા | ૯૦૧૬૩૨૪૩૭ |
| રિંકુબા ભરતસિંહ જોડજા | વાંકુ | ૯૩૧૩૭૬૧૬૧૧ |
| સપનાદેવી એસ. ગોસ્વામી | કનકપુર | ૬૩૫૨૧૪૭૪૫૯ |
| હિમાંશીબા કે. જાડેજા | નુંધાતડ | |
| અવનીબા કે. જાડેજા | નુંધાતડ | |

### અમો આભારી છીએ

કેડીઓ ક્લાસિકની સ્થાપનાના મૂળમાં કેડીઓના ૩૯ મૂળ ગામો ના સર્વાંગી વિકાસ, સંસ્કૃતિ, કલા તથા લોકજીવન બાબતે સંશોધન પ્રચાર અને સંવર્ધન, કચ્છના જ્ઞાતિજનોના ઉત્કર્ષ, આપણી માલ મિલ્કતો દેરાસરોની જાળવણી વગેરેને લક્ષમાં લઈને કરવામાં આવી છે. શ્રી મણિકાંત હીરજી ધુલ્લાના સખત ચાર વર્ષના પરિશ્રમની ફળશ્રુતિ રૂપે એકલ હરિ ટ્રસ્ટનાના ઉચ્ચ પદાધિકારીઓ શ્રી માધવેન્દ્રસીંગજી તેમજ સાથીદારો સંગાથે કચ્છના ૯૦ ગામોમાં વિકાસના કાર્યોની શરૂઆત થઈ ગઈ છે. જે મકરસંક્રાંતિ બાદ જોરદાર કાર્યો થશે.

શ્રી એકલ હરિ વનવાસ ટ્રસ્ટના પદાધિકારીઓ તથા આર. એસ. એસ. ના ઉચ્ચ પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભારી છીએ.

કચ્છ કોઠારા સંઘના સર્વ પદાધિકારીઓ શ્રી નલીનભાઈ અજાણી, શ્રી હેમંત અજાણી, શ્રી દિનેશભાઈ અજાણી તથા અન્ય ટ્રસ્ટીઓનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કચ્છ એકમના શ્રી લહેરચંદભાઈ ખોના, શ્રી મુકેશભાઈ તથા અન્ય પદાધિકારીનો ખૂબ ખૂબ આભાર.

ભુજ મહાજનના પ્રબોધ મુનવરનો ખૂબ ખૂબ આભાર.

શ્રી જીવરાજ ભાણજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો ખૂબ ખૂબ આભાર.

શ્રી મોથારા કોલેજના સર્વે પદાધિકારીઓ તથા પ્રિન્સીપાલ સાહેબનો ખૂબ ખૂબ આભાર.

દરેક પ્રસંગોમાં ફોટોગ્રાફી, સ્ક્રીન, માઈક (સાઉન્ડ)ની વ્યવસ્થા માટે હેતલ ફોટોના શ્રી મહેશભાઈનો ખૂબ ખૂબ આભાર.

સમસ્ત મહાજનનું જ્ઞાતિ મુખપત્ર 'જ્ઞાતિમૈયા', પ્રકાશ સમીક્ષા છેલ્લે શ્રી જયંતભાઈ છેડા કે જેમણે પોતાના સાપ્તાહિક સમાચાર ગુર્જરમાતમાં વિગતવાર સંકલન કરી આપ સૌ સુધી ક્લાસિક અબડાસાના આ અભિયાનને પહોંચાડ્યો છે તે બદલ ખૂબ ખૂબ આભાર તથા નામી, અનામી સર્વે જેઓ ક્લાસિક અબડાસાનામાં સાથ સહકાર આપ્યો છે તેઓ સર્વેનો હૃદયપૂર્વક આભાર.

– મુકેશ મૈશેરી

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા કચ્છના વિધાયકોનું સન્માન કરાયું





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરના આગ્રહથી વિનંતીને માન આપી શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં રવિવાર તા.૨૯-૧૨-૨૦૨૪ના સવારે ૧૦.૩૦ કલાકે શ્રી કચ્છ અબડાસા તાલુકાના ધારાસભ્ય (વિધાયક) માનનીય શ્રી પદ્યુમનસિહ જાડેજા અને ભુજ તાલુકાના ધારાસભ્ય (વિધાયક) માનનીય શ્રી કેશુભાઈ પટેલ પધારેલ.

શ્રી જિનાલયમાં દર્શન, આરતી બાદ સદસ્યોની ઉપસ્થિતીમાં એમનું પરિચય કરવામાં આવેલ તથા બન્ને અતિથિએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે અમે કચ્છમાં છીએ એવું લાગે છે અબડાસાના બધા ગામના સભ્યો હાજર છે અમે ખૂબજ રાજી થયા તથા કચ્છ, ગુજરાત અંગે કોઈ પણ કાર્ય હોય તો અમને જણાવશો.

મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા પરિચય કરાવેલ તથા આભાર વિધિ શ્રી હિદેશ શરદ મોમાયા કરાવેલ. ચા-નાસ્તા લઈ બધા ઉલ્લાસપૂર્વક છુટા થયેલ. આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપેલ.









# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરીથી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી આયોજિત સ્નેહમિલન, સવારે ૮.૦૦ ક. થી ૩.૦૦ ક. સુધી : મેવાળ કેશરી હોલ, ભાડુંપ, મુંબઈ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભાઃ શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડઃ બપોરે ૨.૩૦ ક. |
| તા. ૧૧-૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |
| તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ | વારાપધરના વારાપીર ઓલીયાની ૧૫મી સમુહ પહેડી. મેવાડ કેશરી હોલ, ભાડુંપ. બપોરે ૩.૩૦ ક. થી. |
| તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ આયોજિત મંડળની સ્થાપનાના ૬૦ વર્ષ નિમિત્તે સિદ્ધોત્સવ તથા મહિલાઓનો ભારતના લોક નૃત્ય કાર્યક્રમ મુલુંડમાં |
| તા. ૩૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | નલિયા તીર્થ શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનાલયની ૧૮૫ મી ધ્વજા નિમિત્તે મહોત્સવ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મંજલ રેલડીયાની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટીઓની ચુંટણી, આર.કે.પાઠશાળા, ભાડુંપ |
| તા. ૦૮ ફેબ્રુઆરી થી ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીની મુંબઈમાં સળંગ ૩૩મી પહેડી લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા (કોઈમ્બતુર) પરીવાર મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયા ગામમાં બિરાજમાન મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૩૧ મી સમુહ પહેડી ૦૯ ફેબ્રુઆરીના જીવરાજ ભાણજી હોલ, મુલુંડ |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી નેમનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૮ ફેબ્રુઆરી થી ૦૨ માર્ચ ૨૦૨૫ | સાંયરા તીર્થ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલન સાંયરામાં |

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી કરણ અનિલભાઈ ગાલા (તેરા- બેંગ્લોર)**


## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



KDO SANJIVANI

# કેડીઓ સંજીવની

## માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે


**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુલાબચંદ ખોના**
તા.૨૯ ડિસેમ્બર (ઉ.૮૨)
જખૌ-મુલુંડ



**જયંતભાઈ ખોના**
તા.૧ જાન્યુઆરી (ઉ.૭૩)
તેરા-ડોંબિવલી




**મણીબેન લોડાયા**
તા.૧ જાન્યુઆરી
સુથરી-અંજાર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● સૂર્ય પ્રકાશ વડે વીજળી પેદા કરવાની કેન્દ્ર સરકારની સૂર્યોદય યોજના અમલમાં આવ્યા પછી શરૂઆતમાં નબળા પ્રતિસાદ પણ હવે ધીમે ધીમે જાગૃતિ આવી રહી છે. અને અનેક ઘરો વીજ ઉત્પાદન માટે આત્મનિર્ભર બની રહ્યાં છે. કચ્છમાં ભુજ એકમાત્ર એવું શહેર છે. જ્યાં ઘરની છતો ઉપર લાગેલી સોલાર પ્લેટ વડે ૨૨ મેગાવોટ વીજળી પેદા કરતાં જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. ભુજ સર્કલ હેઠળ અત્યાર સુધી ૧૩૪૨૩ ગ્રાહકો પોતાના ઘરોમાં સોલાર પેનલ લગાવી છે. તો ભુજ સબ ડિવીઝનમાં ૯૧૫૦ ગ્રાહકો આ સૂર્યોદય યોજનામાં જોડાયા છે. ૧ કિલો વોટ વાળા ઘરોની સંખ્યા વધુ છે એટલે ૨૨ મેગાવોટ વીજળી ભુજમાં ઉત્પાદિત થાય છે તે ૨૨ હજાર ઘરોમાં અજવાળું પાથરે છે. ભુજની સિવિલ હોસ્પિટલમાં દરરોજ એક મેગાવોટની ખપત છે. આમ આવી ૨૨ હોસ્પિટલોની વીજળીની ચિંતા મટે છે.

● ભુજ નજીક માધાપરના ચંચળિયા જતા હનુમાન માર્ગ પરના મહાપ્રભુજી નગર વિસ્તારમાં એક વિશાળ બાઉન્ડરી બાંધેલી જગ્યા પર છેલ્લાં બે વર્ષથી જીવદયા પ્રેમી યુવતી દેવાંગીબેન મહેતા ડોગ શેલ્ટર હોમ પપ્પી કડલ્સ નામથી સેવાભાવી સંસ્થા સ્થાપી ચલાવી રહ્યાં છે. હાલે એમાં દેશી અને વિદેશી પ્રકારના ૧૦૦ જેટલા શ્વાનો સારવાર લે છે. કુકમા સ્થિત રામકૃષ્ણ ટ્રસ્ટના મનોજભાઈ સોલંકી એ તેમની મોટી જમીન દાનમાં આપી છે. જ્યાં ડોગ સારવાર કેન્દ્ર શરૂ છે. આશાપુરા ફાઉન્ડેશને એક એમ્બ્યુલન્સ ભેટ આપી છે. દરમાસે શ્વાનોની સારવાર, દવા, ખોરાક અને નિભાવ પાછળ મહિને સાડાત્રણથી ચાર લાખનો ખર્ચ કરાય છે. ભવિષ્યમાં ઓપરેશન થિયેટર, એક્સ રે, બ્લડ ટેસ્ટ માટે લેબ સહિતની સુવિધા સજ્જ મોટી હોસ્પિટલ બનાવવાની નેમ છે. વધુમાં શ્વાનો માટે ઈલેક્ટ્રિક સ્મશાન બને તેવા પ્રયાસ પણ સાકાર કરાશે.

● રશિયાના પાટનગર મોસ્કો ખાતે યોજાયેલ વિશ્વ પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભુજના પિતા-પુત્ર નિખિલ મહેશ્વરી અને વત્સલ મહેશ્વરી પોત પોતાના વય અને વજન ગ્રુપમાં શાનદાર પ્રદર્શન કરીને વિશ્વ વિજેતા બન્યાં હતાં. વર્લ્ડ રો પાવર લિફ્ટિંગ ફેડરેશન આયોજિત સ્પર્ધામાં ૨૦ વર્ષીય વત્સલ ત્રણે વિભાગમાં ગોલ્ડ મેળવ્યો હતો. જ્યારે ૫૦ વર્ષીય નિખિલની સ્પર્ધા માસ્ટર બેની હતી. તેમાં ૪૯૫ કિલોગ્રામ વજન ઊંચકી તેમના વર્ગમાં વિજેતાનો ખિતાબ હાંસલ કર્યો હતો.

● અબડાસા તાલુકાના વાયોર ખાતે ૭૦ ના દાયકા અગાઉની વાયોર સત્સંગ ભજન મંડળ દ્વારા ગવાતા ધૂન, કીર્તન તથા ભજનની પ્રથા હાલે પણ અકબંધ રહી છે. હિંદુ-મુસ્લિમ એકતાના પુરાવા સમાન આ જૂની સંસ્કૃતિ જાળવી રાખવા તે સમયે વાયોર કે આજુબાજુ વિસ્તારમાં લાઈટ કે સાઉન્ડ સિસ્ટમ ન હતા. પેટ્રોમેક્સ, ફાનસ, ચીમનીની, કેરોસીન નાખીને અથવા તેલના દીવા બાળી આખી રાત ભક્તિભાવથી ભજન ગવાતા હતા. હાલે પણ અકબંધ પ્રથા અંતર્ગત વાયોરના બાપા દયાળુ નગર ખાતે પશુ પતિનાથ મંદિરે દર સોમવારે રાત્રે થતી સંતવાણીમાં દરેક ધર્મ જાતિના કલાકારો પોતાની સેવા રજૂ કરે છે.

● કચ્છના ૬૫ વર્ષની દીપકગિરિ આર ગોસ્વામી અને ૬૦ વર્ષીય જિતેન્દ્ર એ. પરમારે ભુજના ભૂતનાથ મહાદેવના દર્શન કરીને ૧૯૦૦ કિ.મી.ની મોટર સાઈકલથી યાત્રાનો આરંભ કરી બંન્ને પ્રૌઢ વયના સાહસિક ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ થઈ ઉતરાખંડ અને ત્યાંથી ચીનની સીમા નજીક આવેલા પંચ કૈલાસ અને આદિ કલાસ ઓમ પર્વત દશ દિવસમાં પહોંચ્યા. આ પહેલા બંન્ને સાહસિક કૈલાસ માન સરોવર, હિમાલયમાં શ્રીખંડ કૈલયા, શ્રી કિન્નર કૈલાસની યાત્રા પૂર્ણ કરી છે. આગામી સમયમાં તેઓ મણિ મહેશ કૈલાસ યાત્રા કરવાની ઈચ્છા ધરાવે છે.




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA